દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 184 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ વદ -૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 August 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૫ ઑગસ્ટ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મ્યૂલ બૅન્ક ખાતાં માટે એસઓપી ઘડો: સુપ્રીમ કોર્ટ

the ultimate OLD GOLD UPGRADE
TODAY'S GOLD RATE
₹ 13,185/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

### આવો આદેશ આરબીઆઈને આપવા સાથે ડિજિટલ ફ્રૉડ રોકવા પગલાં લેવાનું પણ કહ્યું: દરેક રાજ્ય અને બૅન્કે સાયબર ફ્રૉડના આંકડા હવે આપવા પડશે

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે ભારતીય રિઝર્વ બૅન્ક (આરબીઆઇ)ને મ્યૂલ અકાઉન્ટ્સ સહિતના બૅન્ક ખાતાંને સંબંધિત સાયબર ફ્રૉડ્સ સામે પગલાં લેવા સ્ટાન્ડર્ડ ઑપરેટિંગ પ્રૉસિજર (એસઓપી) તૈયાર કરવા અને તેને જાહેર કરવા મંગળવારે આદેશ આપ્યો હતો.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ ન્યાયાધીશ વી. મોહનની બનેલી બૅન્ચે સાયબર ફાઇનાન્શિયલ ફ્રૉડને રોકવા વિવિધ મુદ્દે નિર્દેશ આપ્યા હતા.

બૅન્ચે દરેક રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશો અને લૉ એન્ફૉર્સમેન્ટ એજન્સીઝને સાયબર ફાઇનાન્શિયલ ફ્રૉડનો ભોગ બનેલા લોકોની સમસ્યા ઉકેલવા અને તેઓએ ગુમાવેલા નાણાં જલદી પાછા અપાવવા ખાસ યંત્રણા ઘડી કાઢવા સૂચના આપી હતી.

સર્વોચ્ચ અદાલતે 'બનાવટી દસ્તાવેજો દ્વારા ડિજિટલ અરેસ્ટનો ભોગ બનતા લોકો' માટે કોઇની ફરિયાદ કે અરજી વિના જાતે જ કેસ હાથ ધરીને સંબંધિત આદેશ આપ્યા હતા.

બૅન્ચે આરબીઆઇને એસઓપીની નકલ બધી વડી અદાલતના રજિસ્ટ્રાર જનરલને આપવાનો હુકમ કર્યો હતો.

તેણે બધા રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને સાયબર ફાઇનાન્શિયલ ફ્રૉડ રોકવા માટેની યંત્રણાની માહિતી નાગરિકોને આપવાની સૂચના આપી હતી.

બૅન્ચે જણાવ્યું હતું કે બધી વડી અદાલતોના રજિસ્ટ્રાર જનરલે અન્ય નીચલી અદાલતોને સાયબર ફ્રૉડનો ભોગ બનેલા લોકોના નાણાં જલદી પાછા અપાવવાની પ્રક્રિયા અંગે જાણ કરવી પડશે.

રાજ્ય દીઠ અને બૅન્ક દીઠ સાયબર ફાઇનાન્શિયલ ફ્રૉડની અને ઉકેલાયેલા આવા કેસની સંખ્યા જણાવવા પણ હુકમ કરાયો હતો.

સર્વોચ્ચ અદાલતે સાયબર ફ્રૉડની તપાસમાં બૅન્ક ખાતાં સ્થગિત કરવા અને તેને લગતી સમસ્યા ઉકેલવા ઝડપી પગલાં લેવાની સૂચના આપી હતી.

બૅન્ચે ડિજિટલ અરેસ્ટ કૌભાંડ રોકવા અને તેનો ભોગ બનેલા લોકોના નાણાં પરત અપાવવા ઝડપી પગલાં લેવા કેન્દ્ર દ્વારા રચાયેલી ઇન્ટર-ડિપાર્ટમેન્ટલ કમિટીને બૅન્કો અને અન્ય નાણાકીય સંસ્થાઓ સાથે જરૂરી સલાહમસલત કરવાનો આદેશ આપ્યો હતો. (એજન્સી) ■

## અમેરિકાની વર્ક વિઝાની રિન્યૂઅલ ફીમાં ધરખમ વધારો કરવાની વિચારણા

### એચ-વનબી, એલ-વન વિઝા રિન્યૂઅલ ફી વધારવાની યોજનાથી ભારતીયો પર તવાઈ આવશે

નવી દિલ્હી: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનું વહીવટીતંત્ર એચ-વનબી અને એલ-વન વિઝા રિન્યૂઅલ (નવીનીકરણ)ની ફી વધારવાની યોજના ઘડી રહ્યું હોવાથી અમેરિકામાં હાલમાં આ વિઝા પર કામ કરી રહેલા કર્મચારીઓની પણ મુશ્કેલી વધશે.

અમેરિકામાં અત્યાર સુધી નવી એચ-વનબી અને એલ-વન વિઝા માટે જ ઊંચી ફી લેવાની જ જાહેરાત કરાઇ હતી, પરંતુ હવે આવા વિઝા ધરાવનારા વિદેશી કર્મચારીઓએ તેની વિઝા રિન્યૂઅલ માટે પણ વધુ ફી ચૂકવવી પડશે અને તેથી અમેરિકાની કંપનીઓ માટે પોતાની પાસેના હાલના વિદેશી કર્મચારીઓને નોકરીમાં ચાલુ રાખવાનું મોંઘું બનશે.

અમેરિકાના એચ-વનબી વિઝા રિલ્યૂઅલ કરાવવા ૨૦૨૫માં અરજી કરનારા વિદેશી કર્મચારીઓમાં ભારતીયોની સંખ્યા સૌથી વધારે હતી. અગાઉ,

(જુઓ પાનું ૨) ▶▶

## ટર્બ્યુલન્સ: ઍર ઈન્ડિયાની ફ્લાઈટ ૩૦૦ ફૂટ નીચે આવતા ૧૭ પ્રવાસીઓ ઘાયલ

નવી દિલ્હી: ઍર ઈન્ડિયાની ફૂકેટ-દિલ્હી ફ્લાઈટ મંગળવારે સંભવિત ટર્બ્યુલન્સને કારણે અચાનક ઊંચાઈ ગુમાવી ૩૦૦ ફૂટ નીચે આવી જતાં વિમાનમાં સવાર ૧૭ પ્રવાસી અને ચાર ક્રૂ મેમ્બર ઘાયલ થયા હતા. ઘાયલોને સારવારાર્થે ગુરુગ્રામસ્થિત મેદાન્તા હૉસ્પિટલ અને વસંત કુંજસ્થિત સ્પાઈનલ ઈન્જરી સેન્ટર ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. ઍર ઈન્ડિયાના જણાવ્યા અનુસાર ફૂકેટથી દિલ્હી આવી રહેલી એઆઈ-૨૩૭૯ ફ્લાઈટે મંગળવારે ટર્બ્યુલન્સની સ્થિતિનો સામનો કરવો પડ્યો હતો અને અચાનક ઊંચાઈ ગુમાવી ૩૦૦ ફૂટ નીચે આવી ગઈ હતી.

વિમાને અચાનક ઊંચાઈ ગુમાવતાં અમુક પ્રવાસીઓ અને ક્રૂ મેમ્બરોને નજીવી ઈજા થઈ હોવાનું તેમણે કહ્યું હતું.

જોકે વિમાને દિલ્હી ઍરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું હતું અને પ્રવાસીઓ તેમ જ ક્રૂ મેમ્બરોને સલામત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા.

કોઈને ગંભીર ઈજા ન થઈ હોવાનું

(જુઓ પાનું ૨) ▶▶

## તમિળનાડુના મુખ્ય પ્રધાનની ગર્લફ્રેન્ડ ત્રિશા વિશે કમેન્ટ: ઉદયનિધિની ધરપકડ, છુટકારો



**ધરપકડ:** અભિનેત્રી ત્રિષાને લગતી કહેવાતી વાંધાજનક 'દ્વિઅર્થી' ટિપ્પણી કરવા બદલ ચેન્નઈમાં તમિળનાડુના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન ઉદયનિધિ સ્ટાલિનની ધરપકડ બાદ તેમના ટેકામાં ભેગા થયેલા ટેકેદારો. (પીટીઆઇ)

ચેન્નઈ: તમિળનાડુના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન ઉદયનિધિ સ્ટાલિનની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર લોકપ્રિય અભિનેત્રી અને તમિળનાડુના મુખ્ય પ્રધાન થલપતિ વિજયની કથિત ગર્લફ્રેન્ડ ત્રિશા પર કથિત રીતે 'ડબલ મિનિંગ' ટિપ્પણી કરવા અને તેની ગરિમાને ઠેસ પહોંચાડવાનો આરોપ છે. પોલીસે જણાવ્યું હતું કે પૂછપરછ બાદ તેમને પોલીસ સ્ટેશન પરથી જામીન પર મુક્ત કરવામાં આવશે.

પોલીસ કાર્યવાહીનો વિરોધ કરવા માટે ઉદયનિધિના નીલાંકરઈસ્થિત નિવાસસ્થાનની બહાર ડીએમકેના કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થતાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ડીએમકેએ તરત જ મદ્રાસ હાઇ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી દાખલ કરી હતી. પીકે સેકર બાબૂ અને

(જુઓ પાનું ૨) ▶▶

## 'ત્રણ ભાષા ભણાવવા સીબીએસઇ પાસે નથી પૂરતા શિક્ષકો કે પૂરતાં પુસ્તકો'

### આ મામલે તાત્કાલિક સુનાવણી કરવાની માગ સાથે સુપ્રીમ કોર્ટમાં આવી દલીલ કરાઇ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટને મંગળવારે વિનંતી કરવામાં આવી હતી કે સીબીએસઈના એ નિયમને પડકારતી અરજીઓ પર તાત્કાલિક સુનાવણી કરે જેમાં નવમા ધોરણના વિદ્યાર્થીઓ માટે ત્રણ ભાષાઓનો અભ્યાસ કરવો ફરજિયાત બનાવવામાં આવ્યો છે. અરજીકર્તાઓમાંના એક તરફથી હાજર થયેલા વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણને મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચને જણાવ્યું હતું કે અરજીઓ પર બુધવાર અથવા ગુરુવારે સુનાવણી કરવામાં આવે કારણ કે શૈક્ષણિક સત્ર અગાઉથી શરૂ થઈ ચૂક્યું છે.

વકીલે દલીલ કરી હતી કે સીબીએસઈની નીતિ લાગુ કરવા માટે પૂરતા શિક્ષકો કે પૂરતા પુસ્તકો નથી. અરજી પર સીજેઆઈએ કહ્યું કે અમે જોઈશું. અગાઉ, સુપ્રીમ કોર્ટે શિક્ષણ બોર્ડની નીતિને

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકામાં અંદરોઅંદર જ ડખો: ટ્રમ્પની દસ ટકા ટૅરિફને પચીસ રાજ્યોએ કોર્ટમાં પડકારી

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત સહિતના ૬૦ દેશ પર અમેરિકાના ૧૯૭૪ના વેપાર ધારા (ટ્રેડ ઍક્ટ)ની કલમ ૩૦૧ હેઠળ લાદેલી ટૅરિફને અમેરિકાના પચીસ રાજ્યે સોમવારે અદાલત (યુએસ કોર્ટ ઑફ ઇન્ટરનેશનલ કોર્ટ)માં પડકારી હતી. વેપાર ધારાની કલમ ૩૦૧ હેઠળ ભારત પર ૧૦ ટકા ટૅરિફ લદાઇ છે. આ ઉપરાંત, ભારત પર વધારાની અન્ય ટૅરિફ લાદવાની હિલચાલ ચાલુ જ છે.

અમેરિકાએ વેઠિયા મજૂરોની સમસ્યા ઉકેલવામાં ભારત સહિતના ૬૦ દેશ નિષ્ફળ ગયા હોવાનો આક્ષેપ કરીને ગયા મહિને નવેસરથી ૧૦ ટકાથી ૧૨.૫ ટકા ટૅરિફ લાદી હતી.

અગાઉ, ટ્રમ્પે બધા દેશથી આયાત કરાતા માલસામાન પર

(જુઓ પાનું ૨) ▶▶

## ટ્રમ્પે ઈરાન-મંત્રણામાંથી પાકિસ્તાનની બાદબાકી કરી

કાઇરો: બ્રિટિશ મેરિટાઇમ મોનિટરિંગ એજન્સીએ જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટમાં ઓમાનના દરિયાકાંઠે રાત્રે એક કાર્ગો જહાજ પર કોઈ એક ચીજથી (પ્રોજેક્ટાઈલ)થી હુમલો કરવામાં આવ્યો હતો. બીજી તરફ બંન્ને દેશો વચ્ચે કોઈ વાતચીત થઈ રહી છે કે નહીં તેને લઈને ઈરાન અને અમેરિકા અલગ અલગ દાવાઓ કરી રહ્યા છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે બંને પક્ષ યુદ્ધને સમાપ્ત કરવા માટે વાતચીત ફરીથી શરૂ કરી રહ્યા છે. પરંતુ ઇરાને ભારપૂર્વક જણાવ્યું હતું કે તે ફક્ત ઓમાન સાથે વાત કરી રહ્યું છે અને ચર્ચા હોર્મુઝ સ્ટ્રેટ પર કેન્દ્રિત છે.

અમેરિકા અને ઇરાન વચ્ચે ફરી વાતચીત શરૂ કરવાના પ્રયાસો વચ્ચે પાકિસ્તાનની કથિત મધ્યસ્થતાને લઈને મોટો સવાલ ઊભો થયો છે. અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે ઇરાન સાથે વાતચીતની પહેલ તેમના કહેવાથી થઈ રહી છે અને તેમાં સઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત તથા કતારની મહત્વની ભૂમિકા છે. ખાસ વાત એ રહી કે આ વખતે ટ્રમ્પે પાકિસ્તાનનું નામ ન લીધું.

ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે ઈરાન સાથે વાટાઘાટો ફરી શરૂ થઈ છે. ટ્રમ્પે કહ્યું કે તેમણે ગલ્ફ સાથી કતાર, સઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતના વિંનંતી પર ઇરાન પર હુમલો ટાળી

(જુઓ પાનું ૨) ▶▶

## મોદીની પોસ્ટ હટાવી

## ફેસબુકની ગ્લોબલ ટીમ જવાબ આપવા ભારત આવશે

નવી દિલ્હી: કેન્દ્ર સરકારે મેટા સામે કડક વલણ અપનાવ્યું છે અને તેની ગ્લોબલ ટીમને જવાબ આપવા માટે ભારત બોલાવી હતી. આઇટી સચિવ એસ. કૃષ્ણને મંગળવારે જણાવ્યું હતું કે આજે અને આવતીકાલે સરકાર મેટાની ગ્લોબલ ટીમ સાથે બાળ જાતીય શોષણ અને ઉત્પીડન (સીએસએએમ) મામલાઓના ઉકેલથી લઈને મુખ્ય અકાઉન્ટ્સ પર ખોટી કાર્યવાહી સુધીના મુદ્દાઓ ઉઠાવશે.

આગામી બેઠક મહત્ત્વપૂર્ણ છે કારણ કે સરકારે મેટાના ટોચના ગ્લોબલ અધિકારીઓને સમન્સ પાઠવ્યું છે. સરકારે આ સમન્સ તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પોસ્ટ ફેસબુકે હટાવ્યા બાદ પાઠવવામાં આવ્યું હતું જેમાં મોદીએ ભારતીય યુવાઓને સંબોધિત કર્યા હતા અને પેપર લીકના મામલામાં કડક કાર્યવાહીનું વચન આપ્યું હતું પરંતુ આ પોસ્ટને થોડા સમય માટે પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવી હતી. જોકે બાદમાં મેટાએ આ પોસ્ટને રિસ્ટોર કરી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બેઠકમાં

(જુઓ પાનું ૨) ▶▶

## ચેક બાઉન્સ મામલે કંપનીને પક્ષકાર ન બનાવ્યા તો ફરિયાદ અસ્વીકાર્ય: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કંપની એક 'ન્યાયિક વ્યક્તિ' હોય છે. કોર્ટે ચેક બાઉન્સ મામલામાં એક મહિલા વિરુદ્ધ ચાલી રહેલી ફોજદારી કાર્યવાહી રદ કરી દીધી છે. કોર્ટે કહ્યું કે જો કંપનીને આ મામલામાં પક્ષકાર બનાવવામાં નથી આવી તો ડિરેક્ટર અથવા અધિકૃત સહી કરનાર સામે ફરિયાદ કરી શકાય નહીં.

જસ્ટિસ મનોજ મિશ્રા અને જસ્ટિસ વિજય બિશ્નોઈની બેન્ચે હિમાચલ પ્રદેશ હાઇ કોર્ટના એ આદેશને રદ કરી દીધો હતો જેમાં ટ્રાયલ કોર્ટે કંપનીને મામલામાં પક્ષકાર બનાવવાનું કહેવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટે આરોપી તરફથી હાજર રહેલા એડવોકેટ અશ્વિની કુમાર દુબેની દલીલની નોંધ લીધી હતી. દુબેએ કહ્યું હતું કે જ્યારે કોઈ કંપની નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ (એનઆઈ) એક્ટની કલમ ૧૩૮ હેઠળ

(જુઓ પાનું ૨) ▶▶

## મદરેસાનું શિક્ષણ આતંકવાદી જેવી માનસિકતા વિકસાવે છે: યુપીના નાયબ મુખ્ય પ્રધાન

લખનઊ: ઉત્તર પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન કેશવ પ્રસાદ મૌર્યએ મંગળવારે એવો દાવો કરીને વિવાદ ઉભો કર્યો હતો કે મદરેસાઓમાં શિક્ષણ મેળવનારા લોકો આતંકવાદી જેવી માનસિકતા વિકસાવે છે.

મંગળવારે વિધાન ભવનમાં પત્રકારો સાથે વાત કરતા મૌર્યએ કહ્યું હતું કે, જે કોઈ મદરેસાનું શિક્ષણ મેળવે છે તે 'ભારત માતા કી જય' નથી ગાતો કે 'વંદે માતરમ' ગાતો નથી, અને આતંકવાદી જેવી માનસિકતા વિકસાવે છે.

બારાબંકીમાં મદરેસા ચલાવતા મૌલાના ઇમામ મકબૂલે મૌર્યના નિવેદનને સંબોધિત કરતા કહ્યું હતું કે મદરેસાઓ ફક્ત પવિત્ર કુરાનમાં જ નહીં પરંતુ ઉર્દૂ, હિન્દી, ઇતિહાસ, અંગ્રેજી, વિજ્ઞાન, ગણિત અને

(જુઓ પાનું ૨) ▶▶

અંક ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ પ્રેરક પંચાંગ
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર
કિંમત: ₹ ૧૦૦/-
આરંભ ઈ.સ. ૧૮૧૪ વર્ષ ૨૧૩
પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૩-૮૪ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૮-૪૯ ■ ઈ.સ. તા. ૧૦-૧૧-૨૦૨૬ થી તા. ૨૬-૦૩-૨૦૨૮



માહિતી માટે સંપર્ક કરો: ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
મુંબઈ સમાચાર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬

## નકવી-મુનીર મળીને શાહબાઝ શરીફને સત્તા પરથી ઊથલાવશે?

ઈસ્લામાબાદ: પાકિસ્તાનમાં ફરી એકવાર સત્તા પરિવર્તનની ગતિવિધિઓ તેજ બની ગઈ છે. ગૃહ પ્રધાન અને પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડ (પીસીબી)ના પ્રમુખ મોહસિન નકવીએ દેશના શાસનને સંપૂર્ણપણે નિષ્ફળ અને દેશનું સૌથી મોટો ગોટાળો ગણાવતાં પાકિસ્તાનમાં રાજકીય ભૂકંપ આવ્યો છે.

નકવીએ ન્યાયાધીશો, રાજકીય નેતાઓ અને વહીવટી અમલદારો પર ૨૧ વર્ષથી લાંચ લેતા હોવાનો આક્ષેપ કરી તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.

પાકિસ્તાની સેનાના પ્રમુખ અસીમ મુનીરનું પીઠબળ ધરાવતા નકવી દ્વારા શાહબાઝ શરીફ સરકારને સીધો પડકાર કરવામાં આવી રહ્યો છે.

પાકિસ્તાન ઈકોનોમિક સમિટમાં નકવીએ ખુલ્લેઆમ જણાવ્યું હતું કે દેશનો દાયકાઓ જૂનો વહીવટી ઢાંચો સંપૂર્ણપણે ધ્વસ્ત થઈ ગયો છે.

પ્રસારમાધ્યમને આપેલી મુલાકાતમાં તેમણે દાવો કર્યો હતો કે પાકિસ્તાનના ઈતિહાસનો સૌથી મોટો ગોટાળો બહાર આવ્યો

(જુઓ પાનું ૨) ▶▶

## શેખ હસીનાની પ્રેસ કૉન્ફરન્સ સાથે નથી કોઈ લેવાદેવા: ભારત

નવી દિલ્હી: બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાં પ્રધાન શેખ હસીના આ અઠવાડિયે પ્રસારમાધ્યમ સાથે વાતચીત કરવાના હોવા અંગે સ્પષ્ટતા કરતા ભારતે મંગળવારે જણાવ્યું હતું કે તેમનાં આ કાર્યક્રમ સાથે ભારતને કોઈ લેવાદેવા નથી.

ઢાકામાં થયેલા સરકાર વિરોધી આંદોલન બાદ દેશ છોડ્યાના બે વર્ષ બાદ શેખ હસીને પહેલી વાર પ્રસારમાધ્યમ સાથે વાતચીત કરવાનાં છે.

શેખ હસીના ફોરેન કોરસપોન્ડન્ટ્સ ક્લબમાં યોજાનારી વર્ચ્યુઅલ પ્રેસ કૉન્ફરન્સને સંબોધવાનાં છે. બાંગ્લાદેશે આ મામલે ભારત સરકાર પાસે સોમવારે ખુલાસો માગ્યો હતો.

ભારતની ભૂમિ પર યોજાનારો આ જાહેર કાર્યક્રમ છેલ્લા કેટલાક મહિનાઓમાં બંને દેશ વચ્ચેના સંબંધોમાં જોવા મળેલા સકારાત્મક વાતાવરણને અસર પહોંચાડી શકે એમ હોવાનું બાંગ્લાદેશના વડા પ્રધાન તારીક રહેમાનના વિદેશની બાબતોના સલાહકાર હુમાયુ કબિરે જણાવ્યું હતું. ભારતના વિદેશ બાબતોના

(જુઓ પાનું ૨) ▶▶

વેજ-જૈન લંચ-ડીનર,૪*હોટલ
VIETNAM-SAPA
દનાંગ,હનોઇ,હોચીમીંચ,ક્રુઝ,દિ.૧૧ ઉ.૨૯ સપ્ટે.,ઓક્ટો.થી માર્ચ ALL INCLUSIVE
VIETNAM-PHU QUOC
SAPA-DANANG-HANOI-CRUISE Rs.1,85,000
17/9, 3/11, 19/12 THIS PRICE IS VALID ONLY FOR LAST 20 PAX BOOKING PREMIUM AIRLINES
સીંગાપોર-ક્રુઝ મલેશીયા ૩નવે,જાન્યુ
નેપાલ-યુપી ઉ.૧ નવે, ૨ ડિસે, દિ.૮/૧૧
આસામ-મેઘાલય-અરુણાચલ
તવાંગ,કાઝીરંગા,ચેરાપુંજી,દાવકી ગુવહાટી,દિ.૧૧, NEW URBANIA TRAVELLERS
3/4*હોટલ્સ ઉ.૨૨/૧૦,૧/૧૧,૧૧/૧૧,૨૪/૧૨
આપણાં જ મહારાજ દ્વારા બનાવેલ વેજ/જૈન સ્વાદિષ્ટ ભોજનો
ઉત્તરાખંડ ચારધામ ૨૮/૯,૨૨/૧૦
અયોધ્યા-કાશી પ્રયાગરાજ સપ્ટે થી માર્ચ ચિત્રકૂટ OPT
દાર્જીલીંગ સીક્કીમ ૧૦નવે,૧૧ડીસે
દુબઈ-આબુધાબી નવે,ડીસે દિ.૮/૯
SPL. RATE કેરાલા 10/8, 18/9, 27/9, NOV પુવાર, જટાયુ સાથે
ગ્રુપ-મંડળ-સંસ્થાના પ્રવાસો માટે પ્રખ્યાત
SINCE 2001 નીરવ સંઘવી સંચાલીત
વિનાયક ટુર્સ
9930716930/9137946753
9820093130/9137169164
૮,વલ્લભ,મહાવીરનગર,કાંદીવલી(વે)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદી માટે ગંદી ભાષા અક્ષમ્ય, પણ કંગના-દુબેનું શું?

**કૉક્રોચ** જનતા પાર્ટી (સીજેપી)ના નીક પેપર લીક મુદ્દે થયેલા આંદોલન દરમિયાન કેટલાક આંદોલનકારીઓએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમનાં માતા માટે ગંદી ભાષા વપરાઈ તેનો મુદ્દો ચર્ચામાં છે. મોદીએ રીલ બનાવીને આ મુદ્દો છેડ્યો પછી અચાનક જ જેન-ઝીની આ હરકતોની ટીકા કરવાનો વાવર ચાલ્યો છે. ભાજપના નેતા તો જેન-ઝીની ગાળાગાળીની ટીકા કરી જ રહ્યા છે પણ ધીરેન્દ્ર શાસ્ત્રીથી માંડીને ભૂમિ પેડણેકર સહિતની કોઈ પૂછતું નથી એવી કહેવાતી સેલિબ્રિટીઝ જેન-ઝીની આ હરકતની ટીકા કરી રહ્યાં છે.

આ દેશના યુવાઓએ વડા પ્રધાન માટે કે તેમનાં માતા માટે અપમાનજનક ભાષા ના જ વાપરવી જોઈએ. કોઈ પણ વ્યક્તિ માટે અભદ્ર કે અશ્લીલ ભાષા સભ્ય સમાજનું લક્ષણ નથી જ એ જોતાં કેટલાક યુવાઓએ વાપરેલી ભાષાનો બચાવ થઈ શકે તેમ નથી. આ ભાષાપ્રયોગને નાદાનિયતમાં પણ ના ખપાવી શકાય કેમ કે ૧૫-૧૭ વર્ષનાં છોકરા-છોકરીને નાદાન ના ગણી શકાય.

આ દેશમાં ૧૮ વર્ષની ઉંમરે યુવાઓને મતદાનનો અધિકાર મળે છે ને તેનાથી પણ નાની ઉંમરે એ લોકો રીલેશન્સમાં હોય છે. યુવાઓ પોતાની અંગત જિંદગીના નિર્ણયો લેવામાં પોતાની મરજી ચાલે એ સ્વતંત્રતામાં માનતા હોય તો કોના માટે કેવી ભાષા વાપરવી તેની સમજ પણ તેમનામાં હોવી જ જોઈએ. અધિકારની સાથે ફરજની સભાનતા પણ હોવી જ જોઈએ ને પરિપક્વતા પણ હોવી જ જોઈએ.

આંદોલન સાથે સંકળાયેલો યુવાઓનો એક વર્ગ આ પરિપક્વતા ના બતાવી શક્યો, આ દેશના વડા પ્રધાન માટે ગંદી ભાષા વાપરીને વિવેક ચૂક્યો એ અક્ષમ્ય કહેવાય. નરેન્દ્ર મોદીએ મોટપ બતાવીને તેમને માફ કરી દીધા ને તેમની હરકતોને નાદાનિયતમાં ભલે ખપાવી પણ આ નાદાનિયત નથી એ જોતાં તેમનો બચાવ થઈ શકે તેમ નથી. આશા રાખીએ કે, યુવા પેઢી આ ઘટનાઓમાંથી બોધપાઠ શીખશે, ભવિષ્યમાં આવી ગંદી ભાષા વાપરવાથી દૂર રહેશે. બાકી આ દેશમાં કાયદો છે જ ને કાયદા પ્રમાણે કામ થાય તો કોઈના પર દોષારોપણ નહીં કરી શકાય.

જો કે મુખ્ય સવાલ એ છે કે, આપણે માત્ર યુવાઓની જ ટીકા કરીશું ? આ આંદોલન વખતે ભાષાનો બધો વિવેક બાજુ પર મુકાઈ ગયેલો ને માત્ર આંદોલનકારીઓએ જ આ વિવેક બાજુ પર મૂકી દીધેલો એવું નથી. સીજેપીના આંદોલન વખતે ભાજપના નેતાઓ અને ભાજપ સમર્થકોએ યુવાનોને દેશદ્રોહી ગણાવ્યા, તેમના માટે ગંદી નહીં પણ અસભ્ય અને અશ્લીલ કોમેન્ટ્સ કરી તેનું શું ?

ભાજપના સાંસદ નિશિકાન્ત દુબેએ ૨૩ જુલાઈએ સંસદની બહાર કહેલું કે, આ આંદોલન હવે દેશદ્રોહી પરિબળો ચલાવી રહ્યાં છે ? દુબેએ ખુલ્લેઆમ અભિજિત દીપકે અને તેમના સાથીઓને દેશદ્રોહી ગણાવી દીધા ને તેની કોઈ સેલિબ્રિટી કેમ ટીકા કરતી નથી ? આ દેશના યુવાઓ દેશદ્રોહી છે ? કોઈના પર દેશદ્રોહીઓના એજન્ટ હોવાનું આ મૂકવાથી મોટું કોઈ આળ ના હોઈ શકે. કોઈ પણ પ્રકારના પુરાવા વિના દેશના યુવાઓને દેશદ્રોહી ગણાવનારા દુબે જેવા નમૂના સામે કેમ કોઈ કશું બોલતું નથી ? દુબેના સંસ્કારની કોઈ વાત કેમ કરતું નથી?

કંગના રનોત ભારતની જેન-ઝીને ગટર જનરેશન ગણાવીને કહ્યું કે, આંદોલનમાં સામેલ છોકરીઓ બેફામ સેક્સ માણે છે, દારૂ પીવે છે ને ડ્રગ્સ લે છે. આ દેશની ભાવિ પેઢી માટે આટલા ગંદા શબ્દો વાપરનારી કંગનાને ના ભાજપે ઠપકો આપ્યો કે નથી કોઈ સંસ્કાર-સંસ્કૃતિની વાતો કરનારા જ્ઞાની બાબાઓ કશું બોલતા.

કંગના જેવી બે બદામની નટી આપણાં સંતાનોને ગટર જનરેશન કહે, આપણી દીકરીઓને સ્વચ્છંદી ને નશેડી ગણાવે તેની ટીકા કરવા માટે કેમ કોઈ આગળ આવતું નથી ? કંગનાએ તો જેન-ઝીનું નહીં પણ તેમનાં માતા-પિતાનું ઘોર અપમાન કરી નાખ્યું. આપણે વિચારવું જોઈએ કે, આપણે ગટર જનરેશન પેદા કરી છે ? કંગના જેવું છાપેલું કાટલું આપણા સંતાનોને આટલી મોટી ગાળ આપે ને આપણે ચૂપ રહીએ તેના કરતાં વધારે મોટી માનસિક નપુંસકતા બીજી કઈ કહેવાય ?

નિશિકાન્ત દુબે અને કંગના ભાજપ સાંસદો છે તેથી તેમના બકવાસની વાતો કરી પણ એ સિવાય બીજા ઘણા નમૂનાઓએ જેન-ઝી વિશે એલફેલ ભાષા વાપરી છે. આંદોલનને તોડી પાડવા માટે મેદાનમાં આવેલા ભાજપ સમર્થકોએ ૧૮-૨૦ વર્ષની દીકરીઓનાં કપડાં કાઢીને નગ્ન કરીને શું શું કરવાનું કહ્યું તેના પણ વીડિયો છે. આંદોલનમાં સામેલ દીકરીઓ માટે અહીં લખી ના શકાય એવી ભાષાના વીડિયો પણ ફરી રહ્યા છે ને એઆઈ જનરેટેડ ફોટો પર વિકૃત્તિની ચરમસીમા જેવી કમેન્ટ્સ કરીને દીકરીઓનું ચારિત્ર્યહનન કરનારા હલકટોની પોસ્ટ પણ ઉપલબ્ધ છે જ. આ 'મહાસંસ્કારી' લોકોની ટીકા કરવા કેમ કોઈ આગળ આવતું નથી ને જેન-ઝીને જ સંસ્કાર ને સભ્યતાના પાઠ ભણાવાય છે ?

બીજું એ કે નીટનું પેપર લીક થયું એ વાત ધર્મેન્દ્ર પ્રધાન સ્વીકારવા જ તૈયાર નહોતા. અઠવાડિયાં લગી તેમણે પેપર લીક થયું જ નથી એ રેકર્ડ વગાડીને બચાવ કર્યો. નક્કર પુરાવા સામે મુકાયા પછી છૂટકો નહોતો એટલે છેક નવ દિવસ પછી પ્રધાને પેપર લીક થયાની વાત જખ મારીને સ્વીકારવી પડી. કોઈ શાણો માણસ હોય તો તપાસ કર્યા પછી ચોક્કસ નિવેદન કરીશ એવું કહે પણ ધર્મેન્દ્ર પ્રધાન આખા દેશ સામે જૂઠાણું ચલાવતા રહ્યા. કોઈ તેની ટીકા નથી કરતું ને આ જૂઠ્ઠા માણસે દેશનાં લોકોની માફી માગવી જોઈએ એવું કહેતું નથી. નીટના પેપર લીકના કારણે ૨૧ વિદ્યાર્થીઓએ આપઘાત કરી લીધો. આ વિદ્યાર્થીઓના પરિવારોની માફી કોણ માગશે ? આ મુદ્દે કોઈ બોલતું નથી.

મોદીએ પોતાના માટે વપરાયેલી ગંદી ભાષા માટે પોતે યુવાઓને માફ કરે છે તેની રીલ બનાવીને મૂકી પણ તેમની જ પાર્ટીના સાંસદો જેન-ઝીને દેશદ્રોહીઓના એજન્ટ ગણાવે, ગટર જનરેશન ગણાવે, સેક્સ મેનિયાક ગણાવે કે બીજી ગાળો આપે તેની ટીકા ના કરી. તેનો અર્થ એ થયો કે, આ ભાષાને મોદીની મંજૂરી છે. ભાજપના આઈટી સેલે આંદોલનકારીઓ માટે કરા ગંદા આક્ષેપો ને ભાજપ સમર્થકોએ વાપરેલી ગંદી ભાષાને તેમનું સમર્થન છે. એવું ના હોય તો મોદીએ જેન-ઝી માટે વપરાયેલી ગંદી ભાષાની પણ ટીકા કરવી જોઈએ, જેમણે આ ગંદી ભાષા વાપરી તેની સામે કેસ કરાવવા જોઈએ ને નિશિકાન્ત દુબે તથા કંગના જેવા ભાજપના હલકટો સામે પગલાં લેવાં જોઈએ.

મોદી આખા દેશના વડા પ્રધાન છે, ખાલી ભાજપ કે ભાજપ સમર્થકોના નથી તેથી દેશની યુવા પેઢી માટેની ગંદી ભાષા ના ચલાવવી જોઈએ, પોતાના માટે ગંદી ભાષા વપરાય તેનાથી તેમને દુઃખ થતું હોય તો આપણી યુવા પેઢીને પણ દુઃખ થાય જ એ વાત તેમને સમજાવી જોઈએ. યુવા પેઢીને 'ફ્રેન્ડ' માનતા હોય તો આ 'ફ્રેન્ડ્ઝ'ની લાગણીને મોદી સમજશે એવી આશા રાખીએ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌરવર્ષાઋતુ, બુધવાર, તા. ૫-૮-૨૦૨૬, કાલાષ્ટમી, શીતલા સપ્તમી (ઓરિસ્સા)

- ભારતીય દિનાંક ૧૪, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ વદ -૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ વદ -૭
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૨મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર અશ્વિની રાત્રે ક. ૨૧-૧૭ સુધી, પછી ભરણી
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૩, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૫-૫૦. મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૦ (તા. ૬)
- ઓટઃ ક. ૦૯-૩૮, રાત્રે ક. ૨૨-૨૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, આષાઢ કૃષ્ણ – સપ્તમી. શીતલા સપ્તમી (ઓરિસ્સા), કાલાષ્ટમી, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૯-૨૫. બુધ કર્કમાં ક. ૧૯-૪૦. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ અશ્વિની કુમાર દેવતાનું પૂજન, શિવ-પાર્વતી પૂજા, સપ્તસતી પાઠ વાંચન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, નિત્ય થતાં દુકાન-વેપાર પશુ લે-વેંચના કામકાજ, ધાન્ય ભરવું, માલ લેવો, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-મિથુન, માર્ગી બુધ-મિથુન/કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## ભારતમાં અનેક વોટ્સએપ અકાઉન્ટ ઓચિંતા બ્લોક થયાં

નવી દિલ્હીઃ ભારતમાં સોમવારે સાંજે ઘણા યુઝરના વોટ્સએપ અકાઉન્ટ અન્ડર રીવ્યૂનું કારણ આપીને ૨૪ કલાક માટે બ્લોક કરાયા હતા. આ દરમિયાન યુઝર્સ એપના ઘણા મહત્વપૂર્ણ ફિચર્સનો ઉપયોગ કરી શક્યા નહીં. ઘણા યુઝર્સે જણાવ્યું કે કોઇ પણ અગાઉની ચેતવણી વગર તેમના અકાઉન્ટને 'અન્ડર રીવ્યૂ' હેઠળ મૂકી દેવામાં આવ્યા.

આ પગલાથી ભારત સહિત અનેક જગ્યાએ લોકો પરેશાન થઈ ગયા અને સોશ્યલ મીડિયા પર પોતાની ફરિયાદો પણ નોંધાવી. આ મુશ્કેલી પછી ઘણા પ્રભાવિત યુઝર્સે સોશિયલ મીડિયામાં પોતાની સમસ્યા શેર કરી અને એ જાણવાનો પ્રયત્ન કર્યો કે તેમના અકાઉન્ટ પર આ કાર્યવાહી કેમ થઈ.

આ ઉપરાંત એપમાં યુઝર્સને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવાની સૂચનાઓ અને ચોરાયેલા ફોન કે એકાઉન્ટ્સ સાથે જોડાયેલી માહિતીના વિકલ્પો પણ દેખાડવામાં આવ્યા. ઘણા લોકોએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોતાનો રોષ વ્યક્ત કર્યો. એક યુઝરે કહ્યું કે તેનું એકાઉન્ટ વગર કોઈ કારણસર બંધ કરી દેવામાં આવ્યું છે અને અપીલ કર્યા પછી પણ માત્ર સામાન્ય સંદેશ જ દેખાઈ રહ્યો છે.

## વૈષ્ણોદેવી બનાવટી ચાંદી વિવાદઃ જમ્મુ કોર્ટે અહેવાલ માગ્યો

જમ્મુઃ જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લાસ્થિત શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન સાથે સંકળાયેલા કથિત ૫૦૦ કરોડ રૂપિયાની બનાવટી ચાંદી સંબંધિત કેસની તપાસનો વિગતવાર અહેવાલ સુપરત કરવા અહીંની અદાલતે જણાવ્યું છે અને પુરાવાઓની જાળવણીની માગણી કરતી અરજીને મામલે કાર્યવાહી કરવાનો વહીવટકર્તાઓને આદેશ આપ્યો છે.

કેસ સંબંધિત ફિઝિકલ, દસ્તાવેજી અને ડિજિટલ પુરાવાઓની તાત્કાલિક જાળવણી કરવાની માગણી કરતી ઍડવોકેટ દીપક શર્માની અરજીની ૨૯ જુલાઈએ સુનાવણી કરતા ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (સીજેએમ-જમ્મુ) મુનિશકુમારે આ આદેશ આપ્યો હતો.

શર્માએ અગાઉ ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ (આઈજીપી), ક્રાઈમ બ્રાન્ચ, જમ્મુ અને સિનિયર સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ (એસએસપી), ક્રાઈમ બ્રાન્ચ, આર્થિક ગુના શાખા, જમ્મુ સમક્ષ દાખલ કરેલી ફરિયાદમાં મંદિરમાં ભક્તો દ્વારા દાન કરવામાં આવેલી અંદાજે ૨૦ ટન ચાંદીમાં ભેળસેળ, બદલાવ, ચોરી અને ગેરવહીવટ થયો હોવાનું જણાવ્યું હતું.

આ ચાંદીની અંદાજિત કિંમત ૫૫૦ કરોડ રૂપિયા જેટલું હોવાનું તેમણે કહ્યું હતું. અરજીમાં બાકી રહેલી ચાંદી, ચાંદીની વસ્તુઓ અને તેના નમૂનાઓના સ્ટોક અને અન્ય રેકોર્ડ સુરક્ષિત રાખવાની પણ માગણી કરવામાં આવી હતી. (એજન્સી)

## આસારામને હૉસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથીઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટને મંગળવારે જાણ કરવામાં આવી હતી કે એઇમ્સના નિષ્ણાતોએ સૂચવ્યું છે કે સ્વ-ઘોષિત ધર્મગુરુ આસારામને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી પરંતુ તેમને ચોવીસ કલાક તબીબી સહાયની જરૂર છે.આ દરમ્યાન મંગળવારે રાજસ્થાનના હાઇ કોર્ટે આસારામને ૨૦ દિવસના પરૉલ આપ્યા હતા.

જસ્ટિસ એમ. એમ. સુંદરેશ અને પી. બી. વરાલેની બેન્ચને સ્વાસ્થ્યનાં કારણોસર વચગાળાના જામીનની માગ કરતી આસારામની અરજીની સુનાવણી કરતી વખતે ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (એઇમ્સ)ના રિપોર્ટથી વાકેફ કરવામાં આવ્યા હતા. રાજસ્થાન સરકાર તરફથી હાજર રહેલા એક વકીલે કહ્યું, એઇમ્સનો રિપોર્ટ કહે છે કે કોઈ પણ હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી, તેમને (આસારામ) બધી તબીબી સુવિધાઓ મળી રહી છે.આસારામનું પ્રતિનિધિત્વ કરતા વકીલે કહ્યું કે રિપોર્ટ સંપૂર્ણ રીતે વાંચવો પડશે. બેન્ચે આ કેસની સુનાવણી છઠ્ઠી ઓગસ્ટના રોજ મુલતવી રાખી હતી.૨૧ જુલાઈના રોજ, સુપ્રીમ કોર્ટે એઇમ્સને આસારામની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે એક મેડિકલ બોર્ડ બનાવવા કહ્યું હતું.રાજસ્થાન હાઇ કોર્ટે ૨૭ મેના રોજ ૨૦૧૩માં એક સગીરા પર બળાત્કારના કેસમાં આસારામને ફટકારવામાં આવેલી સજા અને આજીવન કેદની સજાને યથાવત રાખી હતી.સર્વોચ્ચ અદાલતે ૩૦ જૂનના રોજ, હાઇ કોર્ટના આદેશને પડકારતી આસારામની અરજી પર રાજસ્થાન સરકાર પાસેથી જવાબ માગ્યો હતો.

## ઇ-૨૦ મુદ્દે કેજરીવાલના પીએમ આવાસના રસ્તા પર ધરણાં

નવી દિલ્હીઃ અરવિંદ કેજરીવાલે મંગળવારે ઇ-૨૦ પેટ્રોલ વિરુદ્ધ કથિત ૨.૩૦ લાખથી વધુ અરજી સાથે વડા પ્રધાન નિવાસસ્થાન તરફ કૂચ કરી હતી, પરંતુ દિલ્હી પોલીસે તેમને અટકાવ્યા બાદ તેણે અને પાર્ટીના નેતાઓએ ફિરોઝ શાહ રોડ પર ધરણાં કર્યા હતા અને મિશ્રિત બળતણ નીતિ સામે ઉગ્ર આંદોલનનું આહ્વાન કર્યું હતું.

ઇ-૨૦ પેટ્રોલથી અસરગ્રસ્ત થયેલા વાહન માલિકો સહિત લગભગ ૧૦૦ જણ સાથે શરૂ થયેલી આ કૂચમાં વિરોધીઓ માથા પર અરજીઓના બંડલ લઈને કેન્દ્રની ઇથેનોલ-મિશ્રિત બળતણ નીતિ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા.

વિરોધીઓએ ટ્રમ્પ કી ગુલામી બંધ કરો, ઇથેનોલ ખરીદના બંધ કરો, અને પેટ્રોલ ચોર કહા મિલેંગે, ભાજપ કે દફતર મેં જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા. કેજરીવાલ સાથે આપના નેતાઓ મનીષ સિસોદિયા, સંજય સિંહ, જાસ્મીન શાહ અને અન્ય જોડાયા હતા.

પોલીસે પાંચ, ફિરોઝ શાહ રોડ પાસે કૂચ અટકાવી હતી, જ્યાં નેતાઓ અરજીઓ સાથે રસ્તા પર બેઠા હતા અને તેમને સ્વીકારવાનો આગ્રહ રાખતા હતા.

વડા પ્રધાન તેમને નહીં મળે તેવી પ્રતિનિધિમંડળને જાણ કર્યા પછી પોલીસે અરજીઓ કબજે કરી હતી.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પાંચ, ફિરોઝ શાહ રોડથી આગળ કોઈને પણ જવા દેવામાં આવશે નહીં. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અમે દિલ્હી પોલીસ અને અર્ધલશ્કરી દળો સહિત પૂરતી સુરક્ષા ગોઠવી છે.કૂચ પહેલાં સમર્થકોને સંબોધતા કેજરીવાલે કહ્યું કે પાર્ટી દેશભરના લોકો દ્વારા સહી કરાયેલ ૨.૩૦ લાખથી વધુ અરજી લઈ જઈ રહી છે અને સરકારને કરોડો વાહન માલિકોની ચિંતાઓ સાંભળવા વિનંતી કરી હતી.

## પાકિસ્તાને ચીની ટૅન્ક્સ ભારતની સરહદે ગોઠવી

નવી દિલ્હીઃ પાકિસ્તાને ભારતીય સરહદ નજીક ચીની બનાવટની એસ-એચ ૧૫ સ્વયંચાલિત તોપો ગોઠવી હોવાનાં અહેવાલ બાદ ભારતે મંગળવારે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય હિતનું રક્ષણ કરવા ભારત જરૂરી તમામ પગલાં લેશે.

ભારતના વિદેશ ખાતાના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે સરહદપારના આતંકવાદને મામલે ભારતનું વલણ યથાવત્ છે અને દેશની સુરક્ષા માટે ભારત સંપૂર્ણપણે સજ્જ છે.

ઑપરેશન સિંદૂર મારફતે ભારતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે સરહદપારના આતંકવાદ અંગે અમારું વલણ સ્પષ્ટ છે તેમ જ દેશના હિતોનું રક્ષણ કરવા જે કંઈ પણ જરૂરી હશે તે અમે કરીશું અને તે માટે અમે સતત સતર્ક અને તૈયાર છીએ.

પાકિસ્તાને તેનાં તોપખાનાનાં અત્યાધુનિકીકરણ યોજનાના ભાગરૂપે ચીની બનાવટની અંદાજે ૨૫૦ એસએચ-૧૫ તોપ ભારતીય સરહદ પર ગોઠવી હોવાનાં અહેવાલના એક દિવસ બાદ ભારતે આ નિવેદન કર્યું હતું.

તાજેતરમાં પીઓકેમાં યોજાયેલી ચૂંટણીને તેમણે મજાક લેખાવી હતી અને વિરોધને દબાવી દેવા લોકો પર બળપ્રયોગ કરવાનો પાકિસ્તાન પર તેમણે આક્ષેપ કર્યો હતો. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ચેક બાઉન્સ

સજાપાત્ર ગુનો કરે છે તો કંપનીને આરોપી બનાવ્યા વિના ડિરેક્ટર વિરુદ્ધ ફરિયાદ કરી શકાય નહીં.

દુબેએ દલીલ કરી હતી કે હાઇ કોર્ટે ફરિયાદ અને તેના સાથે સંબંધિત કાર્યવાહીઓને રદ કરવાની માગને નકારીને સ્પષ્ટ ભૂલ કરી હતી. ખંડપીઠે કહ્યું કે અમારો મત છે કે હાઇ કોર્ટે મેજિસ્ટ્રેટ/ટ્રાયલ કોર્ટે કંપનીને આરોપી તરીકે રજૂ કરવાનો આદેશ આપીને સ્પષ્ટપણે તેના અધિકારક્ષેત્રનો ભંગ કર્યો છે. પરિણામે અને એ નિષ્કર્ષને ધ્યાનમાં રાખતા ફરિયાદમાં એક ગંભીર ખામી હતી. અમને એમ કહેવામાં કોઈ સંકોચ નથી કે ફરિયાદ અને તેના સાથે જોડાયેલી તમામ કાર્યવાહી રદ કરવાને પાત્ર છે અને અમે તેને રદ કરીએ છીએ.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે કંપની એક 'ન્યાયિક વ્યક્તિ' છે અને બેન્કમાં ખાતું રાખી શકે છે. આ પ્રકારે જો સંબંધિત ચેક કંપની દ્વારા સંચાલિત ખાતામાંથી જાહેર કરવામાં આવ્યો હતો તો એનઆઈ એક્ટની કલમ ૧૩૮ની અન્ય શરતો પુરી થવા પર ગુનો કંપની દ્વારા કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ફરિયાદમાં એક ગંભીર ખામી હતી કારણ કે તેમાં એ કંપનીને આરોપી બનાવવામાં આવી નહોતી જેના ખાતામાંથી ચેક ઈશ્યૂ કરાયો હતો. આવા સંજોગોમાં અનિતા હાડા (ઉપર ઉલ્લેખ કરાયેલા) મામલામાં આપવામાં આવેલા નિર્ણયને ધ્યાનમાં રાખીને તે ફરિયાદ પર કોઈ નોંધ લેવામાં આવી શકે નહીં. આથી ફરિયાદ પર આગળની બધી કાર્યવાહી કાયદાની દૃષ્ટિએ ખોટી હતી.

આ કેસમાં આરોપી વિરુદ્ધ એનઆઈ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે કંપની પર આપવામાં આવેલી સેવાઓના બદલામાં તે વ્યક્તિના પાંચ લાખ રૂપિયા બાકી હતા.

### ટ્રમ્પે ઈરાન

દીધો છે. ઇરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ સોમવારે જણાવ્યું હતું કે અમેરિકા સાથે કોઈ વાટાઘાટો થઈ રહી નથી, તેમણે ઉમેર્યું હતું કે તહેરાનની વાટાઘાટો ફક્ત ઓમાન સાથે હતી અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા સુરક્ષિત નેવિગેશન માટે માર્ગ સ્થાપિત કરવા પર કેન્દ્રિત હતી. યુનાઇટેડ કિંગડમ મેરિટાઇમ ટ્રેડ ઓપરેશન્સ સેન્ટરે જણાવ્યું હતું કે સ્થાનિક સમય અનુસાર રાત્રે બે વાગ્યે જ્યારે કાર્ગો જહાજ ઓમાનમાં અલ ખાસાબથી ૩૭ કિલોમીટર ઉત્તરપૂર્વમાં હતું ત્યારે કોઈ અજાણી વસ્તુ ટકરાઈ હોવાની જાણ કરવામાં આવી હતી. જોકે જહાજ વિશે વધુ જાણકારી અપાઈ નથી. બ્રિટિશ મેરિટાઇમ સિક્યુરિટી ફર્મ એમ્બ્રેના જણાવ્યા અનુસાર, જહાજને નુકસાન થયું છે, પરંતુ તેણે વધુ માહિતી આપી નથી.અલ ખાસાબ શહેર અરબી દ્વીપકલ્પના છેડે આવેલું છે જે હોર્મુઝ સ્ટ્રેટ તરફ જાય છે. હોર્મુઝ સ્ટ્રેટ એક મહત્વપૂર્ણ જળમાર્ગ છે. જેમાંથી યુદ્ધ પહેલા વિશ્વના પાંચમા હિસ્સાનું ઓઈલ અને ગેસની સપ્લાય કરવામાં આવતી હતી. ફેબ્રુઆરીમાં યુદ્ધ શરૂ થયા પછી હોર્મુઝ સ્ટ્રેટ બંધ થઈ ગયું છે, જ્યારે અમેરિકાએ પણ જળમાર્ગમાં ઈરાની બંદરો પર નાકાબંધી લાદી છે.ઈરાની સમર્થિત બળવાખોરો હુતીઓના લશ્કરી પ્રવક્તા બ્રિગેડિયર જનરલ યાહ્યા સરીએ દાવો કર્યો હતો કે ડ્રોને દક્ષિણપશ્ચિમ શહેર નજાનના એરપોર્ટ પર ''સંવેદનશીલ લક્ષ્ય'' પર હુમલો કર્યો હતો. તેમણે આ અંગેના કોઈ પુરાવા આપ્યા નહોતા. તેમણે કહ્યું કે ડ્રોન હુમલો સાઉદી દ્વારા સાદા અને હજ્જા પ્રાંતો પર યમનના હવાઈ ક્ષેત્રમાં ભંગ કરવાના જવાબમાં હતો. સાઉદી અરેબિયા તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.હુથીઓએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે તેઓ લાલ સમુદ્ર તરફ જતા બાબ અલ-મંડેબ સ્ટ્રેટમાંથી પસાર થતા સાઉદી સાથે જોડાયેલા શિપિંગ જહાજોની નાકાબંધી કરી રહ્યા છે.

### તમિળનાડુના

કે એન નેહરુ સહિત અનેક વરિષ્ઠ ડીએમકે નેતાઓ પણ પહોંચ્યા હતા. પોલીસે ઉદયનિધિની પત્ની કિરુથિગા અને વિપક્ષી પાર્ટીના પદાધિકારીઓને ધરપકડના કારણો સમજાવ્યાં હતાં.હાઇ કોર્ટમાં જામીન અરજી પર સુનાવણી અગાઉ ઉદયનિધિની ધરપકડ કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન સરકારે કહ્યું હતું કે તાંજાવુર પોલીસ દ્વારા પૂછપરછ કર્યા પછી વિપક્ષના નેતાને મુક્ત કરવામાં આવશે. તેમણે સોમવારે કાવેરી ડેલ્ટા ક્ષેત્રના એક શહેરમાં આયોજિત વિરોધ સભામાં કથિત ટિપ્પણી કરી હતી અને બાદમાં તેમના પર કાયદાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો, જેમાં અશ્લીલ શબ્દોનો ઉપયોગ અને મહિલાની ગરીમાનું અપમાન કરવા સંબંધિત કલમનો સમાવેશ થાય છે. પાર્ટીના કાર્યકરોએ રાજ્યભરમાં હડતાળ પાડી હતી અને વિરોધ પ્રદર્શનો કર્યા હતા.

### અમેરિકામાં

લાદેલી દસ ટકા ટૅરિફની મુદત ૨૪ જુલાઇએ પૂરી થઇ હોવાથી તેમણે આ નવી ટૅરિફ લાદી હતી. ડેમોક્રેટિક પાર્ટીની બહુમતી ધરાવતા પચીસ રાજ્યે ટ્રમ્પના વહીવટીતંત્ર સામે સોમવારે કેસ કર્યો હતો. ન્યૂ યોર્ક એટર્ની જનરલ લેટિટિયા જેમ્સ, ગવર્નર કેથી હોચલ અને ડેમોક્રેટિક પાર્ટીની બહુમતી ધરાવતા રાજ્યોના સંગઠને અદાલતને આ ટૅરિફ ગેરકાયદે જાહેર કરવા વિનંતિ કરી હતી. ન્યૂ યોર્ક એટર્ની જનરલ લેટિટિયા જેમ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ટ્રમ્પના વહીવટીતંત્રે અગાઉ લાદેલી ટૅરિફને મુદ્દે સુપ્રીમ કોર્ટમાં હારી ગયા બાદ નવેસરથી ટૅરિફ લાદી છે. અમેરિકાએ ભારત સહિતના ૧૬ દેશ પર દસ ટકા ટૅરિફ લાદી છે. (એજન્સી)

### ટર્બ્યુલન્સ

ઍર ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ ઍવિયેશનના જણાવ્યા અનુસાર વિમાને અચાનક અંદાજે ૩૦૦ ફૂટ જેટલી ઊંચાઈ ગુમાવી હોવાની પાઈલટે જાણ કરી હતી. એક કેબિન ક્રૂ મેમ્બરને ગંભીર ઈજા થઈ હોવાની તેમ જ અન્ય ક્રૂ મેમ્બરો અને પ્રવાસીઓને નજીવી ઈજા થઈ હોવાની પણ પાઈલટે જાણ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર દિલ્હી ઍરપોર્ટને ઘટના અંગે તાત્કાલિક જાણ કરવામાં આવી હતી અને વિમાને લૅન્ડિંગ કરતાં જ ઈજાગ્રસ્તોની સારવાર માટે મેડિકલ ટીમ ત્યાં પહોંચી ગઈ હતી. ફ્લાઈટ ફૂકેટથી મંગળવારે સવારે ૮:૨૫ વાગે રવાના થઈ હતી અને ૧૧:૦૦ વાગે દિલ્હી ઍરપોર્ટ પર ઉતરાણ કર્યું હતું. (એજન્સી)

### 'ત્રણ ભાષા

પડકારતી બે નવી અરજીઓ પર કેન્દ્ર, એનસીઈઆરટી અને સીબીએસઈ પાસેથી જવાબ માંગ્યા હતા. જેમાં અરજીઓને ૨૯ જુલાઈના રોજ સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર, સીબીએસઈ અને એનસીઈઆરટીએ પોતાના અલગ-અલગ સોગંદનામામાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ૨૦૨૦ના ત્રણ-ભાષાના ફ્રેમવર્કને લાગુ કરવાનો મજબૂત રીતે બચાવ કર્યો હતો અને જણાવ્યું હતું કે આ બહુભાષાવાદ અને રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવા માટે જરૂરી છે. તેમણે દેશભરની સીબીએસઈ સંલગ્ન શાળાઓમાં અપનાવવામાં આવેલી ત્રણ ભાષાની નીતિ સામે દાખલ કરાયેલી અરજીઓને ફગાવી દેવાની માંગ કરી હતી.

### ફેસબુકની

મેટાના ટોચના અધિકારી જોએલ કપલાન હાજર રહે તેવી આશા છે. જોકે મેટાએ આ ઘટનાને ટેક્નિકલ ખામી ગણાવી હતી અને માફી માગી હતી પરંતુ ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયએ આ સ્પષ્ટતાને અપૂરતી ગણાવી હતી. ફેસબુકની માલિકી ધરાવતી કંપનીએ કહ્યું હતું કે કન્ટેન્ટને ભૂલથી હટાવવામાં આવ્યું હતું અને બાદમાં પ્લેટફોર્મ પર રિસ્ટોર કરાયું હતું.

### શેખ હસીનાની

પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે અહીં જે કાર્યક્રમની વાત થઈ રહી છે તે ખાનગી પ્રસારમાધ્યમ સંસ્થા દ્વારા યોજવામાં આવવાનો છે અને તેમાં સરકારની કોઈપણ પ્રકારની ભૂમિકા નથી. આ કાર્યક્રમ દ્વારા વ્યક્ત કરવામાં આવનારાં કોઈપણ વિચારોને ભારત સરકારનું સમર્થન ન હોવાનું પણ તેમણે કહ્યું હતું.

### નકવી-મુનીર

છે. તેમણે કહ્યું હતું કે છેલ્લાં ૨૧ વર્ષથી ન્યાયાધીશો, રાજકીય નેતાઓ અને વહીવટી અમલદારો તેમ જ બૅંકરોને લાંચ આપવામાં આવી રહી હતી. નકવીએ સોગંદ લીધા છે કે આ મામલામાં સામેલ પ્રત્યેક વ્યક્તિ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. બલૂચિસ્તાન અને પીઓકેમાં વધી રહેલા જનાક્રોશ અને અસંતોષ વચ્ચે જનરલ અસીમ મુનિર પોતાની પકડ વધુ મજબૂત કરવા માગે છે અને તે માટે તેઓ નકવીનો ઉપયોગ કરી રહ્યા છે.

### અમેરિકાની

અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઑફ હૉમલૅન્ડ સિક્યોરિટી ઍન્ડ કસ્ટમ્સ ઍન્ડ બૉર્ડર પ્રૉટેક્શન ઍજન્સી દ્વારા ૨૦૨૪ના જૂનમાં સંબંધિત દરખાસ્ત (નૉટિસ ઑફ પ્રપૉઝ્ડ રુલ-મૅકિંગ) પ્રથમ વખત પ્રકાશિત કરાઇ હતી. તે યુએસ ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશિત કરાઇ હતી. બાદમાં આ દરખાસ્ત ટ્રમ્પ વહીવટીતંત્રની ૨૦૨૬માંની યુનિફાઇડ રૅગ્યુલેટરી અજૅન્ડાની 'પૅન્ડિંગ ફાઇનલ-રુલ આઇટમ' તરીકે જાહેર કરાઇ હતી. આગામી સપ્તાહ દરમિયાન સંબંધિત સૂચિત કાયદા અંગે અંતિમ જાહેરાત કરાશે.

### મદરેસાનું

કમ્પ્યુટર સ્ટડીઝ જેવા આધુનિક વિષયોમાં પણ શિક્ષણ આપે છે. તેમણે નોંધ્યું કે મદરેસાઓમાંથી સ્નાતક થયેલા ઘણા વિદ્યાર્થીઓ ડોક્ટર અને એન્જિનિયર બની રહ્યા છે અને આશા વ્યક્ત કરી હતી કે તેઓ આખરે આઇએએસ અને આઇપીએસ અધિકારીઓ તરીકે દેશની સેવા કરશે. મકબૂલે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે મદરેસાઓએ હંમેશા દેશભક્તિ, ભાઈચારો અને શાંતિના સંદેશાઓને પ્રોત્સાહન આપ્યું છે, જેના કારણે તેમને આતંકવાદ સાથે જોડવાનું દુર્ભાગ્યપૂર્ણ બને છે.

# પૂરને કારણે બગડેલા દારૂના જથ્થા બદલ ૧.૨ કરોડ રૂપિયા ચૂકવવાનો ગ્રાહક પંચનો આદેશ

મુંબઈ : અહીંના ગ્રાહક વિવાદ નિવારણ આયોગે શહેરના દારૂના જથ્થાબંધ વેપારીને મોટી રાહત આપતા 'નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ'ને આદેશ આપ્યો છે કે તેઓ ૨૦૧૭માં શહેરમાં આવેલા પૂર દરમિયાન બગડી ગયેલા સ્ટોક બદલ વેપારીને ૧.૨ કરોડ રૂપિયાથી વધુની રકમ ચૂકવે.

દક્ષિણ મુંબઈ જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગે ગયા મહિને આપેલા એક આદેશમાં વીમાના દાવાને નકારી કાઢવાના નિર્ણયને '' ગેરવ્યાજબી'' ઠેરવ્યો હતો; આયોગે નોંધ્યું હતું કે પૂરના પાણીને કારણે દારૂ વેચાણ માટે અયોગ્ય બની ગયો હતો, તેથી વીમા કંપની નિર્ધારિત નુકસાનની રકમ નવ ટકા વ્યાજ સાથે ચૂકવવા માટે જવાબદાર છે. કુર્લા સ્થિત દારૂના જથ્થાબંધ વેપાર સાથે સંકળાયેલી એક પેઢીએ દાવો કર્યો હતો કે ૨૯ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ મુંબઈમાં પડેલા ભારે વરસાદને કારણે તેનું ગોદામ પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. પેઢીએ દાવો કર્યો હતો કે વીમા કંપનીના પોતાના સર્વેયરે નુકસાનનું મૂલ્યાંકન કરીને ૧.૨ કરોડ રૂપિયા ચુકવવાની ભલામણ કરી હોવા છતાં, વીમા કંપનીએ ૧૪ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ ઔપચારિક રીતે આ દાવો નકારી કાઢ્યો હતો. વીમા કંપનીએ દલીલ કરી હતી કે વેપારી પેઢી દારૂ માનવ વપરાશ માટે અયોગ્ય હતો એવું સાબિત કરતા ફોરેન્સિક લેબોરેટરી રિપોર્ટ્સ રજૂ કરવામાં નિષ્ફળ રહી હતી અને વધુમાં તેઓ તેના વીડિયોગ્રાફિક પુરાવા પૂરા પાડવામાં પણ નિષ્ફળ રહ્યા હતા. ■

# ૧૫ દિવસમાં એફડીએને મળી ૨૦૦૦ ફરિયાદો

મુંબઈ: ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન પાસે જુલાઈ મહિનાના ૧૫ દિવસમાં ૨ હજાર ફરિયાદો નોંધાઈ છે, જેમાં અસ્વચ્છતા અંગેની ફરિયાદોનું પ્રમાણ સૌથી વધુ છે. મળેલી ફરિયાદોમાં પુણે જિલ્લો પ્રથમ ક્રમે છે, જેની પાછળ મુંબઈ શહેર, મુંબઈ ઉપનગર અને રાયગઢ જિલ્લાનો નંબર આવે છે.

ફરિયાદોની તાત્કાલિક નોંધ લેવામાં આવી રહી છે અને અત્યાર સુધીમાં આશરે ૪૦૦ ફરિયાદો પર તપાસ તેમજ જરૂરી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. હાલમાં લગભગ ૧ હજાર ફરિયાદો પર તપાસ અને કાર્યવાહી ચાલુ છે, જ્યારે બાકીની ફરિયાદોની ચકાસણી અને નિકાલ તબક્કાવાર કરવામાં આવી રહ્યો છે.

અસ્વચ્છતા, ખાદ્ય સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન, હલકી ગુણવત્તાવાળા ખાદ્યપદાર્થો, ખોટું લેબલિંગ, એક્સપાયરી ડેટ થયેલી પ્રોડક્ટ્સ, દૂધ અને ડેરી પ્રોડક્ટ્સમાં ભેળસેળ તથા સ્વચ્છતાનાં ધોરણોનું પાલન ન કરવું, જેવી ફરિયાદોનું પ્રમાણ સૌથી વધુ છે.

સામાન્ય નાગરિકો માટે ફરિયાદ કરવાનું વધુ સરળ બને તે માટે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના કમિશનર તુકારામ મુંઢેની પહેલથી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત ફરિયાદ નોંધણી સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. ■







શ્રદ્ધાંજલી
કંઠી ભાટિયા



સ્વ. અજિતભાઈ રવજીયાણી
(ઉ.વર્ષ ૭૯)
જન્મ સ્થળ બેડ નિવાસી, હાલ મુંબઈ સ્વ. મણિબાઈ પ્રાગજી શિવજી રવજીયાણીના પુત્ર મીનાક્ષીબેનના પતિ, ડૉ. અમર, ચાંદની અને ભક્તિના પિતા, સ્વ. નલિની, હસમુખ તથા સ્વ. સનતભાઈના ભાઈ, ડૉ. સ્વાતિ, નૈષધ અને કુણાલ ના સસરા, સંજના અને ડૉ. નિવા ના દાદા, સયાલિ, હેષા અને મિશ્રિ ના નાના, સ્વ. દયાલજી ઉદેશી ના જમાઈ
પ્રાર્થનાસભા
બુધવાર ૫મી ઓગસ્ટ ૨૦૨૬
સાંજે ૪:૩૦ થી ૬:૩૦
શ્રીમતી ઝવેરબેન પોપટલાલ સભાગૃહ ઉપાશ્રય લેન, રાષ્ટ્રીયશાળા કમ્પાઉન્ડ પાસે, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ, ૭૭.


# ભાજપ છોડો, અમે તમને પ્રથમ મહિલા મુખ્ય પ્રધાન બનાવીશું: વડેટ્ટીવાર

નાગપુર: ભાજપનાં પ્રધાન પંકજા મુંડેના રાજકારણથી કંટાળી ગયા હોવાના નિવેદન પર પ્રતિક્રિયા આપતા કૉંગ્રેસના ધારાસભ્ય વિજય વડેટ્ટીવારે સોમવારે શરત મૂકી હતી કે જો તેઓ ભાજપ છોડી દે, તો તેઓ તેમને મુખ્ય પ્રધાન પદ માટે સમર્થન આપવા તૈયાર છે.

એક જાહેર રેલીમાં બોલતા મુંડેનો એક વીડિયો વાઇરલ થયો છે, જેમાં તેઓ કથિત રીતે રાજકારણમાં કેટલીક બાબતોને લઈને અસંતોષ વ્યક્ત કરી રહ્યા હતા અને નિવૃત્તિ લેવાની વાત કરી રહ્યા હતા.

ઓબીસી નેતા તરીકે પંકજા તાઈને વિનંતી છે કે તેમણે આવું પગલું ન ભરવું જોઈએ. તેમણે ઓબીસી સમાજનું નેતૃત્વ કરવું જોઈએ અને મહારાષ્ટ્રનાં પ્રથમ મહિલા ઓબીસી મુખ્ય પ્રધાન બનવું જોઈએ, વડેટ્ટીવારે જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે, જો તેઓ ભાજપ છોડી દે છે, તો અમે અમારા હાઈકમાન્ડને તેમને પક્ષમાં સામેલ કરવા માટે વિનંતી કરીશું.

મુંડે જેવા ઓબીસી નેતાઓને હાસિયામાં ધકેલવા બદલ ભાજપ પર નિશાન સાધતા વડેટ્ટીવારે કહ્યું કે, ઓબીસી સભ્યો પક્ષ છોડી રહ્યા છે, તેઓ એવું અનુભવતા હશે કે આપણને ન્યાય નથી મળી રહ્યો, ભાજપમાં અમારા બલિદાનનું કોઈ મૂલ્ય નથી. કદાચ પંકજા તાઈએ ગુસ્સામાં આ વાત કહી હશે. ક્યારેક જ્યારે મુશ્કેલીઓ વધે છે ત્યારે આવી લાગણીઓ સ્વાભાવિક રીતે બહાર આવે છે.

વડેટ્ટીવારે સ્પષ્ટતા કરી હતી કે મુંડેને કૉંગ્રેસમાં જોડાવાની આપેલી ઓફર તેમની વ્યક્તિગત વિનંતી હતી, કોઈ સત્તાવાર નિર્ણય નહોતો. ''મારી પાસે એટલી સત્તા નથી, પરંતુ હા, હું મારા પક્ષના વરિષ્ઠ નેતાઓ સાથે વાત કરીશ અને વિનંતી કરીશ કે તેઓ ભાજપ છોડ્યા પછી તેમને કૉંગ્રેસમાં સામેલ કરવામાં આવે,'' તેમણે કહ્યું. ■

# પાલઘર અને વસઈ-વિરારમાં જુલાઈમાં આવેલા પૂરથી અસરગ્રસ્ત પરિવારો માટે વિશેષ રાહત પૅકેજ

વિરાર : જુલાઈ મહિનામાં થયેલા વિનાશક ભારે વરસાદથી અસરગ્રસ્ત રહેવાસીઓને મોટી રાહત આપતા, મહારાષ્ટ્ર સરકારના રાહત અને પુનર્વસન વિભાગે પાલઘર જિલ્લા અને વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના પૂર-પીડિત પરિવારો માટે વિશેષ આર્થિક સહાય પૅકેજની જાહેરાત કરી છે.

૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલ સરકારી ઠરાવમાં આ જાહેરાત કરવામાં આવી હતી. ૪ જુલાઈથી ૮ જુલાઈ દરમિયાન પડેલા ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ હતી અને ઘરો, દુકાનો, પશુધન તેમજ જાહેર માળખાગત સુવિધાઓને વ્યાપક નુકસાન થયું હતું. વસઈ-વિરારના મેયર અજીવ પાટીલે આપત્તિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને એક સત્તાવાર પત્ર દ્વારા વિશેષ આર્થિક સહાય માટે વિનંતી કરી હતી. આ વિનંતીને ધ્યાનમાં લઈને, રાજ્ય સરકારે ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં રાહત પૅકેજને મંજૂરી આપી હતી અને આજે તેનો સત્તાવાર આદેશ જારી કરવામાં આવ્યો છે.

સરકારે એવા વિસ્તારો માટે વિશેષ સહાયને મંજૂરી આપી છે જ્યાં ૨૪ કલાકમાં ૫૦૦ મિમીથી વધુ અથવા સતત બે-ત્રણ દિવસ દરમિયાન ૫૦૦ મિમીથી વધુ વરસાદ પડવાને કારણે ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી. અગાઉ ઘરો ૪૮ કલાકથી વધુ સમય સુધી પાણીમાં ડૂબેલા રહેવાની જે શરત હતી તેમાં પણ છૂટછાટ આપવામાં આવી છે, જેનાથી વધુ પરિવારો સહાય મેળવવા માટે પાત્ર બન્યા છે.

પૂરથી અસરગ્રસ્ત નાના વેપારીઓ, દુકાનદારો અને કારીગરો માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે.

નોંધાયેલા સ્થાનિક દુકાનદારો, સ્ટોલના માલિકો અને મતદાર યાદીમાં નામ ધરાવતા રેશનકાર્ડ ધારકો, નુકસાનના સત્તાવાર મૂલ્યાંકન (પંચનામા)ના આધારે નક્કી થયેલા નુકસાનના ૭૫% હિસ્સો મેળવવા માટે પાત્ર રહેશે. અસરગ્રસ્ત માછીમારો માટે પણ સહાયની જાહેરાત કરવામાં આવી છે.

રાજ્ય સરકારે સ્પષ્ટ કર્યું છે કે નુકસાનના સત્તાવાર આકલનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ લાભાર્થીઓની ઓળખ કરવામાં આવશે. મંજૂર કરાયેલી આર્થિક સહાય સીધી લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. ■

# વસઈમાં ૨.૦૫ કરોડ રૂપિયાનું અંબરગ્રીસ જપ્ત: પાંચની ધરપકડ


## કેરલમથી અંબરગ્રીસ વેચવા માટે વસઈ લઈ આવ્યા હતા

પાલઘર: પાલઘર જિલ્લાના વસઇમાં પોલીસે ૨.૦૫ કરોડ રૂપિયાનું અંબરગ્રીસ (વ્હેલની ઊલટી) જપ્ત કરીને પાંચ જણની ધરપકડ કરી હતી. વસઇ પોલીસ સ્ટેશનની ક્રાઇમ ડિટેક્શન બ્રાન્ચને ૨ ઑગસ્ટે સાંજે માહિતી મળી હતી કે બે વ્યક્તિ અંબરગ્રીસ વેચવા માટે જી.જી. કોલેજ નજીક આવવાની છે. આથી પોલીસ ટીમે કોલેજના પાછળના ગેટ પાસે પહોંચી ત્યારે તેમને બે જણ સ્કૂટર પર બેઠેલા નજરે પડ્યા હતા. પોલીસે બંને જણને તાબામાં લઇ પૂછપરછ કરતાં તેમની ઓળખ ઉદિત સુનીલ સાતવસે અને કૃષ્ણકાંત મહેન્દ્ર દેસાઇ તરીકે થઇ હતી.

મૂળ પુણે અને સિંધુદુર્ગના વતની એવા બંનેની તલાશી લેવાતાં બેગમાંથી ૨.૦૫ કરોડ રૂપિયાનું અંબરગ્રીસ મળી આવ્યું હતું. બંને આરોપીની પૂછપરછમાં તેમના ત્રણ સાથીદાર વિશે જાણવા મળ્યું હતું. આથી પોલીસ ટીમે ત્રણેયની શોધ ચલાવી હતી અને તેમને વસઇમાં નવઘર બસ ડેપો પાસેથી પકડી લીધા હતા. ત્રણેય આરોપીમાં વિશાલ સંતોષ ઠાકરે, અકીલ કે. કૃષ્ણા પીવી અને સુહાદ ટીપી મોઇદ્દીન કોયાનો સમાવેશ હતો.

આરોપી અકીલ અને સુહાદ કેરલમથી અંબરગ્રીસ વેચવા માટે વસઇ લઇ આવ્યા હતા, એવું તપાસમાં જણાયું હતું. પાંચેય આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને વાઇલ્ડલાઇફ પ્રોટેક્શન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■


૪૫ મી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી
| શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ |



| શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ | | શ્રી રામ |
નિર્વાણ દિન તા. ૫-૮-૧૯૮૧
શ્રી ભગવાનુવાચ : कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥
શ્રી ભગવાન બોલ્યા : કર્તવ્યકર્મોનું વિધાન વેદ કરે છે અને વેદ અવિનાશી પરમાત્મામાંથી ઉત્પન્ન થયો છે. માટે આ વેદથી લઇ ને કર્તવ્ય કર્મ અને યજ્ઞરૂપ સેવા કાર્યોમાં સર્વત્ર શાશ્વત બ્રહ્મ - પરમાત્મા જ રહેલા છે.
પરમ પૂજ્ય સ્વ. શ્રી ગજાનન મહારાજ
ગજાનન કોલોનીવાળા શ્રી જાનકીલાલ શાલિગ્રામ પંડિત
બહુમુખી પ્રતિભા ધરાવતા કર્મયોગી, મહાનસંત, વિરલ વિભૂતિને નત મસ્તકે, વિનમ્ર ભાવે, અશ્રુભીની આંખે અમારા કોટી કોટી, વંદન
આપનો ગજાનન પરિવાર અને શિષ્ય સમુદાય
ગજાનન ઇનવેસ્ટમેન્ટ • રોનક પંડિત શુટીંગ સેંટર • હિના સિધ્ધુ સ્પોર્ટસ ફાઉન્ડેશન • ગજાનન ફાર્મ


# બિહારના ભૂતપૂર્વ રાજ્યપાલ ડી.વાય. પાટીલનું અવસાન

મુંબઈ:ત્રિપુરા, બિહાર અને પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ રાજ્યપાલ જ્ઞાનદેવ યશવંત પાટીલનું મંગળવારે પશ્ચિમ મહારાષ્ટ્રના કોલ્હાપુર ખાતે લાંબી બીમારી બાદ નિધન થયું. તેઓ ૯૦ વર્ષના હતા.

મહારાષ્ટ્રના અગ્રણી શિક્ષણ સંચાલક ડીવાય પાટીલે અનેક શિક્ષણ અને રમતગમત સંસ્થાઓની સ્થાપના અને સંચાલન કર્યું. નવી મુંબઈના જાણીતા ડીવાય પાટીલ સ્ટેડિયમનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યું છે.

૧૯૮૩માં તેમણે શરૂ કરેલું ડીવાય પાટીલ ગ્રુપ નવી મુંબઈ, પુણે અને કોલ્હાપુરમાં ૧૬૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ, ડીમ્ડ યુનિવર્સિટીઓ અને અગ્રણી રમતગમત અને તબીબી માળખાકીય સુવિધાઓનું સંચાલન કરે છે. પાટીલ ૧૯૬૭ થી ૧૯૭૮ સુધી રાજ્ય વિધાનસભાના સભ્ય હતા અને શિક્ષણ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમના દ્વારા સ્થાપિત ડીવાય પાટિલ યુનિવર્સિટી દવા, એન્જિનિયરિંગ અને અન્ય ઘણા વિષયોમાં અભ્યાસક્રમો પ્રદાન કરે છે. ડી વાય પાટીલ ૧૯૫૭થી ૧૯૬૨ સુધી કોલ્હાપુરના મેયર હતા અને ૧૯૬૭ તેમજ ૧૯૭૨માં પન્હાળા મતવિસ્તારમાંથી વિધાન સભ્ય તરીકે ચૂંટાયા હતા. (પીટીઆઈ) ■

# એમટીએનએલના કેબલ ચોરતી બે ટોળકીના સાતની ધરપકડ

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં જે. જે. માર્ગ પોલીસ સ્ટેશનની હદમાં મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ (એમટીએનએલ)ના અંડરગ્રાઉન્ડ કૉપર કેબલ ચોરતી બે ટોળકીના સાત સભ્યોને પોલીસે પકડી પાડી લોકઅપભેગા કરી દીધા હતા. આરોપીઓ પાસેથી ચોરેલા કેબલ, કેબલ કાપવા માટે લાગતાં સાધનો સહિત પંચાવન લાખની મતા જપ્ત કરાઇ હતી. જે.જે. માર્ગ પોલીસે ૨ ઑગસ્ટે મળેલી માહિતીને આધારે રેલવે કોલોની સામેની ફૂટપાથ પર જમીન ખોદી રહેલા બે આરોપીને પકડી પાડ્યા હતા, જ્યારે તેમના બે સાથીદાર ટેમ્પોમાં ત્યાંથી ફરાર થઇ ગયા હતા. પોલીસે પકડી પાડેલા બંને આરોપીની પૂછપરછ કરતાં તેમણે એમટીએનએલના કૉપર કેબલ ચોરી રહ્યાની કબૂલાત કરી હતી. આથી બંને આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે બાદમાં ત્રીજા આરોપીને પણ ઝડપી પાડ્યો હતો અને તેમણે ગુનામાં વાપરેલી સામગ્રી જપ્ત કરી હતી. ■


SALE
FLAT
50% OFF
On Selected Products
સોફા-કર્ટન ફેબ્રિક્સ
₹319 TO ₹7000 Per Mtr.
ડબલ બેડસીટ્સ, રેડીમેડ કર્ટન્સ
હોમ-બાથ લિનન અને અન્ય હોમ ડેકોરેટીવ આઈટમ
TRUSTED SINCE 1971
OSAKA
SPIRIT OF FURNISHINGS
OSAKA FURNISHINGS LIMITED
• બોરીવલી (વે) : પોઇસર બસ ડેપોની બાજુમાં, એસ.વી. રોડ. 9769255255 / 9372707524 / 25
• વિલેપાર્લે (વે) : દશરથલાલ જોશી માર્ગ (સ્ટેશન રોડ) 9167444172
www.osakafurnishings.in
Conditions apply



ॐ शांति



SHRI KAUSHIK PRANJIVAN MEHTA
(25/01/1956 - 03/08/2026)
With profound sorrow, we inform the sad demise of our beloved
Shri Kaushik Pranjivan Mehta
who left for his heavenly abode, leaving behind a lifetime of cherished memories, love and values. Son of Late Shri Pranjivan Mehta & Smt. Prakashlaxmi Mehta, Beloved husband of Smt. Pragna Kaushik Mehta Loving father of Shri Parthh K. Mehta Father-in-law of Smt. Srishti Parthh Mehta, Brother of Shri Bankim Mehta and Smt. Kirtidaben Dave.
PRAYER MEETING:
Thursday, 6th August 2026
Time: 5:00 PM - 7:00 PM
Venue: Grand Sangam Ballroom, JW Marriott, Juhu
*Please join us in prayer and remembrance.*
PARADIGM REALTY
Om Shanti
MEHTA, DHANKI & ANAND FAMILY


# યુવાનો સાથેના સંવાદનું નેતૃત્વ 'જેન-ઝી' એ કરવું જોઈએ: દીપકે

છત્રપતિ સંભાજીનગર : મુંબઈમાં આરએસએસ પ્રમુખ મોહન ભાગવત અને વિદ્યાર્થીઓ વચ્ચે યોજાનારી બેઠક અગાઉ, 'કૉક્રોચ જનતા પાર્ટી' (સીજેપી) ના સ્થાપક અભિજિત દીપકેએ મંગળવારે જણાવ્યું હતું કે યુવાનો સાથે સંવાદ આવકાર્ય છે, પરંતુ જો તેનું નેતૃત્વ યુવાનો અથવા 'જેન-ઝી' દ્વારા કરવામાં આવે તો તે વધુ સારું રહેશે.

ભાગવત ૬ ઑગસ્ટે મહારાષ્ટ્રની રાજધાનીમાં 'જનરેશન આલ્ફા' અને 'જેન-ઝી' વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે. આ કાર્યક્રમમાં દેશભરના ૧૦૦થી વધુ શહેરોમાંથી ૧૫ થી ૧૯ વર્ષની વયના ૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ એકત્રિત થશે.

મુંબઈમાં ભાગવતના આગામી કાર્યક્રમ વિશે પૂછવામાં આવતા દીપકેએ કહ્યું કે, ''સંવાદ થઈ રહ્યો છે તે સારી બાબત છે, પરંતુ જો આ માટે કેટલાક યુવા ચહેરાઓને સામેલ કરવામાં આવે તો તે વધુ સારું રહેશે.'' દીપકેએ ભારપૂર્વક જણાવ્યું કે જનરેશન ઝેડને યુવા પ્રતિનિધિત્વની જરૂર છે. ■

'રિન્કુ ક્યાં છે? આજે તેને ખતમ કરી નાખીશ...'

# થાણેની હૉટેલમાં ચોપર સાથે ઘૂસેલા શખસે કરી તોડફોડ

થાણે: થાણે રેલવે સ્ટેશનની નજીક આવેલી હૉટેલમાં મંગળવારે વહેલી સવારે ચોપર સાથે ઘૂસેલા શખસે મેનેજરને જાનથી મારવાની ધમકી આપીને હૉટેલમાં તોડફોડ કરી હતી, જેને કારણે ત્યાંના કર્મચારીઓમાં ગભરાટ ફેલાયો હતો. હૉટેલમાં તોડફોડને કારણે સવા લાખ રૂપિયાનું નુકસાન થયું હોવાનો આક્ષેપ પોલીસ ફરિયાદમાં કરવામાં આવ્યો હતો. થાણે નગર પોલીસે આ પ્રકરણે શખસ વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આરોપીએ શરૂઆતમાં હૉટેલની બહાર ઊભેલા કર્મચારીઓ પાસે બે હજાર રૂપિયાની માગણી કરી હતી. ■

મુંબઈગરાઓની નવી સુરક્ષિત લાઈફલાઈન બની રહી છે મેટ્રો:

# ઐતિહાસિક રેકોર્ડ બ્રેક 30 કરોડ પ્રવાસીએ કર્યો 'પ્રવાસ'

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં સાર્વજનિક પરિવહનનું ચિત્ર ઝડપથી બદલાઈ રહ્યું છે અને તેમાં મેટ્રો શહેરની નવી સુરક્ષિત 'લાઈફલાઈન' તરીકે ઊભરી રહી છે. સમયની બચત, આરામદાયક અને સુરક્ષિત મુસાફરીને કારણે દરરોજ લાખો મુંબઈગરાઓ મેટ્રોને પ્રવાસ માટેની પ્રથમ પસંદગી બનાવી રહ્યા છે. આ વધતા વિશ્વાસનું જ પરિણામ છે કે મુંબઈ મહાનગર પ્રદેશ વિકાસ પ્રાધિકરણ (એમએમઆરડીએ) સંચાલિત મુંબઈ મેટ્રો નેટવર્કે સેવા શરૂ થયાના ચાર વર્ષથી પણ ઓછા સમયમાં ૩૦ કરોડ મુસાફરોનો ઐતિહાસિક આંકડો પાર કર્યો છે.

ત્રીજી ઓગસ્ટ, ૨૦૨૬ના મેટ્રો લાઇન ૨અ, ૭, ૨ઇ (પ્રથમ તબક્કા) અને ૯ (પ્રથમ તબક્કા) પર આ સિદ્ધિ નોંધાઈ હતી. ખાસ વાત એ છે કે છેલ્લી ૫ કરોડ મુસાફરી માત્ર છેલ્લા ૧૭૯ દિવસમાં નોંધાઈ છે, આ બંને લાઇન શરૂ થતાં નેટવર્કમાં નવ નવાં સ્ટેશનો ઉમેરાયાં હતાં, જેના કારણે પશ્ચિમ ઉપનગરો અને મુંબઈ મહાનગર પ્રદેશના અન્ય વિસ્તારો વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત બની છે.■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



SOMAIYA VIDYAVIHAR
K J Somaiya Institute of Technology
25
Somaiya TRUST

K J SOMAIYA INSTITUTE OF TECHNOLOGY
An Autonomous Institute Permanently Affiliated to University of Mumbai.
Approved by the AICTE and DTE. NAAC Accredited "A" Grade
Somaiya Ayurvihar Complex, Eastern Express Highway, SION, Mumbai - 400 022
Tel: 022-44444444, 022-44444403
Email: principal.tech@somaiya.edu • Web: https://kjsit.somaiya.edu.in/en
DTE Code: 03209, Gujarati Linguistic Minority
B.Tech.(F.Y. & DSE), M.Tech. (AI) Admissions open for A.Y. : 2026-27
K. J. Somaiya Institute of Technology, Sion, invites eligible candidates seeking admission to the B.Tech. & M.Tech. programme through the Centralised Admission Process (CAP). The Institute will be available as a choice from **CAP Round-II onwards for F.Y., CAP Round-I onwards for DSE and M.Tech.**
**Applications are also invited for seats against CAP Vacancy arising after all CAP rounds.**
For further details, please visit our Institute website: **https://kjsit.somaiya.edu.in/en**
Programs Offered-

| Program Name | Sanctioned Intake | Choice Code (CAP) | GLM* (51%) (CAP) | Non-Minority (49%) (CAP) | TFWS** |
|---|---|---|---|---|---|
| Computer Engineering | 120 | 0320924510 | 61 | 59 | 6 |
| Information Technology | 120 | 0320924610 | 61 | 59 | 6 |
| Electronics and Telecommunication Engineering | 120 | 0320937210 | 61 | 59 | 6 |
| Artificial Intelligence and Data Science | 120 | 0320999510 | 61 | 59 | 6 |
| M.Tech. (Artificial Intelligence) | 18 | 0320905010 | 09 | 09 | --- |
| DSE | 10% of Sanctioned Intake of F.Y. (B.Tech.) | | | | |

*GLM: Gujarati Linguistic Minority
**TFWS: Tuition Fee Waiver Scheme
Sd/-
Principal

# વિદ્યાર્થીઓ માટે ‘એસી’ લોકલના દરવાજા બંધ

## રેલવે વહીવટીતંત્રનો કન્સેશન આપવાનો ઇનકાર

થાણેઃ મુંબઈ ઉપનગરીય રેલવે માર્ગ પર એસી લોકલ ટ્રેનોની સંખ્યા વધારવામાં આવી રહી છે, પરંતુ શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓને આ લોકલના માસિક અને ત્રિમાસિક પાસ પર કોઈ છૂટછાટ આપવામાં આવી રહી નથી. વિદ્યાર્થીઓને જનરલ અને ફર્સ્ટ ક્લાસના ડબ્બાના પાસ રાહત દરે મળી રહ્યા છે, પરંતુ એસી લોકલના પાસમાં છૂટછાટ આપવા અંગે અસમર્થતા દર્શાવવામાં આવી રહી છે. આના પરિણામે વિદ્યાર્થીઓને આર્થિક બોજ સહન કરવો પડી રહ્યો છે, અને રેલવે બૉર્ડે વિદ્યાર્થીઓ માટેની છૂટછાટ યોજનામાં તાત્કાલિક એસી પાસનો વિકલ્પ ઉપલબ્ધ કરાવવો જોઈએ, તેવી માંગ સાથે રેલવે પ્રવાસી સંગઠનોએ કરી હતી. ગયા અઠવાડિયે, બે વિદ્યાર્થીઓ કલ્યાણ રેલવે સ્ટેશન પર કોલેજ કન્સેશન સર્ટિફિકેટના આધારે એસી લોકલ ટ્રેનોનો પાસ મેળવવા ગયા હતા. તેમને કન્સેશન પાસ આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો અને જણાવવામાં આવ્યું હતું કે કોલેજની અરજી સાથે ફક્ત સામાન્ય લોકલ ટ્રેનો માટે કન્સેશન પાસ આપવામાં આવશે. કલ્યાણ ચીફ ટિકિટ ઇન્સ્પેક્ટરને આ બાબતે પૂછ્યા બાદ, તેમણે સ્પષ્ટતા કરી કે વર્તમાન નિયમો મુજબ વિદ્યાર્થીઓ માટે એસી લોકલમાં કોઈ ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ નથી. એસી લોકલ શરૂ કરવાની નીતિ પર પુનર્વિચાર કરવો જોઈએ, તેવી માંગણી રેલવે પ્રવાસી સંગઠનોએ કરી હતી.

# થાણે પાલિકામાં નવ પ્રભાગ સમિતિમાંથી આઠ પ્રભાગ સમિતિ પર મહાયુતિનો વિજય, મુંબ્રામાં રાષ્ટ્રવાદીએ બાજી મારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે મહાનગરપાલિકાના નવ પ્રભાગ સમિતિના અધ્યક્ષપદની ચૂંટણીમાં શિંદેસેનાના સાત અને ભાજપના એક અધ્યક્ષ બિનહરીફ ચૂંટાયા હતા. તો મુંબ્રામાં રાષ્ટ્રવાદી( શરદ પવાર) કૉંગ્રેસે અધ્યક્ષપદની ચૂંટણી જીતીને ઓલ ઈન્ડિયા મજલીસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમ (એઆઈએમઆઈએમ)ના નગરસેવકને ૧૦ વિરુદ્ધ ચાર મતથી હરાવ્યા હતા.

થાણે મહાનગરપાલિકાની રખડી પડેલી નવ પ્રભાગ સમિતિના અધ્યક્ષપદની ચૂંટણી મંગળવારે પાર પડી હતી. આ ચૂંટણી માટે ૩૧ જુલાઈના ઉમેદવારોએ અરજી દાખલ કરી હતી, નવ પ્રભાગ સમિતિ માટે કુલ ૧૦ ઉમેદવારોએ અરજી દાખલ કરી હતી, તેમાંથી આઠ પ્રભાગ સમિતિમાં ફકત એક જ અરજી હોવાથી ત્યાં અધ્યક્ષ બિનવિરોધ ચૂંટાયા હતા.

શિંદે શિવસેના તરફથી નૌપાડા-કોપરી વોર્ડ સમિતિ, માનપાડા-માજિવાડા પ્રભાગ સમિતિ, કલવા પ્રભાગ સમિતિ, લોકમાન્ય-સાવરકર પ્રભાગ સમિતિ, દિવા પ્રભાગ, અને વર્તકનગર પ્રભાગ સમિતિમાં ઉમેદવારોએ અરજી કરી હતી. તો મહાયુતિમાં પ્રભાગની વહેંચણીમાં ઉથળસર પ્રભાગ સમિતિ ભાજપના ફાળે જતા ભાજપના નગરસેવકે અરજી કરી હતી. આ તમામ વોર્ડમાં એક જ અરજી આવી હોવાથી તમામ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા.

મુંબ્રા પ્રભાગ સમિતિના અધ્યક્ષપદ માટે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (શરદ પવાર) પક્ષના નગરસેવિકાએ એઆઈએમઆઈએમના ઉમેદવારને હાર આપી આ સમિતિ કબજે કરી હતી. અહીં રાષ્ટ્રવાદી (શરદ પવાર)ના ૧૦, એમઆઈએમના પાંચ અને રાષ્ટ્રવાદી (અજિત પવાર) પક્ષના એક નગરસેવક છે. તેથી સંખ્યાબળને આધારે શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસનો વિજય નિશ્ચિત હતો. બંને ઉમેદવારોએ મંગળવારે ઉમેદવારી પાછી નહીં ખેંચતા ચૂંટણી થઈ હતી, જેમાં શરદ પવારની રાષ્ટ્રવાદીને ૧૦ અને એઆઈએમઆઈએમને ચાર મત મળ્યા હતા. ચૂંટણીમાં મતદાન સમયે અજિત પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નગરસેવક અને એઆઈએમઆઈએમની બહુચર્ચિત નગરસેવિકા સહર શેખ ગેરહાજર રહ્યાં હતાં.

# અયોધ્યા મંદિર લૂંટ, વિદ્યાર્થી વિરોધીઓ પર પોલીસની કાર્યવાહીને લીધે ભાજપે બાંકીપુર બેઠક ગુમાવીઃ રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે મંગળવારે દાવો કર્યો હતો કે અયોધ્યા રામમંદિરની લૂંટ અને ‘નીટ’ પેપર લીક વિરોધ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી પરના રોષના કારણે બિહાર બાંકીપુર વિધાનસભા પેટાચૂંટણીમાં ભાજપની હાર થઈ હતી.

જન સુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે ૧૯૯૫થી ભાજપના ગઢ રહેલા બિહારના બાંકીપુર વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણીમાં સોમવારે વિજય મેળવી ભગવા પક્ષને ચોંકાવી દીધો હતો.ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નબીનએ બેઠક ખાલી કર્યા પછી પેટા ચૂંટણી જરૂરી બની હતી. પ્રશાંત કિશોરે નિકટના ભાજપ હરીફ નીરજ કુમારને ૧૯ હજાર ૩૨૪ મતના તફાવતથી હરાવ્યા હતા.

નવી દિલ્હીમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાઉતે કહ્યું હતું કે જંતર-મંતર પર વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અને ત્યારબાદ યુવા વિરોધીઓ સામે પોલીસ કાર્યવાહી, અયોધ્યામાં રામમંદિર મંદિરમાં લૂંટ અને આ મુદ્દાઓ પર ભાજપ નેતૃત્વનું મૌન ભગવા પક્ષના ગઢ બાંકીપુરમાં હારનાં કારણો હતાં.

લખનઊમાં પક્ષ પ્રમુખ નીતિન નબીનનું સ્વાગત કરતી વખતે હિન્દુ દેવતા હનુમાનના પોશાક પહેરેલા અને ભાજપનો ધ્વજ લહેરાવતા કલાકારના વીડિયોથી લોકોની લાગણીઓને ઠેસ પહોંચી છે.

રાજ્યસભા સંસદસભ્યએ વધુમાં જણાવ્યું હતું કે પેટાચૂંટણીનાં પરિણામોએ વિપક્ષનો આત્મવિશ્વાસ વધાર્યો છે. તેમણે ૧૯૮૮માં અભિનેતા અમિતાભ બચ્ચનના રાજીનામા પછી જરૂરી બનેલી અલ્હાબાદ પેટાચૂંટણીનો ઉલ્લેખ કર્યો હતો. એ ચૂંટણીમાં વીપી સિંહ જીત્યા હતા અને તેમની જીત દેશમાં કૉંગ્રેસના પતનની શરૂઆતમાં નિમિત્ત બની હતી.

# સરકારી સેવાઓ માટે ઓછા આંટાફેરા, ઝડપી મંજૂરી અને ઓછા કાગળિયાં

મુંબઈઃ રાજ્યના નાગરિકોને સરકારી સેવાઓ અને વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેતી વખતે પડતી મુશ્કેલી ઘટાડવા માટે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. સેવાઓને વધુ સુલભ, પારદર્શક અને ઝડપી બનાવવા માટે સરકારે સરકારી પ્રક્રિયા પુનર્ગઠન (જીપીઆર) લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આ પ્રક્રિયા સરકારી ઓફિસોના આંટાફેરા, અરજીઓમાં બિનજરૂરી માહિતી, દસ્તાવેજોની સંખ્યા અને મંજૂરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો કરશે. એટલું જ નહીં,જેનાથી મોટાભાગની સેવાઓ સંપૂર્ણપણે ડિજિટલી ઉપલબ્ધ કરાવવાનો માર્ગ મોકળો થશે. સરકારના નિર્ણય અનુસાર દરેક વહીવટી વિભાગે બધી સેવાઓ અને યોજનાઓનું પુનર્મૂલ્યાંકન કરવું પડશે અને પાંચ મુખ્ય સિદ્ધાંતોના આધારે સુધારા કરવા પડશે.

નાગરિકોને શક્ય હોય ત્યાં સુધી ઓફિસ સુધી લાંબા ન થવું પડે, અરજીઓ અત્યંત સરળ બને, આધાર, મહા-સિધન્વય અને સરકારી ડેટાબેઝમાંથી માહિતી આપમેળે ભરવાની વ્યવસ્થા કરવા, જરૂરી દસ્તાવેજોની સંખ્યા ઓછામાં ઓછી રાખવા અને ડિજિલોકર અને ઇન્ટર ઓપરેબિલિટી દ્વારા ઉપલબ્ધ દસ્તાવેજો ફરી માગવા નહીં એવી સૂચનાઓ આપવામાં આવી છે. કોઈપણ સેવાની મંજૂરી માટે જરૂરી વહીવટી પ્રક્રિયા મહત્તમ ત્રણ સ્તર સુધી મર્યાદિત રહેશે.

# મેન્ગ્રોવ્સ પર ડ્રેબિજ નાંખ્યુંઃ પોલીસમાં ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં પહેલી એપ્રિલ, ૨૦૨૬ના રોજ કન્સ્ટ્રકશન ઍન્ડ ડિમોલિશન (સી ઍન્ડ ડી) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અમલમાં આવ્યા ત્યારથી મુંબઈ મહાનગરપાલિકાએ ગેરકાયદેસર બાંધકામ કરનારા અને કાટમાળનો ગમે ત્યાં નિકાલ કરનારા સામે આકરાં પગલાં લેવાનું પ્રમાણ વધારી દીધું છે. નિયમ મુજબ આ કચરો કરનારા માટે તેનો નિકાલ વૈજ્ઞાનિક રીતે અથવા તેના રિસાયક્લિંગને ફરજિયાત બનાવવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ મહિનામાં પાલિકાએ ૧.૦૩ લાખ મેટ્રિક ટન સી એન્ડ ડી કચરો એકત્ર કર્યો છે અને ૭૭,૦૪૮ મેટ્રિક ટન પર પ્રક્રિયા કરી છે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ પાસેથી દંડ પેટે ૨૩.૧ લાખ રૂપિયા વસૂલ્યા છે.

# મહારાષ્ટ્રના શાળા અભ્યાસક્રમમાં ડ્રગ્સ વિરોધી પાઠ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શાળાના અભ્યાસક્રમમાં ડ્રગ્સ વ્યસન મુક્તિના પાઠનો સમાવેશ કરવાનો નિર્દેશ સંબંધિત અધિકારીઓને આપ્યો છે. ફડણવીસે સોમવારે જણાવ્યું હતું કે શાળા શિક્ષણમાં મહારાષ્ટ્ર દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે અને ગુણવત્તા, મરાઠીને પ્રાથમિકતા, ઇતિહાસની જાળવણી અને આધુનિક સુવિધાઓને સંતુલિત કરી વિદ્યાર્થી-કેન્દ્રિત પ્રણાલીને મજબૂત બનાવી રહ્યું છે. શાળા શિક્ષણ વિભાગની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરતા તેમણે અધિકારીઓને શાળાના અભ્યાસક્રમમાં ડ્રગ્સ વ્યસન મુક્તિના પાઠનો સમાવેશ કરવાની પ્રક્રિયા શરૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. રાજ્ય સરકારે શાળાઓમાં ડ્રગ્સ વિરોધી માર્ગદર્શન અને કાઉન્સેલિંગ સમિતિઓની સ્થાપના કરવાનો અને ડ્રગ્સ-મુક્ત શાળા અભિયાન શરૂ કરવાનો નિર્ણય લીધો હોવાની જાણકારી આપી તેમણે અધિકારીઓને શાળા સુરક્ષાને મજબૂત બનાવવા અને વિદ્યાર્થીઓમાં સાયબર છેતરપિંડી અને ડ્રગ્સના દુરુપયોગને રોકવા માટે કડક પગલાં અમલમાં મૂકવા નિર્દેશ આપ્યો હતો. ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યના પ્રયાસોને પગલે કેન્દ્રએ એનસીઈઆરટી પાઠ્યપુસ્તકોમાં રાજા છત્રપતિ શિવાજી મહારાજના ઇતિહાસને વ્યાપક રીતે સમાવી લીધો છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### પાલિકાની ઓફિસ

બે કોન્ટ્રાક્ટ વચ્ચે થયેલા વિવાદમાં આ હુમલો થયો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ભાયંદરમાં રહેતા સિંહે અઠવાડિયા અગાઉ માટુંગાની ઝૂંપડપટ્ટીમાં લાદી અને કોબો કરવાના કોન્ટ્રાક્ટનું ટેન્ડર ઑનલાઈન ભર્યું હતું. ત્યાર પછી બીજી ઑગસ્ટે ફરિયાદીના મોબાઈલ પર ફોન કરી અજાણ્યા શખસે માટુંગામાં બીએમસીના કોન્ટ્રાક્ટ લેવા મામલે ધમકી આપી હતી.

ટેન્ડર સંબંધી તપાસ કરવા માટે ફરિયાદી સોમવારે બપોરે માટુંગાના ભાઉ દાજી રોડ પર આવેલી પાલિકાની એફ નૉર્થ વૉર્ડમાં ગયો હતો. અધિકારીને મળ્યા પછી ફરિયાદી પાછલા ગેટથી તેલંગ રોડ પરના પાયોનિયર હૉલ નજીક પહોંચ્યો ત્યારે ચાર શખસે તેને રોક્યો હતો. નામ પૂછ્યા પછી ફરિયાદીની મારપીટ કરવામાં આવી હતી. પછી એકે ફરિયાદીના પેટ પર ચાકુનો ઘા કર્યો હતો તો બીજાએ હાથ પર બિયરની બૉટલ ફટકારી હતી.

ફોન પર મળેલી ધમકીને પગલે ફરિયાદી પોતાની સાથે ચાકુ લઈને ગયો હતો. ફરિયાદીએ ચાકુ દેખાડતાં હુમલાખોર ભાગવા લાગ્યા હતા. ફરિયાદીએ પીછો કરી એક હુમલાખોરના પગ પર ચાકુથી ઘા કર્યો હતો, જેને પગલે તે જમીન પર ફસડાઈ પડ્યો હતો, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

દરમિયાન પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જખમીઓને સારવાર માટે સાયન હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

### ઓપરેશન ટાઇગર

દિવસોમાં આ બીજી વખત બન્યું છે. વિધાન પરિષદના નવનિયુક્ત ઉપાધ્યક્ષ સચિન અહિર, સંસદ સભ્ય શ્રીકાંત શિંદે, નરેશ મસ્કે, નાગેશ પાટીલ અષ્ટિકર, સંજય પાટીલ અમિત શાહને મળ્યા હતા. ઠાકરેના સંસદ સભ્યોએ પક્ષ છોડ્યા પછી આ બીજી મુલાકાત છે. એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેના પોતાના પક્ષનો વિસ્તાર કરી રહી છે. આ સંદર્ભમાં પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો છે કે શું આ સંસદ સભ્યો અમિત શાહને મળ્યા પછી રાજ્યમાં ફરી એકવાર ઓપરેશન ટાઇગર શરૂ કરવામાં આવશે? દરમિયાન, શિવસેના પક્ષ અને પ્રતીક અંગેની સુનાવણી મંગળવારે થવાની હતી. જોકે, હવે સુનાવણી બુધવારે બપોરે ૨ વાગ્યે શરૂ થશે તેવું જાણવા મળ્યું છે.

### બેસ્ટને

બસો, મેનપાવર અને મર્જર દ્વારા બેસ્ટને ફરીથી સક્રિય કરવાના પ્રયાસો કરવામાં આવશે એવું બોલતા બેસ્ટ સમિતિના ચેરપર્સન તૃષ્ણા વિશ્વાસરાવે જણાવ્યું હતું કે બેસ્ટના નાણાકીય રીતે સધ્ધર અને આત્મનિર્ભર બનાવવા માટે લગભગ ૨૮,૦૦૦ કરોડ રૂપિયાની જરૂર છે, તે માટે અસ્કયામતો વિકસાવવા માટેની વ્યાપક યોજના મંગળવારે બેસ્ટ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. બેસ્ટની મિલકતો પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ (પીપીપી) ધોરણે વિકસાવવાની દરખાસ્ત છે. જોકે આ વિકાસ પ્રક્રિયામાં બેસ્ટની જમીન અને મિલકતોની માલિકી કાયમ બેસ્ટ પાસે જ રહેશે.

### વેટ લીઝ બસના

પહેલનો ઉદ્દેશ્ય ડ્રાઇવરોમાં સલામત અને રક્ષણાત્મક ડ્રાઇવિંગની પ્રેક્ટિસ આપવાનો અને માર્ગ સલામતી વિશે જાગૃતિ લાવવાનો છે. આ તાલીમમાં લેન શિસ્તનું પાલન કરવા, લેન કટિંગ ટાળવું, ઝડપ મર્યાદાનું કડક પાલન, સલામત અંતર જાળવવા અને ડ્રાઇવિંગ કરતી વખતે મોબાઇલ ફોનના ઉપયોગને સંપૂર્ણપણે ટાળવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ ઝુંબેશ વેટ લીઝના કૉન્ટ્રાક્ટરો સાથે સંકલન કરીને તમામ વેટ લીઝ ડેપોમાં તેમજ દિંડોશી તાલીમ કેન્દ્રમાં અમલમાં મૂકવામાં આવશે. ડ્રાઈવરોને કાઉન્સેલિંગ સત્રો, સલામતી માર્ગદર્શન અને વ્યવહારુ તાલીમ કાર્યક્રમો દ્વારા તાલીમ આપવામાં આવશે.

### મુંબઈગરાને

દિવ્યાંગ મુસાફરોની વ્હીલચેર માટે ૪૦૦ મિ.મી. ઊંચાઈનો અલ્ટ્રા-લો ફ્લોર પ્રવેશદ્વાર છે. આ તમામ ઇલેક્ટ્રિક મીડી બસો ચાર તબક્કામાં બેસ્ટના ૧૩ બસ ડેપો દાખલ થશે.

#### બસોની વિશેષતાઓ

આ બસોમાં અત્યાધુનિક લિથિયમ આયન ફોસ્ફેટ બેટરી, ફૂલ એર સસ્પેન્શન સિસ્ટમ, ફાસ્ટ ડાયરેક્ટ કરંટ ચાર્જિંગ સિસ્ટમ, ૩૬૦ ડિગ્રી સીસીટીવી, આઈટીએમએસ અને ફાયર ડિટેક્શન અને સપ્રેશન સિસ્ટમ ઉપલબ્ધ, ગ્રીનસેલ મોબિલિટી (૭૦ ટકા હિસ્સો ૧,૦૫૦ બસ) અને સાઈ ગ્રીન (૩૦ ટકા હિસ્સો ૪૫૦ બસ), બસોની બેઠક ક્ષમતા ૩૧+૧ની હશે.

### ‘ગૂંગી ગૂડિયા’

છે. મહારાષ્ટ્રની રાજકીય સંસ્કૃતિમાં આટલા નિમ્ન સ્તરે જનારા લોકોને પહેલીવાર જોઈ રહ્યા છીએ એમ ફડણવીસે જણાવ્યું હતું. સુનેત્રા પવાર હજુ કેટલા દિવસ ‘ગૂંગી ગુડિયા’ બનીને રહેશે? એવો સવાલ કૉંગ્રેસ પક્ષે તેમની પોસ્ટ દ્વારા પૂછ્યો હતો. ઇંદિરા ગાંધી માટે પણ આવા જ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે પોતાના કામ દ્વારા ટીકાકારોને જવાબ આપ્યો હતો. સુનેત્રા પવાર ક્યારે જવાબ આપશે? એવો આકરો સવાલ કૉંગ્રેસે પૂછ્યો હતો.

### સુનેત્રા પવાર

ધનંજય મુંડેએ બીડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે પત્રકારે કરેલા પ્રશ્નથી સુનેત્રા પવારને સંભાળી લીધા હોવાના અહેવાલ છે. તાજેતરના વીડિયોમાં મુંડે એક પત્રકારના પ્રશ્ન દરમિયાન હસ્તક્ષેપ કરતા જોવા મળે છે. પવારે પ્રશ્નનો જવાબ આપ્યો ન હતો પરંતુ મુંડેએ વાતચીત સમાપ્ત થયાની જાહેરાત કરતાં જ તેઓ નીકળી ગયાં હતાં. કૉંગ્રેસે પોતાના સોશ્યલ મીડિયા હેન્ડલ પર આ વીડિયો પોસ્ટ કરી સુનેત્રા પવારને ‘ગૂંગી ગુડિયા’ તરીકે ઓળખાવ્યા હતા.

પવાર બીડ જિલ્લાના વાલી પ્રધાન છે. મુંડેના નિકટના સાથી વાલ્મિક કરાડ બીડમાં જ મસાજોગ સરપંચ સંતોષ દેશમુખની હત્યાના મુખ્ય આરોપી છે. ‘સુનેત્રા પવાર હજુ કેટલા દિવસ ‘ગૂંગી ગુડિયા’ રહેશે?’ કૉંગ્રેસે પોસ્ટમાં લખ્યું હતું. આ અંગે વળતો પ્રહાર કરતાં એનસીપીના પ્રવક્તા ઉમેશ પાટીલે સવાલ કર્યો હતો કે ‘શું વિપક્ષી પક્ષ આડકતરી રીતે સ્વીકારી રહ્યો છે કે સ્વર્ગસ્થ ઇન્દિરા ગાંધીની ટીકા વાજબી હતી. લોકશાહી મંતવ્યોના મતભેદો અને નીતિઓની તીવ્ર ટીકાને મંજૂરી આપે છે, પણ મહિલાઓને ઉતારી પાડતી ભાષા કોઈપણ રાજકીય પક્ષને શોભતી નથી.’

નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ કહ્યું કે કૉંગ્રેસને રાજ્યના પ્રથમ મહિલા ડેપ્યુટી સીએમ વિરુદ્ધ કરેલી ટિપ્પણી બદલ શરમ આવવી જોઈએ. આ રાજ્યના તમામ ‘લાડકી બહિણ’નું અપમાન છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં પોતે શું કરી શકે છે એ આ બહેનોએ બતાવી દીધું હતું. (પીટીઆઈ)

### બુલેટ ટ્રેન

આપતી વખતે કોર્ટે અવલોકન કર્યું હતું કે ટ્રાન્સમિશન લાઇન એ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો છે, જે રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવે છે.

પાલઘર જિલ્લામાં હાલના દહાણુ સબ-સ્ટેશનથી પ્રસ્તાવિત અંબરસેરાઈ ટ્રેક્શન સબ-સ્ટેશન સુધી ૧૩૨ કેવી ટ્રાન્સમિશન લાઇનના નિર્માણ અને બિછાવવાની કામગીરી માટે મેન્ગ્રોવ્સ કાપવાની પરવાનગી માગતી મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કંપની લિમિટેડની અરજી પર કોર્ટે આ આદેશ પસાર કર્યો હતો.

હાઇ-સ્પીડ રેલ સિસ્ટમને અવિરત વીજળી પુરવઠો પૂરો પાડનાર આ પ્રસ્તાવિત ટ્રાન્સમિશન લાઇન, જેની લંબાઈ આશરે ૧૩ કિમી છે, તેના અમુક ભાગો મેન્ગ્રોવ જંગલની જમીન તથા ખાનગી જંગલ વિસ્તારમાંથી પસાર થાય છે. કોર્ટે રાજ્ય સરકારને ચાર અઠવાડિયાની અંદર નિર્દેશોનું પાલન અને અમલીકરણ સુનિશ્ચિત કરવાનો આદેશ આપ્યો હતો.

### પોલીસ દળમાં

જણાવ્યા મુજબ આરોપીઓમાંથી બે અધિકારી વિજયા અશોક ચવાણ અને અમોલ અરુણરાવ મેશ્રામને મંગળવારે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ સંદર્ભેના આદેશમાં નોંધવામાં આવ્યું હતું કે મરોલના લોકલ આર્મ્સ વિભાગની ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ વિજયા ચવાણ અને વેસ્ટર્ન રિજનલ ડિવિઝનમાં ફરજ બજાવતો અમોલ મેશ્રામ આ કથિત ગેરરીતિ આચરાઈ ત્યારે નૉર્થ રિજન ડિવિઝનમાં ફરજ બજાવતાં હતાં.

કહેવાય છે કે પોલીસ કર્મચારીઓનો ડેટા જૂની ‘સેવાર્થ’ વેતન સિસ્ટમમાં અપલૉડ કરાયો હતો. ‘સેવાર્થ’ના સૉફ્ટવેરને અપડેટ કરીને નવું વર્ઝન તૈયાર કરાયું હતું, જેમાં પોલીસ અધિકારી-કર્મચારીનો ડેટો ટ્રાન્સફર કરતી વખતે શંકાસ્પદ અનિયમિતતા જણાઈ હતી.

તપાસમાં જણાયું હતું કે જે લોકો પોલીસ દળમાં ફરજ બજાવતા નથી તેમને પોલીસ કર્મચારી દર્શાવીને તેમના નામે વેતન ચૂકવવામાં આવતું હતું. આ બાબતે અધિકારીએ શંકા વ્યક્ત કરતાં ઑડિટ કરવામાં આવ્યું હતું. ઑડિટમાં ૨૦૧૯ અને ૨૦૨૦ની સાલના અમુક મહિનાઓના પગારની રકમમાં મોટો તફાવત જણાયો હતો.

સમતાનગર પોલીસ સ્ટેશનમાં કરાયેલી ફરિયાદ અનુસાર રામદાસ ભોગલે, સુધાકર કદમ, સરજુ યાદવ, ભગવત ભોસલે, ગુણાજી ખાવકર, મહાદેવ હલદણકર, રાજેન્દ્ર સોનાર, ઉત્તમ થોરાત, સૂર્યકાંત પાટીલ અને પાંડુરંગ કદમના નામે પગાર કઢાવવામાં આવ્યો હતો. આ લોકો પોલીસ દળમાં કાર્યરત ન હોવાનું સામે આવ્યું હતું. આ લોકો કોણ છે તેની તપાસ પોલીસ કરી રહી છે.

## હિન્દુ મરણ

અમારા પિતાશ્રી સ્વ ગણપતભાઈ વાઘજીભાઈ કાપડીયા (ઉં. વ. ૬૮) તા. ૩/૮/૨૬ને સોમવારના કૈલાશવાસી થયેલ છે. સદ્‌ગતનું બેસણું ૬-૮-૨૬ને ગુરુવાર રોજ સાંજે ૪:૩૦ થી ૬:૦૦. વરીયા પ્રજાપતી જ્ઞાતીની વાડી, બેડી નાકા ટાવર પાસે રાજકોટ.

**કોળી પટેલ**

ગામ એરૂ નાનાફળીયા, હાલ વિરારના રહેવાસી સ્વ. કાશીબેન સોમાભાઈના પુત્ર સુમનલાલ રવિવાર, તા.૨-૮-૨૬ના રોજ વૈકુંઠધામ સિધાવ્યા છે. તે નિરૂબેનના પતિ. હિતેષ અને સ્વ. દિપકના પિતા. કીંજલના સસરા. કૃતિકા, યશવી, અનુષ્કા, દક્ષતા, જશાંકના દાદા. સ્વ.ગુલાબભાઇના ભાઇ. તે હેમલતાબેન, કિશોરભાઇ, સતીશભાઇના કાકા. તેમનું બેસણું (પ્રાર્થનાસભા) બન્ને પક્ષનુ તા. ૬-૮-૨૬ ના રોજ બપોરે ૨ થી ૫ વાગે વિરાર પશ્ચિમ નીવાસ સ્થાને રાખવામાં આવેલ છે. તેમજ પુષ્પાણી ગુરૂવાર તા.૧૩-૮-૨૬ ના બપોરે ૩થી ૪ વાગે તેમના નિવાસસ્થાને. સરનામુઃ ઇ-૧૯ જય સ્વાગત કો.ઑ.હા.સોસાયટી, અગાશી રોડ, શીતલ નગર, દેસાઇ હોસ્પિટલ નજીક, વિરાર પશ્ચિમ.

**ચેવલી ભણસાળી**

ગં. સ્વ. ચિત્રાબેન સતીષ ભણસાળી (ઉં. વ. ૮૦) તે સ્વ. સતીષ આત્મારામ ભણસાળીના ધર્મપત્ની. રેસ્મા, લલિતના માતુશ્રી. મોનીષ, દક્ષાના સાસુ. ચીત્રિકા, ક્રિષ્ટ, ક્રિતીકા, સિદ્ધિકા, અભીનવના દાદી તા. ૩-૮-૨૬ના દેવલોક પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કંઠી ભાટીયા**

બેડ-જામનગર નિવાસી હાલ મુંબઇ સ્વ. અજીતભાઇ રવજીયાણી (ઉં. વ. ૭૯) તે સ્વ. મણિભાઇ પ્રાગજી રવજીયાણીના સુપુત્ર. મિનાક્ષીબેનના પતિ. ડો. અમર ચાંદની અને ભક્તિના પિતા. હસમુખભાઇ, સ્વ. નલિનીબેન, સ્વ. સનતભાઇના ભાઇ. ડો. સ્વાતિબેન, નૈષધભાઇ કુણાલભાઇના સસરા. સ્વ. દયાલજી ઉદેશીના જમાઇ રવિવાર તા. ૨-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા બુધવાર ૫મી ઓગસ્ટ, ૨૦૨૬ સાંજે ૪.૩૦થી ૬.૩૦. ઠે. શ્રીમતી ઝવેરબેન પોપટલાલ સભાગૃહ (ઝવેરબેન ઓડિટોરિયમ), ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઇસ્ટ).

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ માતાજીના નેત્રા હાલ મુલુંડ ગં. સ્વ. દેવયાની ધનજી ચંદનના નાના સુપુત્ર તેજસ (ઉં. વ. ૬૩) તે સ્વ. કમલેશ ધનજી ચંદનના નાનાભાઇ. સ્નેહાના પિતાશ્રી. સુચિતા લાલજી રાયમંગ્યા, હર્ષા હીરજી મજેઠીયા, દક્ષા સુરેશ સચદે તથા જયશ્રી ગિરીશ ઠક્કરના ભાઇ. શીતલ, જેસિકા, વિકાસ, જયોતી, મેહુલ, જેસલના મામા સોમવાર, તા. ૩-૮-૨૬ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કપોળ**

રાજુલા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. કાંતિલાલ ગીરધરલાલ ભુતાના ધર્મપત્ની ગં.સ્વ. ભાનુમતી (ઉં. વ. ૮૧) ૨/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે જ્યોતિબેન હિતેન્દ્રકુમાર ગોરડીયા, રાકેશ-છાયા, જયેશ-નિમીષાના માતુશ્રી. સ્વ. વિઠ્ઠલદાસ કલ્યાણજી મહેતાના દીકરી. સ્વ. ચંપકભાઈ, દમયંતીબેન પુરુષોત્તમદાસ શેઠ, જશવંતરાય, દિનુબેન હર્ષદરાય મહેતાના ભાભી. સ્વ. દિનતાબેન, સ્વ. નીલાબેન, પુષ્પાબેન, અરવિંદભાઈ, પદમાબેનના બહેન. તેમની પ્રાર્થનાસભા ૬/૮/૨૬ના રોજ ૪ થી ૬. પાવનધામ મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**દશા મેવાડા વણિક**

નિરંજના (નીના) શાહ, તે રજનીકાંત રમણલાલ શાહના પત્ની સ્વ. શાંતાબેન અને હરીલાલ સુરતીના સુપુત્રી. સ્વ. દિલીપ સુરતીના બેન. નીરવ અને નિયતિના માતા. શીતલના સાસુ તા. ૩.૮.૨૬ના રોજ શ્રીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

તેહમુરસપ ફામરોઝ બિલલીમોરીયા તે રોશનના ધની. તે મરહુમો બાનુબઇ ફરામરોઝ બિલલીમોરીયાના દીકરા. તે મરહુમો જાલ, મીનું, પેસી, ધનજીશા, બેહરામ સામ ને ઓસ્તી બપઇ. તે અદીલ, પરલ, હોમી, ગોદરેજ, હોમીયાર, યાસમીન, ઝીનોબીયા, શેરનાઝ ને મરહુમ મેહરનોશના કાકા. તે નેવીલના મામા. તે મરહુમો સીલામાય રતનશા એલવીયાના જમાઇ. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૭-સી, તાતા કોલોની, રૂમ નં.૧૧, તુલસીવાડી, તારદેવ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા.૬-૮-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ભાભા નં-૨, બંગલીમાં છે જી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નંદલાલ કેશવજી કોઠારી તથા સ્વ. ગુલાબબેનના દીકરા અશ્વિનભાઇ (ઉં. વ. ૮૮) તે મૃદુલાબેનના પતિ તા. ૧-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વિરેનભાઇ (બકુલ)ના મોટાભાઇ. રેણુકાબેનના જેઠ. ધરા, હેમાલી અને નીલીના પિતાશ્રી. હાર્દિક, વિનીતના મોટા પપ્પા. તે સ્વ. શાંતાબેન અને સ્વ. પરશોતમભાઇ મહેતા (માટલીયા)ના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ જૈન**

પાટણ નિવાસી ભાભાના પાડાના હાલ નેપેન્સી રોડ, મુંબઇ, સ્વ. મણીબેન અમૃતલાલ જેસિંગલાલ શાહના સુપુત્ર ચંદ્રકાંતભાઇ અમૃતલાલ શાહ (ઉં. વ. ૮૮) મંગળવાર, તા. ૪ ઓગસ્ટના અરિહંતશરણ પામેલ છે. તે ભદ્રાબેનના પતિ. પિનાકીન તથા સ્વ. ચિરાગના પિતા. સોનાલીબેનના સસરા. પક્ષાલ-ધ્વની, ક્રિષ્મા-જાલના દાદા. શાંતિલાલ ચંદુલાલ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મુળી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. ભુપતરાય વાડીલાલ શાહના ધર્મપત્ની પ્રફુલાબેન (ઉં. વ. ૮૩) તે હિતેશ, કૃપા, હેમાંગના માતુશ્રી. પ્રિતી, વિપુલના સાસુ. અરૂણાબેન કિશોરભાઈ શાહના દેરાણી, સ્વ. કાંતાબેન જગજીવનદાસ અદાણીના દીકરી. ૩/૮/૨૬ ના રોજ અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સ્વ. શશીકાંત નાનચંદ શાહના ધર્મપત્ની વનીતાબેન (ઉં. વ. ૮૦) ગામ દેવગણા નિવાસી હાલ મુલુન્ડ, તા. ૨/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. પાર્વતીબેન નાનચંદ રુઘનાથના પુત્રવધૂ. હેતુક, ચેતનાબેન ધર્મેન્દ્રકુમાર માલિયા, ડિમ્પલબેન પ્રશાંતકુમાર પાટીલના માતુશ્રી. રૂપલના સાસુ. મનહરલાલ શાહ, સ્વ. કળાબેન પ્રતાપરાય દોશી, ઇન્દુબેન જયસુખલાલ દોશીના ભાભી. પિયરપક્ષે કળાબેન રતિલાલ મહેતા પાલીતાણાવાળાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વીશા શ્રીમાળી જૈન**

મોનપર નિવાસી હાલ બોરીવલી, સ્વ. નેમચંદ નાગજી દોશીના સુપુત્ર રાજેન્દ્ર નેમચંદ દોશી (ઉં. વ. ૭૭) સોમવાર, તા. ૩/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અરૂણાબેનના પતિ. ઉર્વી રિતેશકુમાર સંઘવી, કાજલ કલ્પેશકુમાર વકિલ. પૂજા નવનીતકુમાર ગુપ્તાના પિતાશ્રી. શશીકાંતભાઇ, જીતેન્દ્રભાઈ, કિર્તીભાઇ, જયશ્રીબેન રાજેન્દ્રકુમાર દોશીના ભાઇ. સાસરાપક્ષે હીરાલક્ષ્મી મનસુખલાલ નાનચંદ દોશી, દેપલાવાળાના જમાઇ. ખુશી, માનવી, શીવાંષ, પ્રાન્સીના નાના. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાગલપુરનાં મણીબેન મોતીલાલ રાંભીયા (ઉં. વ. ૮૪) ૩-૮-૨૬ના અવસાન પામેલ છે. સુંદરબેન હંસરાજ રાંભિયાના પુત્રવધૂ. કોડાય નેણબાઈ દામજીના પુત્રી. વિપુલ, ઉપેન્દ્ર, અમિતાના માતા. ભાનુના બેન. છસરા પ્રાર્થના રાખેલ નથી. નિવાસઃ વિપુલ રાંભીયા, ૬૦૨/સી૭, પૂનમ વિહાર, પી. જી. વોરા સ્કૂલ રોડ, મીરા રોડ (પૂ.).

તલવાણાના ભારતીબેન હરખચંદ દેઢિયા (ઘાસવાલા) (ઉં. વ. ૭૫) તા. ૩-૮ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન રામજી હંસરાજના પુત્રવધૂ. હરખચંદના ધર્મપત્ની. રાહુલ (કવિન્દ્ર), પારસ, મુક્તિના મમ્મી. ચંચળબેન રામજીના સુપુત્રી, કૈલાશ, દેઢીઆના વાસંતી ડો. પ્રવિણ પુનશી પાસડ, બાડા કુસુમ મહેશ લાલજીના બેન. નેત્રદાન/ત્વચાદાન કરેલ છે. પ્રાઃ શ્રી વ. સ્થા.જૈન શ્રા.સં.: કરશન લધુ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦.

મોટા લાયજાના એડવોકેટ દિવ્યાબાળા વેલજી પૂંજા શાહ (ગાલા) (ઉં. વ. ૭૫) તા. ૨-૮-૨૬ના અવસાન પામેલ છે. ખેતબાઈ પૂંજાના પૌત્રી. ડોણના પાનબાઇ વણવીરના દોહિત્રી. ચંચળબેન વેલજીના પુત્રી. વિનોદ, સુરેશના બેન. પ્રા શ્રી માનવ સેવા સંઘ, સાયન મેન રોડ, સાયન (ઇ) ટા. ૪ થી ૫.૩૦.

ગઢસીસાના જવેરચંદ દેવજી નાગડા (ઉં. વ. ૮૩) તા. ૩-૮ના અવસાન પામેલ છે. તેજબાઈ દેવજી રવજી નાગડાના સુપુત્ર. લક્ષ્મીબેનના પતિ. કલ્પેશ, રાજુલના પિતાશ્રી. પ્રેમજી, શાંતીલાલ, દામજી, હસમુખ, દેવપુર મીઠીબાઈના ભાઈ. દેવપુરના કુંવરબાઈ રાયશી મુરજી ગોસરના જમાઈ. પ્રા. શ્રી ક.વિ.ઓ.દે.મ. સંચાલીત શ્રી જીરાવલ્લા દેરાસર વાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઈ.) સમય ૩.૦૦ થી ૪.૩૦.

તલવાણાના કિશોરભાઈ વલ્લભજી પોલડીયા (ઉં. વ. ૬૩) તા. ૩-૮-૨૬ના અરિહંત શરણ પામેલ છે. હાંસબાઇ/ચચંળબેન વલ્લભજીના પુત્ર. અરૂણાબેનના પતિ. મહાવીર, સ્વ. વિજય (બબલુ)ના પિતા. નવીન, ગીતેન, સ્વ. ચુનીલાલ, હર્ષાના ભાઇ. લાયજાના ગંગાબાઇ હિરજી વોરાના જમાઇ. પ્રા. શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન, ૭૦/૮૦, ડો. બાબાસાહેબ આંબેડકર રોડ, ચિંચપોકલી (ઇ) ટા. ૩ થી ૪.૩૦.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઇન્ટરવલ

feedback@bombaysamachar.com
કવર સ્ટોરી
નિલેશ વાઘેલા

# ગોડઝિલા અલ નિનો ક્યાં ભેરવાઇ ગયું?

**જેને ગોડઝિલા નામ આપવામાં આવ્યું અને હવામાન ખાતાએ જેની ગંભીર ચેતવણી આપી હતી એવી, ભૌગોલિક સ્તરે ખળભળાટ મચાવી નાખનારી અત્યારે તો સાવ બોગસ સાબિત થશે એવું લાગી રહ્યું છે. ભયાનક દુષ્કાળના ભય સામે થોડા જ સમયમાં એવી અતિવૃષ્ટિ જોવા મળી કે જેમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યો અને હવે તો આપણે રોજ રેડ અલર્ટની ચેતવણી સાંભળી રહ્યા છીએ. ચાલો જાણીએ કે હવામાનશાસ્ત્રીઓનું ગણિત આખરે કોણે ખોટું પાડ્યું?**



## પિક્ચર અભી બાકી હૈ?

વર્લ્ડ મિટિયોરોલોજિકલ ઓર્ગેનાઇઝેશનના જણાવ્યા અનુસાર, અલ નિનો હવામાન પેટર્ન મજબૂત બની રહી હોવાથી આગામી મહિનાઓમાં વિશ્વના ઘણા ભાગોમાં ગરમ અને સૂકું હવામાન સર્જાવાની ધારણા છે, જેના કારણે ભારતના ચોમાસા અંગે ચિંતા વધી શકે છે!

લગભગ ચારેક મહિના પહેલાથી આપણે અલ નીનો અંગે ચેતવણી સાંભળતા આવ્યા છીએ અને તમે આ વિષય પર મુંબઇ સમાચારની ઇન્ટરવલ પુરવણીમાં ત્રણેક કવર સ્ટોરી વાંચી છે. હવામાન ખાતું અનેક નિરિક્ષણ અને પરિક્ષણને આધારે આ પ્રકારની સંવેદનશીલ આગાહી કરે છે. જૂન મહિનો સાવ કોરોધાકોર જતાં એક ફડક પણ પેઠી કે આગળ શું થશે? સુજ્ઞ વાચકોને યાદ અપાવવાની જરૂર નથી કે વરસાદ ભારતીય અર્થતંત્રની જીવાદોરી છે.

મુંબઈમાં તો એવી પરિસ્થિતિ સર્જાઇ કે પીવાનાં પાણી પર કાપ મૂકવો પડ્યો અને જળાશયોમાં માત્ર દસ દિવસ પૂરતું જ પાણી બચ્યું હોવાના અહેવાલોએ મુંબઇગરાના જીવ ઊંચા કરી નાંખ્યા! ...પણ પછી શું થયું? બારેમેઘ એવા ખાંગા થઇને મુસળધાર વરસ્યા કે માત્ર ૨૮ દિવસમાં જ આ જળાશયોની જળસપાટી ૮૩ ટકા સુધી પહોંચી ગઇ!

બીજી તરફ આખા દેશમાં અનેક રાજ્યોમાં અનેક શહેરો જળબંબાકાર થઇ ગયાં, જેમાં આસામ અને ગુજરાત જેવા રાજ્યોને સૌથી વધુ નુકસાન થયું. બાવીસ જુલાઈના રોજ ઇસરો ઉપગ્રહે જે તસવીર ખેંચી તેમાં એવું જોવા મળ્યું કે ભારતના ૯૫ ટકા હિસ્સા પર ચોમાસાના કાળાં ડિબાંગ વાદળોએ કબજો જમાવી લીધો છે. ભારતનો નકશો ઘનઘોર વાદળો નીચે જાણે ઢંકાઇ ગયો.

ચાલો આપણે જાણવાનો પ્રયાસ કરીએ કે હવામાનશાસ્ત્રીઓનું ગણીત ક્યાં કાચુ પડ્યું? ગોડઝિલા અલ નીનો ૨૦૨૬ સમગ્ર ભારતમાં મોટા પાયે ચોમાસાના વાદળોને રોકવામાં કેમ નિષ્ફળ રહ્યું!

ગોડઝિલા અલ નીનો નામની સાથે વારંવાર આવતી સામુદ્રી ચેતવણીમાં એવો ભય વ્યક્ત કરવામાં આવ્યો હતો કે, પેસિફિક મહાસાગરમાં વાયુચક્ર અને ઉષ્ણ-શીત આબોહવાની જે ધમાચકડી ચાલી રહી છે, તેને કારણે જુલાઈ ૨૦૨૬માં ચોમાસુ તો કદાચ બેસશે, પરંતું તે અતિશય નબળું રહેશે અને તેમાં વર્ષો પછીના ભયાનક દુષ્કાળની સંભાવના છે!

અલબત્ત, ચોમાસુ સમયસર ના બેસ્યું અને જૂન મહિનો કોરોકટ ગયો. જુલાઈમાં દેશમાં વરસાદની ખાધની આગાહી સામે જોકે, ઇસરોની સેટેલાઇટ તસવીર કંઇક અલગ જ નીકળી અને તેમાં ભારતના ૯૫ ટકાથી વધુ વિસ્તાર પર વરસાદી વાદળોની જમાવટ જોવા મળી. આમ છતાં હવામાન વૈજ્ઞાનિકો અપેક્ષા રાખે છે કે ૨૦૨૭ની શરૂઆતમાં અલ નીનો પેટર્નની અસર રહેશે. સામાન્ય રીતે આટલા વિશાળ કદનો અલ નીનો સમગ્ર દક્ષિણ એશિયામાં વરસાદને કાપી નાખે છે.

ભારતીય હવામાન વિભાગના અહેવાલ અનુસાર બંગાળની ખાડી અને અરબી સમુદ્ર પર સક્રિય પવન પરિભ્રમણ તાજી ભેજવાળી હવાને અંદર તરફ ધકેલી રહ્યું હોવાથી વૈશ્વિક સ્તરે સમુદ્રી ઉષ્ણતામાનની પરિસ્થિતિ છતાં સમગ્ર ભારતમાં વરસાદ પડ્યો હતો. હવે એ જોઇએ કે સ્થાનિક પવન પેટર્ન ગોડઝિલા અલ નીનો ૨૦૨૬ની અસરોને કેવી રીતે ઊલટાવી નાંખે છે!

અલ નીનો એક એવી ઘટના છે, જે સામાન્ય રીતે પેસિફિક મહાસાગર પર મંડરાતાં મહાકાય પવનના પ્રવાહોના મૂડ અને પ્રકૃતિને બદલે છે. તે ગરમ પાણીને પૂર્વમાં દક્ષિણ અમેરિકા તરફ ખસેડીને સૂકી હવાને ભારત તરફ ધકેલે છે. આ ઘટનાને કારણે આપણા દેશ માટે ઘણીવાર ચોમાસાની ઋતુ નબળી રહે છે.

પરંતુ વૈશ્વિક આબોહવા પેટર્ન હંમેશા દૈનિક હવામાનને નિયંત્રિત કરતી નથી. ભારતીય દરિયાકાંઠે ગરમીના ગુંબજ નાના નીચા દબાણવાળા પોકેટ્સ બનાવે છે. આ સ્થાનિક પવનો હવે ભીની, ભેજથી ભરપૂર દરિયાઈ હવાને જમીન પર ખેંચી જાય છે. ગ્લોબલ વોર્મિંગ સંકેતો છતાં ભારતમાં વરસાદ કેમ પહોંચી રહ્યો છે એ સવાલનો જવાબ શોધવા માટે હવામાનશાસ્ત્રીઓ અભ્યાસ કરી રહ્યા છે.

અલ નીનો સામાન્ય રીતે મોસમી દુષ્કાળની શક્યતા વધારે છે, જ્યારે દૈનિક વરસાદ સ્થાનિક તોફાનો પર આધાર રાખે છે. હવામાન વિભાગના સત્તાવાર અહેવાલો દર્શાવે છે કે ગુજરાત, હિમાચલ પ્રદેશ અને પશ્ચિમ બંગાળના ભાગોમાં માત્ર એક જ દિવસમાં ૧૨થી ૨૦ સેન્ટિમીટર વરસાદ પડ્યો છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં તો ઓગસ્ટની શરૂઆતથી જ ભારે અને અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટની ચેતવણીઓ થઇ રહી છે.

એક જાણીતા હવામાન શાસ્ત્રીએ જણાવ્યું હતું કે, મોનસૂન બેલ્ટ પોઝિશન (મુખ્ય વરસાદી પટ્ટો) ઉત્તર ભારતમાં તેના સામાન્ય સ્થાને પાછો ફર્યો હોવાથી તે ભારતીય મેદાનોમાં વાદળોને ધકેલવામાં મદદ કરી રહ્યો છે. આ ઉપરાંત અરબી સમુદ્ર અને બંગાળની ખાડી, એમ બે સમુદ્રમાં ગરમ પાણી બંને કિનારા પર વરસાદી વાદળોને વરસવા માટે ઇંધણ આપી રહ્યું છે.

હિંદ મહાસાગરની સ્થિતિ જોઇએ તો આફ્રિકા નજીક ગરમ જળપ્રવાહે ભારતને, ૧૯૯૭ જેવા અલ નીનો પ્રભાવિત દુષ્કાળથી બચાવ્યું છે. આ વર્ષે હિંદ મહાસાગર તટસ્થ છે તેથી સ્થાનિક પવનો બધું કામ કરી રહ્યા છે. હવે એ જોઇએ કે, જળ સ્તર અને ખેતીવાડી માટે આ વાદળોનો શું અર્થ છે? વાદળછાયું આકાશ દૈનિક તાપમાન ઘટાડે છે, પરંતુ નિષ્ણાતો ચેતવણી આપે છે કે ફક્ત આવા વાદળો સુકાઈ ગયેલા તળાવો કે કૂવાઓ ભરવામાં સક્ષમ હોતા નથી.

ઘણા મહિનાઓ સુધી વરસાદની અછત એકત્રિત થતી રહે છે અને ઉષ્ણ પેસિફિક મહાસાગર મોસમના અંતમાં શુષ્ક હવામાન માટે દબાણ સર્જતો રહે છે. જોકે, આ વર્ષનો અનુભવ સૂચવે છે કે ટૂંકા ગાળાના સ્થાનિક પવનો મુખ્ય અલ નીનો ચેતવણી દરમિયાન પણ હવામાનને થોડા સમય માટે બદલી શકે છે. જોકે, સમુદ્રી પેટર્નને ધ્યાનમાં રાખતા આ ક્ષેત્રના જાણકારો એવી ચેતવણી આપી રહ્યા છે કે, ખેડૂતો અને જળખાતાના અધિકારીઓએ હજુ પણ ૨૦૨૭ સુધી શુષ્ક સમય માટે તૈયારી કરવાની જરૂર છે.

સરવાળે ભારતીય ચોમાસું ટૂંકા મોસમી આરામ પછી સમગ્ર દેશમાં પૂરજોશમાં પાછું ફર્યું છે. ભારતીય હવામાન વિભાગ (આઇએમડી)એ ઘણી છબીઓ પ્રકાશિત કરી છે, જેમાં ભારે વાદળો સમગ્ર દેશને ઘેરી લેતા દેખાય છે. નોંધવું રહ્યું કે નૈઋત્ય ચોમાસું ભારતના વાર્ષિક વરસાદના લગભગ ૭૫ ટકા પૂરો પાડે છે, જે સિંચાઈ, પીવાના પાણી અને જળવિદ્યુત માટે મહત્ત્વપૂર્ણ છે. તે જૂનની શરૂઆતમાં કેરળમાં શરૂ થાય છે અને જુલાઈના મધ્ય સુધીમાં મોટાભાગના ભારતને આવરી લે છે.

ચોખા, કપાસ અને શેરડી જેવા પાક માટે આ ઋતુ ખૂબ જ મહત્વપૂર્ણ છે, જેમાં વિલંબ અથવા નિષ્ફળતા ખાદ્ય સુરક્ષા, આજીવિકા અને અર્થતંત્રને અસર કરે છે. જોકે, આ વખતે કઇ નવી પરિસ્થિતિ સર્જાઇ છે. આમ છતાં હાશકારો અને કુદરતનો એટલો ઉપકાર માની શકાય કે આપણે ભયાનક દુષ્કાળમાંથી આ વખતે તો ઉગરી ગયા! ■

feedback@bombaysamachar.com
પ્રાસંગિક
અમૂલ દવે

# ઈરાન સાથે યુદ્ધવિરામ...

## ટ્રમ્પે કૂટનીતિને આપ્યો મોકો, હોર્મુઝની સ્ટ્રેટ ખોલવા અને પરમાણુ કરાર પર ભાર...



પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેના વધી રહેલા તણાવ વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કરીને સૈન્ય આક્રમણ રદ કરવાનો નિર્ણય લીધો છે અને કૂટનીતિને એક તક આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે મધ્ય પૂર્વના સાથી દેશો અને ઈરાનની ખાસ વિનંતીને ધ્યાનમાં રાખીને જ આ લશ્કરી પગલું રોકવામાં આવ્યું છે.

આ શાંતિ પહેલ હેઠળ હોર્મુઝની સ્ટ્રેટ (Strait of Hormuz) તાત્કાલિક અસરથી ખુલ્લી મૂકવામાં આવશે અને ઈરાનના પરમાણુ જોખમને કાયમી ધોરણે સમાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ટ્રમ્પે જણાવ્યું કે ટૂંક સમયમાં જ ઔપચારિક વાતચીત શરૂ થશે અને તેઓ વિશ્વના હિતમાં એક ઝડપી અને મજબૂત સમજૂતી ઇચ્છે છે. પશ્ચિમ એશિયામાં સ્થિરતા લાવવા અને વિશ્વ શાંતિ માટે આ નિર્ણયને એક આશાસ્પદ અને સકારાત્મક પગલું માનવામાં આવી રહ્યું છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તાજેતરમાં તેમના ચેરમેનપદ હેઠળના 'બોર્ડ ઓફ પીસ'ના મંચ પરથી ગાઝામાં હમાસ અને અન્ય તમામ સશસ્ત્ર જૂથોના સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણ અંગે એક ઐતિહાસિક કરાર થયો હોવાની સત્તાવાર જાહેરાત કરી હતી. આ જાહેરાતને પોતાની એક મોટી આંતરરાષ્ટ્રીય સફળતા તરીકે દર્શાવતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે આ રોડમેપ પશ્ચિમ એશિયામાં કાયમી શાંતિની દિશામાં એક ક્રાંતિકારી પગલું સાબિત થશે. આ નવી યોજના હેઠળ ગાઝા પટ્ટીમાં તબક્કાવાર રીતે તમામ ગેરકાયદેસર અને સશસ્ત્ર જૂથોનું નિઃશસ્ત્રીકરણ કરવામાં આવશે, ઇઝરાયલી સૈન્યને ધીમે ધીમે પાછું ખેંચવામાં આવશે.

આ રોડમેપના મુખ્ય વહીવટી માળખા મુજબ, ગાઝાનો નાગરિક વહીવટ 'નેશનલ કમિટી ફોર ધ એડમિનિસ્ટ્રેશન ઓફ ગાઝા' નામની એક બિન-રાજકીય અને તકનીકી (ટેક્નોક્રેટ) પેલેસ્ટિની સમિતિને સોંપવાની યોજના બનાવવામાં આવી છે. આ સમિતિ ગાઝામાં રોજિંદા વહીવટ, નાગરિક સેવાઓ અને પુનઃનિર્માણના કાર્યો સંભાળશે. તેની સાથે જ એક સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય ચકાસણી સમિતિ અને યુએન સમર્થિત ઇન્ટરનેશનલ સ્ટેબિલાઈઝેશન ફોર્સ સ્થળ પર તૈનાત કરવામાં આવશે. અમેરિકી પ્રશાસનના જણાવ્યા અનુસાર, જેમ જેમ આ નિઃશસ્ત્રીકરણનું કામ સફળતાપૂર્વક આગળ વધશે, તેમ તેમ ઇઝરાયલી સૈન્ય તબક્કાવાર રીતે ગાઝાના વિસ્તારોમાંથી પોતાની હાજરી ઘટાડશે અને આખરે સંપૂર્ણપણે પાછું ખેંચાઈ જશે.

જોકે શ્વેતપત્ર પર લખાયેલી આ શાંતિ યોજનાની વાસ્તવિકતા જમીની સ્તરે અત્યંત જટિલ અને વિરોધાભાષી દેખાઈ રહી છે. સૌથી મોટી વ્યવહારિક અડચણ ઇઝરાયલ સરકારના વલણમાંથી ઊભી થઈ રહી છે. ઇઝરાયલે અત્યાર સુધી આ સોદાને સત્તાવાર રીતે કે કાનૂની રીતે સ્વીકાર્યો નથી. વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ પણ જાહેરમાં આ કરારને પૂર્ણ સમર્થન આપવાથી અંતર જાળવી રાખ્યું છે. ઇઝરાયલી સુરક્ષા સ્ત્રોતો અને સરકારી વરિષ્ઠ અધિકારીઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જ્યાં સુધી હમાસ અને તેના સહયોગી જૂથો સંપૂર્ણપણે પોતાના શસ્ત્રો ન મૂકી દે, ત્યાં સુધી ઇઝરાયલની સેના પોતાની વર્તમાન સુરક્ષા લાઇન અથવા યલો લાઇનથી એક ઇંચ પણ પાછળ હટશે નહીં.

આ રાજકીય ખેંચતાણ વચ્ચે ગાઝામાં હિંસા અટકી નથી. ટ્રમ્પની આ સોશ્યલ મીડિયા જાહેરાત પછી પણ ઇઝરાયલી એરફોર્સ અને આર્મી દ્વારા ગાઝા પટ્ટીમાં હમાસનાં ઠેકાણાઓ પર વારંવાર હવાઈ હુમલા અને ટાર્ગેટેડ લશ્કરી કાર્યવાહીઓ જારી રાખવામાં આવી છે, જેમાં નિર્દોષ નાગરિકોના મૃત્યુ અને ભારે સંપત્તિના નુકસાનના અહેવાલો સતત આવી રહ્યા છે. આ સતત થઈ રહેલા હુમલાઓના જવાબમાં હમાસના વરિષ્ઠ નેતાઓ અને કમાન્ડરોએ સ્પષ્ટ વલણ અપનાવ્યું છે. હમાસની શરતો મુજબ, ઇઝરાયલે સૌપ્રથમ તમામ પ્રકારના હવાઈ અને જમીની હુમલા તુરંત બંધ કરવા પડશે, સેનાને યલો લાઈન સુધી પાછી ખેંચવી પડશે અને ગાઝામાં મોટા પાયે માનવીય સહાય, દવાઓ તથા ખોરાક પહોંચાડવાના માર્ગો ખુલ્લા કરવા પડશે.

આમ, 'પહેલાં કોણ પગલું ભરે?' તે અંગેનો મડાગાંઠ યથાવત છે અને નિષ્ણાતોના મતે આ સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણ અને વેરિફિકેશન પ્રક્રિયા પૂર્ણ થવામાં ઓછા ૨૦૦થી ૩૫૦ દિવસનો લાંબો સમય લાગી શકે છે.

આ સમગ્ર ક્ષેત્રીય રોડમેપ વોશિંગ્ટનમાં યોજાયેલી ટ્રમ્પ અને નેતાન્યાહુ વચ્ચેની ઉચ્ચસ્તરીય બેઠક બાદ પ્રકાશનમાં આવ્યો છે. રાજદ્વારી વર્તુળો અનુસાર, આ બેઠકમાં ઇરાન સામે ત્રણ મુખ્ય વિકલ્પો ચર્ચાયા હતાઃ

**કડક રાજદ્વારી વાટાઘાટો અને નવા કરારો કરવાનો પ્રયાસ.**

**ઇરાન પર આકરા આર્થિક પ્રતિબંધો અને સંપૂર્ણ દરિયાઈ-વ્યાપારી નાકાબંધી લાદવી.**

**ઇરાનનાં પરમાણુ અને લશ્કરી મથકો પર મોટા પાયે સંયુક્ત લશ્કરી હુમલો કરવો.**

ઇઝરાયલી અધિકારીઓના જણાવ્યા અનુસાર, નેતાન્યાહુએ તાત્કાલિક લશ્કરી હુમલા માટે દબાણ કર્યું ન હતું, પરંતુ આ ત્રણેય વિકલ્પો પર ગંભીરતાથી વિચારણા કરવામાં આવી હતી. નોંધનીય છે કે ફેબ્રુઆરી ૨૦૨૬થી ઇરાન અને અમેરિકા-ઇઝરાયલ ગઠબંધન વચ્ચેનો સંઘર્ષ એક નવો જ વળાંક લઈ ચૂક્યો છે. ખાસ કરીને હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz) પર ઇરાનનો વધતો લશ્કરી પ્રભાવ વૈશ્વિક અર્થતંત્ર માટે ગંભીર ચિંતાનો વિષય બન્યો છે, જ્યાંથી વિશ્વના કુલ તેલ પુરવઠાનો મોટો હિસ્સો પસાર થાય છે.

આ સિવાય, યમનના હુથી બળવાખોરો દ્વારા રેડ સી (લાલ સમુદ્ર)માં આંતરરાષ્ટ્રીય માલવાહક જહાજો અને સઉદી અરેબિયાના ઊર્જા મથકો પર કરવામાં આવી રહેલા ડ્રોન તથા મિસાઈલ હુમલાઓએ વૈશ્વિક દરિયાઈ પરિવહનને ખોરવી નાખ્યું છે, જે વૈશ્વિક આર્થિક વૃદ્ધિ પર ગંભીર અસરો પાડી રહ્યો છે.

ઘણા આંતરરાષ્ટ્રીય ભૂરાજકીય વિશ્લેષકો અને વિદેશ નીતિના નિષ્ણાતોનું માનવું છે કે ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલી ગાઝા સોદાની આ ભવ્ય જાહેરાત પાછળ એક ઊંડો રાજકીય અને વ્યૂહાત્મક હેતુ છુપાયેલો છે. કેટલાક વિવેચકો આ ગાઝા શાંતિ કરારને અમેરિકન જનતા અને વૈશ્વિક મીડિયાનું ધ્યાન ઇરાન મોરચે થતી નિષ્ફળતાઓ અને આર્થિક પડકારો પરથી હટાવવા માટેનો એક દાવપેચ ગણાવે છે.

ગાઝા સોદો એ વાસ્તવિક અને પ્રામાણિક આંતરરાષ્ટ્રીય રાજદ્વારી પ્રયાસ પણ હોઈ શકે છે, કારણ કે ઓક્ટોબર ૨૦૨૫ના સીઝફાયર પછી મહિનાઓ સુધી માનવીય સહાય અને યુદ્ધવિરામનો અમલ અટકી પડ્યો હતો. અમેરિકાના 'બોર્ડ ઓફ પીસ' એ મધ્યસ્થ દેશો જેવા કે ઇજિપ્ત, કતાર અને તુર્કી સાથે સતત પડદા પાછળની વાટાઘાટો કરીને આ જટિલ રોડમેપ તૈયાર કર્યો છે. તેમ છતાં, ઇઝરાયલની સત્તાવાર અનિચ્છા, જમીન પર સતત થઈ રહેલો બોમ્બમારો, બંને પક્ષો વચ્ચે દાયકાઓથી ચાલી આવતો અવિશ્વાસ અને પ્રાદેશિક સૈન્ય ઉત્તેજનાને કારણે આ સોદાની સફળતા શંકાસ્પદ અને અનિશ્ચિત લાગે છે.

અંતમાં, પ્રમુખ ટ્રમ્પની ગાઝા ડિસઆર્મામેન્ટ અંગેની જાહેરાત પશ્ચિમ એશિયાના ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય પહેલ બની શકે છે, પરંતુ જ્યાં સુધી ઇઝરાયલ તેને સત્તાવાર રીતે સ્વીકારે નહીં અને ગાઝામાં લશ્કરી કાર્યવાહી સંપૂર્ણપણે બંધ ન થાય, ત્યાં સુધી આ કરાર માત્ર એક કાગળ પરનું આકર્ષક વચન બનીને રહી જશે. ઇરાન સાથેના વધી રહેલા તણાવ અને હુથી બળવાખોરોનાં જોખમોને નજરઅંદાજ કરીને આ પહેલને કેવળ એક રાજકીય નાટક ગણાવી દેવું એ પણ પરિસ્થિતિનું અતિ-સરળીકરણ ગણાશે. જો ખરેખર પશ્ચિમ એશિયામાં સ્થાયી શાંતિ અને આર્થિક સ્થિરતા લાવવી હોય, તો તમામ પક્ષોએ શંકા-કુશંકાઓ છોડીને પરસ્પર વિશ્વાસ સાથે મજબૂત પગલાં ભરવા પડશે; અન્યથા ગાઝાથી લઈને હોર્મુઝ સુધીની અશાંતિ સમગ્ર વૈશ્વિક અર્થતંત્ર અને સુલેહ-શાંતિને વધુ ઊંડા અંધારપટમાં ધકેલી દેશે. ■

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ભવિષ્ય નિધિ કે નિવૃત્તિ બચતઃ ભંડોળમાંય કરોડોના ગોટાળા

**'માનનીય** અધ્યક્ષ મહોદય, આપણે જે કૌભાંડોનો સામનો કરી રહ્યા છીએ તેમાં હવે વધુ એક બહુ-કરોડનું કૌભાંડ ઉમેરાયું છે. તાજું કૌભાંડ કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ અને ગ્રામ્ય તેમ જ શહેરી સહકારી બેંકોમાં સામાન્ય લોકોની થાપણો સાથે સંબંધિત છે.

મહોદય, હાલમાં ૨૫૦૦ કર્મચારી પ્રોવિડન્ટ ફંડ એવી મુક્ત (Exempted) શ્રેણીમાં છે અને આ ૨૫૦૦ સંસ્થાઓ હેઠળ લગભગ રૂ. ૩૦,૦૦૦ કરોડની રકમ છે. સરકારી સિક્યોરિટીમાં રોકાણના નામે સીમેન્સ પ્રોવિડન્ટ ફંડની રકમ કેવી રીતે કેટલાક લોકોએ ગેરવહીવટ કરીને ઉચાપત કરી તે હવે બહાર આવ્યું છે. દેશભરના લાખો કર્મચારીઓ અને મજૂરોમાં એ અંગે ભય છે કે તેમની મહેનતની કમાણી કેટલી સુરક્ષિત છે, ખાસ કરીને સરકારી સિક્યોરિટીમાં ભૌતિક સ્વરૂપે થતા વ્યવહારોને ધ્યાનમાં રાખીને.

૧૯૯૨ના કૌભાંડ પછી સંયુક્ત સંસદીય સમિતિ એ ડી-મેટ પદ્ધતિ અપનાવવાની ભલામણ કરી હતી. ઇક્વિટી બજારમાં તે અમલમાં આવી ગઈ હતી, પરંતુ બોન્ડ બજારમાં આજે પણ, ખાસ કરીને સહકારી ક્ષેત્રમાં, જૂની પદ્ધતિ ચાલુ છે. સરકારે આ ગૃહને સ્પષ્ટીકરણ આપવું જોઈએ. કૌભાંડના તમામ પાસાઓને આવરી લેતું નિવેદન આપવામાં આવે. જરૂર પડે તો આ નવા બહુ-કરોડના કૌભાંડની તપાસ માટે ગૃહને એક સમિતિ રચવાનો અધિકાર છે.'

આ શબ્દો છે સંસદ સભ્ય રૂપચંદ પાલ (હૂગલી બેઠક)ના જે તેમણે સંસદમાં ઉચ્ચાર્યા હતા. ૧૬ મે, ૨૦૦૩ના રોજ કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ અને સહકારી બેંકોમાં લોકોની થાપણો સાથે જોડાયેલા બહુ-કરોડના કૌભાંડ અંગે નિવેદનની માગ કરવામાં આવી હતી. શા માટે કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ અને સહકારી બેંકોમાં લોકોની થાપણો સાથે જોડાયેલા બહુ-કરોડના કૌભાંડ અંગે નિવેદનની માગ કરવામાં આવી હતી?

હા, કારણકે આ ૨૫૦૦ સંસ્થાઓ હેઠળ લગભગ રૂ. ત્રીસ હજાર કરોડની રકમ હતી. સરકારી સિક્યોરિટીમાં રોકાણના નામે સીમેન્સ પ્રોવિડન્ટ ફંડની રકમ કેવી રીતે કેટલાક લોકોએ ગેરવહીવટ કરીને ઉચાપત કરી તે બહાર આવ્યું હતું. દેશભરના લાખો કર્મચારીઓ અને મજૂરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો છે કે પોતાની મહેનતની કમાણી કેટલી હદ સુધી સુરક્ષિત છે. ખાસ કરીને સરકારી સિક્યોરિટીમાં ભૌતિક સ્વરૂપે થતા વ્યવહારો વધુ ચિંતાજનક હતા.

ડી-મેટ પદ્ધતિ અપનાવવાની ભલામણ પછી ઇક્વિટી બજારમાં તે અમલમાં આવી ગઈ હતી, પરંતુ બોન્ડ બજારમાં, ખાસ કરીને સહકારી ક્ષેત્રમાં, જૂની પદ્ધતિ ચાલુ હતી. આ અંગે સરકાર સંસદમાં સ્પષ્ટીકરણ આપે એવી માગણી પણ થઇ હતી. કૌભાંડના તમામ પાસાઓને આવરી લેતું નિવેદન આપવામાં આવે. જરૂર પડે તો આ બહુ-કરોડના કૌભાંડની તપાસ માટે ગૃહને એક સમિતિ રચવાનો સરકારને અધિકાર હોવાનું યાદ પણ કરાવાયું હતું.

એક કૌભાંડ હતું નાવિકોનો પીએફમાં. રૂ. ૧૦૦ કરોડના પ્રોવિડન્ટ ફંડ કૌભાંડના પગલે નેશનલ યુનિયન ઓફ સીફેરર્સ ઓફ ઇન્ડિયાએ મુંબઇના બેલાર્ડ એસ્ટેટ ખાતે આવેલા સીમેન્સ પ્રોવિડન્ટ ફંડ કમિશનરના કાર્યાલય સામે મોરચો પણ કાઢ્યો હતો. યુનિયનના તત્કાલીન મહાસચિવ અબ્દુલ ગની સરંગે એ સમયના પી.એફ. કમિશનર નરેશ સાલેચા અને ડિરેક્ટર જનરલ ઓફ શિપિંગ ડી. ટી. જોસેફને મળીને નાવિકોના પ્રોવિડન્ટ ફંડ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમને લેખિતમાં ખાતરી અપાઇ હતી કે કોઈ પણ નાવિક પોતાનું પ્રોવિડન્ટ ફંડ ગુમાવશે નહીં.

તેમણે એમ પણ જણાવ્યું કે સમુદ્રી સમુદાયનો કોઈપણ વ્યક્તિ પોતાનું પ્રોવિડન્ટ ફંડ દાવો કરી શકે છે અને તેને ૧૫ દિવસની અંદર ચુકવણી કરવામાં આવશે. આના પ્રતિસાદમાં નેશનલ યુનિયન ઓફ સીફેરર્સ ઓફ ઇન્ડિયાના તત્કાલીન આયોજક સુરેશ નાઈકે કહ્યું હતુ કે 'ભલે હાલ નાવિકોને તરત કોઈ નુકસાન થવાનું નથી, પરંતુ થોડાં વર્ષો પછી શું થશે? જો બધા નાવિકો એકસાથે પોતાનું પ્રોવિડન્ટ ફંડ માગે તો શું થશે? શું કમિશનરેટ પાસે આવી પરિસ્થિતિનો સામનો કરવા પૂરતું ભંડોળ છે?'

(ક્રમશઃ) ■

feedback@bombaysamachar.com

સાત સમંદર પાર

# સ્પેન-મોરોક્કો વચ્ચે વધુ એક વૉર ક્લોકની ટિક ટિક શરૂ થઈ ગઈ કે શું?

રવિ નાયક

વસાહતીઓનો મુદ્દો યુરોપના પ્રજાજનોમાં ભારે ઉશ્કેરાટ ફેલાવી રહ્યો છે. અત્યારના સંજોગોમાં યુરોપિયન પ્રજાનો મોટો વર્ગ પોતાની સરકારોનાં લિબરલ અભિગમથી નાખુશ છે. એમનું માનવું છે કે આફ્રિકન દેશોમાંથી છાસવારે ઘૂસણખોરી કરનારા લોકો યુરોપની સંસ્કૃતિને ખતમ કરી રહ્યા છે.

એવામાં વળી એવું થયું કે જુલાઈના અંતભાગે મોરોક્કોના હજારો નાગરિકો અચાનક સ્પેનના તાબા હેઠળના એક શહેરમાં ઘૂસી આવ્યા. ત્રણેક દિવસોમાં જ એટલી મોટી સંખ્યામાં મોરોક્કન્સ અહીં આવી ચડ્યા, કે રાતોરાત એ શહેરની વસતિ બમણી થઇ ગઈ! આ ઘટનાક્રમ બાદ આખું યુરોપ ફફડી ઉઠ્યું. ન્યૂઝ ચેનલ્સ પર દરિયા કિનારેથી ચાલીને સ્પેનમાં પ્રવેશતા લોકોના ધાડેધાડા જોઇને સ્વાભાવિક રીતે જ યુરોપિયન પ્રજાની તો જાણે ઊંઘ ઊડી ગઈ.




જોકે આ ઘટનાક્રમ માટે જવાબદાર ઈતિહાસ અને આ પ્રદેશની રાજકીય પરિસ્થિતિ જરા પેચીદી બાબતો છે. મોરોક્કોની મોટા ભાગની વસતિ મુસ્લિમ છે અને સ્પેનમાં ઘૂસનારા લોકો ય મહદઅંશે મુસલમાન જ હશે. બીજી તરફ સ્પેન એક ખ્રિસ્તી દેશ છે એટલે આ આખા મુદ્દાને બહુ સહજ રીતે માત્ર ધાર્મિક એન્ગલથી જ મૂલવવામાં આવે એ સ્વાભાવિક છે. બીજો મુદ્દો એ છે કે મોરોક્કો આફ્રિકા ખંડનો હિસ્સો છે જ્યારે સ્પેન એક યુરોપિયન દેશ છે. યુરોપ અને આફ્રિકા વચ્ચેનો આર્થિક તફાવત ઊડીને આંખે વળગે એવો જ હોવાનો.

આ બધા વચ્ચે ત્રીજો મુદ્દો સૌથી પેચીદો છે. યુરોપિયન યુનિયનના દેશો વચ્ચે થયેલી સંધિ મુજબ યુરોપનાં રાષ્ટ્રો વચ્ચેની સરહદો બહુ ચુસ્ત નથી. અહીં એક દેશમાં વસતો યુરોપિયન નાગરિક ઝાઝી ઝંઝટ વિના બીજા યુરોપિયન દેશમાં આસાનીથી જઈ શકે છે, પણ યુરોપિયન યુનિયનના સભ્ય રાષ્ટ્રો સિવાયના દેશો સાથેની સરહદો ચુસ્ત રીતે બંધ રાખવામાં આવે છે.

હવે કોઈક આફ્રિકન દેશના નાગરિકોના ધાડેધાડા સ્પેનમાં ઘૂસી જાય, તો ભવિષ્યમાં આજ ટોળું યુરોપના અન્ય રાષ્ટ્રોમાં ય આસાનીથી ઘૂસણખોરી કરે. આથી મોરોક્કન્સની ઘૂસણખોરી બાદ બાકીનું આખું યુરોપ સ્પેન પર નારાજ થયું છે.

મોટા ભાગના લોકો માને છે કે આફ્રિકન દેશ મોરોક્કોના નાગરિકો સમુદ્ર ઓળંગીને યુરોપ ખંડના દેશ સ્પેનમાં ઘૂસી ગયા. આ માન્યતામાં સત્ય પા ભાગ જેટલું છે, બાકીના પોણા ભાગનું સત્ય સમજવા ભૂ-રાજકીય પરિસ્થિતિ અને ઈતિહાસ સમજવા પડે. મોરોક્કન નાગરિકો જ્યાં ઘૂસ્યા એ શહેર એટલે સ્પેનનું સેઉટા (Ceuta). કેટલાક એનો ઉચ્ચાર સ્યુટા તરીકે કરે છે. આ શહેર ભૌગોલિક રીતે સ્પેનના ભૂખંડમાં નથી, બલકે મોરોક્કો સાથે જોડાયેલું છે. જી હા, ભૂમધ્ય સમુદ્ર અને એટલાન્ટિક મહાસાગર જ્યાં ભેગા થાય છે, એ વિસ્તાર એટલે જીબ્રાલ્ટરની સામુદ્રધુની. અહીં જીબ્રાલ્ટરની ઉત્તર દિશામાં સ્પેન (એટલે કે યુરોપ) અને દક્ષિણ દિશામાં મોરોક્કો (એટલે કે આફ્રિકા) છે. નકશો જુઓ તો તમને એવું જ લાગે કે સેઉટા શહેર મોરોક્કોનો હિસ્સો છે પણ હકીકતે એ સ્પેનિશ ટેરીટરી એટલે કે સ્પેનના કબજા હેઠળનો વિસ્તાર છે. સેઉટા અને તેની પૂર્વમાં આવેલું મેલિલા (Melilla) શહેર, એ આખા આફ્રિકા ખંડમાં યુરોપિયન યુનિયન (EU)ની એકમાત્ર જમીની સરહદો છે. આ ભૌગોલિક સ્થિતિ તેને ખૂબ જ સંવેદનશીલ અને વ્યૂહાત્મક બનાવે છે. આફ્રિકાથી યુરોપમાં ગેરકાયદેસર રીતે પ્રવેશવા માંગતા આફ્રિકન અને મોરોક્કન નાગરિકો માટે સેઉટા પહેલેથી જ આસાન ટાર્ગેટ રહ્યું છે. મોરોક્કોના દરિયા કિનારેથી થોડું તરીને સેઉટાના દરિયા કિનારે પહોંચી શકાય છે.

ઇતિહાસ એવો છે કે મધ્યયુગ દરમિયાન ઉત્તરીય આફ્રિકા ઇસ્લામિક તેમજ બર્બર રાજવંશોના શાસન હેઠળ રહ્યો. વર્ષ ૧૪૧૫માં પોર્ટુગલના રાજાએ સેઉટા પર ચડાઈ કરીને તેને પોતાના નિયંત્રણમાં લઈ લીધું, પરંતુ પંદરમી સદી દરમિયાન યુરોપ ખંડના જ બે પડોશી દેશો સ્પેન અને પોર્ટુગલ વચ્ચે ય સંઘર્ષ થયો, જેમાં પોર્ટુગલે સેઉટાનો કબજો મેળવ્યો. એ પછી ઘણી સખળડખળ ચાલતી રહી અને સત્તરમી સદીમાં પોર્ટુગલે શહેરનો કબજો ફરીથી સ્પેનને સોંપ્યો.

એમાં વળી મોરોક્કો દેશ કાળક્રમે સ્પેન અને ફ્રાન્સના કબજા હેઠળ રહ્યો. ઠેઠ ૧૯૫૬માં મોરોક્કો આઝાદ થયું, ત્યારેય સ્પેને સેઉટા અને મેલિલા પરનો પોતાનો કબજો કાયમ રાખ્યો. આ બંને શહેરોમાં વસતા નાગરિકો પણ સ્પેનિશ જ છે. એટલે આ શહેરોએ પણ સ્પેન સાથે જ રહેવાની ઈચ્છા જાહેર કરી. બીજી તરફ મોરોક્કો સેઉટાને પોતાનું શહેર ગણાવતું રહ્યું.

આ બધી બબાલ વચ્ચે બીજો મુદ્દો પણ સળગ્યો વેસ્ટર્ન સહારા પ્રદેશનો કબજો. આમ તો પશ્ચિમી સહારા પ્રદેશ સ્પેનથી ભૌગોલિક રીતે ખાસ્સો દૂર છે. વચ્ચે આખો મોરોક્કો દેશ આવેલો છે. તેમ છતાં સ્પેને ૧૯૭૫ સુધી વેસ્ટર્ન સહારામાં પોતાની વસાહત રાખેલી. એ પછી મોરોક્કોએ અહીં કબજો જમાવ્યો, પણ સ્પેને અહીંના મૂળ નિવાસી લોકોને મોરોક્કો વિરુદ્ધ સપોર્ટ આપવાનું ચાલુ રાખ્યું.

સેઉટા શહેરનો મામલો કદાચ એટલો ભડક્યો ન હોત, પણ વેસ્ટર્ન સહારાનો બદલો લેવા માટે મોરોક્કો વર્ષોથી પોતાના બેરોજગાર લોકોને સેઉટામાં ઘૂસણખોરી કરવા ઉશ્કેરતું રહ્યું છે. જુલાઈના અંત ભાગે જે હજારો ઘુસણખોરો સેઉટામાં ઘૂસી આવ્યા, એ ઘટના પણ મોરોક્કોના પોલીસતંત્રની રહેમ નજર હેઠળ ઘટી હોવાનું મનાય છે. ટૂંકમાં વધુ એક સંભવિત યુદ્ધ ઘડિયાળની ટિક ટિક સાથે આગળ ધપી રહ્યું હોવાની શક્યતા ગાજી રહી છે.

feedback@bombaysamachar.com

મગજ મંથન

# શિક્ષણ ક્ષેત્રે AI: વધારાનું જ્ઞાન કે પછી વિચાર શક્તિનું ગ્રહણ?

વિઠ્ઠલ વઘાસિયા

માનવ સભ્યતાના ઈતિહાસમાં કેટલીક એવી ક્ષણ આવે છે, જે માત્ર સમય બદલતી નથી, પરંતુ સમયની વ્યાખ્યા પણ બદલી નાખે છે. મુદ્રણકળાએ જ્ઞાનને રાજમહેલમાંથી જનમાનસ સુધી પહોંચાડ્યું; ઈન્ટરનેટે વિશાળ દુનિયાને એક ગામમાં ફેરવી દીધી અને હવે કૃત્રિમ બુદ્ધિમત્તા - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) - મનુષ્યની બુદ્ધિના પરંપરાગત અર્થને જ પડકારવા આવી છે. આજે પ્રશ્ન એ નથી કે AI શિક્ષણમાં પ્રવેશી ચૂક્યું છે કે નહી - પ્રશ્ન એ છે કે શિક્ષણ AIને નવી દિશા આપશે કે AI શિક્ષણની દિશા નક્કી કરશે?




શિક્ષણ એ ક્યારેય માહિતીના ઢગલા ઊભા કરવાની પ્રક્રિયા નહોતું. શિક્ષણનો મૂળ હેતુ હતો - વિચાર શક્તિનો વિકાસ, વિવેકનું સંવર્ધન, સંવેદનાનું સિંચન અને ચારિત્ર્યનું ઘડતર. પુસ્તક માત્ર વાંચવા માટે નથી- તે મનુષ્યને પોતાની અંદર ઝાંખી કરવાનું આમંત્રણ આપે છે. શિક્ષક માત્ર જ્ઞાન આપતો નથી- તે જિજ્ઞાસાની જ્યોત પ્રગટાવે છે, પરંતુ આજે એક એવું યુગ શરૂ થયું છે, જ્યાં માહિતી આંગળીના ટેરવે છે અને જવાબો ક્ષણોમાં મળી જાય છે. આ ઝડપે એક નવો પ્રશ્ન જન્માવ્યો છે - શું આપણે જ્ઞાન મેળવી રહ્યા છીએ કે માત્ર માહિતી ભેગી કરી રહ્યા છીએ?

AI એ શિક્ષણને અદ્ભુત શક્તિ આપી છે. વ્યક્તિગત અભ્યાસ, ત્વરિત પ્રતિસાદ, ભાષાંતર, વર્ચ્યુઅલ પ્રયોગશાળાઓ, સ્માર્ટ મૂલ્યાંકન અને વિશ્વસ્તરીય જ્ઞાન સુધી સમાન પહોંચ - આ બધું હવે શક્ય બન્યું છે. એક નાનકડા ગામનો વિદ્યાર્થી પણ વિશ્વવિખ્યાત શિક્ષકોના વિચારો સુધી પહોંચી શકે છે. વિકલાંગ વિદ્યાર્થીઓ માટે AI નવી આશા બની છે. શિક્ષકો માટે વહીવટી ભાર ઓછો થયો છે અને સર્જનાત્મક શિક્ષણ માટે વધુ સમય ઉપલબ્ધ થયો છે. આ બધું નિઃસંદેહ શિક્ષણની નવી સવાર છે, પરંતુ દરેક સવાર સાથે પડછાયો પણ જન્મે છે.

જ્યારે મશીન જવાબ આપવા લાગે છે ત્યારે મનુષ્ય પ્રશ્ન પૂછવાનું ભૂલી જાય છે. જ્યારે દરેક નિબંધ AI લખી આપે છે ત્યારે કલમની મૌલિકતા સુકાવા લાગે છે. જ્યારે પ્રોજેક્ટમાં પરિશ્રમનું સ્થાન અલ્ગોરિધમ લઈ લે છે ત્યારે જ્ઞાનનો આનંદ ઓગળી જાય છે. આજે વર્ગખંડોમાં એક મૌન સંકટ પાંગરી રહ્યું છે - વિદ્યાર્થીઓ વધુ માહિતગાર બની રહ્યા છે, પરંતુ શું તે વધુ વિચારશીલ પણ બની રહ્યા છે ખરા ?

શિક્ષણનું સૌથી મોટું જોખમ અજ્ઞાન નથી. વિચાર વિહોણું જ્ઞાન છે. AI તૈયાર જવાબો આપી શકે છે, પરંતુ પ્રશ્નની પીડા અનુભવી શકતું નથી. તે કવિતા રચી શકે છે, પરંતુ વિરહના આંસુ કે વિજયનો આનંદ અનુભવી શકતું નથી. તે મહાત્મા ગાંધી પર નિબંધ લખી શકે છે, પરંતુ સત્ય માટેનો આંતરિક સંઘર્ષ જીવી શકતું નથી, કારણ કે મશીન પાસે ગણતરી છે, અંતઃકરણ નથી- સ્મૃતિ છે, અનુભૂતિ નથી.

આજે અસાઈનમેન્ટ વધુ સુંદર બની રહ્યા છે, પરંતુ શું વિદ્યાર્થીઓ વધુ સારા બની રહ્યા છે? ગુણ પત્રકો ચમકી રહ્યા છે, પરંતુ શું ચિંતન પણ એટલું જ તેજસ્વી બની રહ્યું છે? જો શિક્ષણનું મૂલ્યાંકન માત્ર પરિણામોથી થશે અને પ્રક્રિયાને અવગણવામાં આવશે, તો ભવિષ્યમાં આપણે ડિગ્રી ધારકો તો ઘણાં મેળવીશું, પરંતુ દ્રષ્ટિવાન મનુષ્યો ઓછા મળશે.

આ ચિંતાનું બીજું પરિમાણ પણ છે. AI માહિતીનું સર્જન કરે છે, પરંતુ તેની સત્યતા માટે જવાબદાર નથી. ભ્રામક માહિતી, પૂર્વગ્રહયુક્ત જવાબો, નકલ, બૌદ્ધિક અપ્રમાણિકતા અને ડિજિટલ નિર્ભરતા - આ બધું શિક્ષણના પવિત્ર ક્ષેત્રમાં ધીમે ધીમે પ્રવેશી રહ્યું છે. જો વિદ્યાર્થીઓ ‘શોધ’ કરતાં ‘શોર્ટકટ’ને પસંદ કરશે, તો સંશોધનનો આત્મા જ મરી જશે.

આ બધાની વચ્ચે શિક્ષકની ભૂમિકા વધુ મહત્ત્વપૂર્ણ બની છે, ઓછી નહીં. શિક્ષક હવે માત્ર માહિતીનો સ્રોત નથી; તે માહિતી અને જ્ઞાન વચ્ચેનો સેતુ છે. તે AIના જવાબો અને જીવનના સત્ય વચ્ચેનો ભેદ સમજાવનાર માર્ગદર્શક છે. વર્ગખંડમાં હવે પાઠ્યપુસ્તક જેટલી જ જરૂરિયાત મૂલ્યશિક્ષણ, વિવેક અને ડિજિટલ નૈતિકતાની છે.


સમાજે પણ એક નિર્ણય લેવો પડશે. શું આપણે એવી પેઢી ઈચ્છીએ છીએ જે દરેક પ્રશ્નનો જવાબ જાણે, પરંતુ જીવનના મૂળ પ્રશ્નો સામે મૌન થઈ જાય? શું આપણે એવી બુદ્ધિનું નિર્માણ કરી રહ્યા છીએ, જે ઝડપથી વિચારે છે પરંતુ ઊંડાણથી નથી વિચારતી? ટેક્નોલોજીનો વિજય ત્યારે જ અર્થપૂર્ણ છે, જ્યારે તે માનવતાની હાર ન બને.

આથી શિક્ષણની નવી વ્યાખ્યા ઘડવાનો સમય આવી ગયો છે. શાળાઓમાં AIનો ઉપયોગ જરૂર થવો જોઈએ, પરંતુ તેની સાથે Critical Thinking, Ethical Reasoning, Creativity, અને Character Education ને કેન્દ્રસ્થાને રાખવું પડશે. વિદ્યાર્થીને માત્ર AI ચલાવતાં શીખવવું પૂરતું નથી; તેને AI ને પ્રશ્ન કરતાં પણ શીખવવું પડશે.

આવનારાં વર્ષોમાં વિશ્વ બે પ્રકારના સમાજમાં વહેંચાઈ શકે છે - એક એવો, જે AIનો ઉપયોગ કરશે અને બીજો એવો, જે AIનો ગુલામ બની જશે. આ બંને વચ્ચેનો ભેદ માત્ર ટેક્નોલોજી નહીં, પરંતુ શિક્ષણ નક્કી કરશે.

અંતે, AI ને લઈને આપણી સૌથી મોટી જવાબદારી ટેક્નોલોજીનો વિરોધ કરવાની નથી; તેના પર માનવતાનું નેતૃત્વ જાળવી રાખવાની છે. કારણ કે કૃત્રિમ બુદ્ધિ જેટલી પણ વિકસે, તે માનવહૃદયની કરુણા, ગુરુની પ્રેરણા, માતાની મમતા અને અંતઃકરણના અવાજનું સ્થાન ક્યારેય લઈ શકશે નહીં.

શિક્ષણના મંદિર દ્વારે AIનું સ્વાગત જરૂર થવું જોઈએ, પરંતુ એક શરતે - તે હાથમાં સાધન બનીને પ્રવેશે, મસ્તક પર સ્વામી બનીને નહીં. કારણ કે જે દિવસે શિક્ષણમાંથી વિચાર ઓગળી જશે, તે દિવસે જ્ઞાનનો પ્રકાશ નહીં, માત્ર માહિતીનો ચમકારો જ બાકી રહેશે. અને ચમકારો ક્ષણિક હોય છે, કારણ કે પ્રકાશ જ શાશ્વત હોય છે.




**દાદા, મને રાતે ઊંઘ નથી આવી. મેં બધું વિચારી લીધું છે. સંજયને તો કંઈ આપવું જ નથી. પપ્પાને હમણાં પાવરદાર બનાવી હું મુક્ત થઈ જાઉં. જોઉં તો ખરી કે એ બાપ-દીકરો શું કરે છે...**

‘મારે અફસોસ સિવાય બીજું કરવાનું શું હતું? સંજયના ચાલ્યા ગયા પછી મારી મમ્મી એટલે કે મીનાક્ષી તરત મારી બાજુમાં આવીને બેસી જતાં બોલી, ‘સોનલ તું ડરતી નહીં હોં બેટા. અમે બેય હજુ મરી નથી ગયાં. તને આંગળી તો અડાડી જુએ.’ એ વખતે તેણે સંજયની પત્ની સામે જોયું હતું. મને લાગ્યું કે મારે નિર્મલાભાભી સાથે વાત કરવી જોઈએ. મેં ઈશારાથી ભાભીને બાજુમાં બોલાવી, ‘ભાભી તમે સમજાવી શકો તો સમજાવો એને. હું કોઈની દુશ્મન નથી. તમારું માને તો સમજાવી જુઓ. આ રીતે વર્તવું કોઈ સભ્યતા નથી.’ મને નિર્મલાના આંસુ જોઈને વધુ દુઃખ થયું. મેં પપ્પાને કહ્યું, ‘પપ્પા તમારી એવી તે કઈ લાચારી છે કે તમારી હાજરીમાં જ મારું અપમાન થતું રહે અને તમે જોયા કરો?’

પપ્પાએ મસ મોટો નિસાસો નાખતા કહ્યું, ‘સોનુ મને કંઈ ન પૂછ. મને સમજાતું નથી કે મણિરામ ઝવેરીના ઘરમાં આ બધું શું થઈ રહ્યું છે? બેટા એમ સમજ કે લાચાર છું. મને માફ કરી દે.’

‘પણ તમે આ ઘરના મોભી છો. તમે સંજયના બાપ છો. એને કંઈ નહીં કહી શકો?’

પપ્પા ચૂપ થઈ ગયા. મને એટલું તો સમજાઈ ગયું કે હવે મારી અશાંતિનો સમય શરૂ થતો હતો. એ રાતે એક પછી એક બધા પોત પોતાના કમરામાં ચાલ્યા ગયા. મેં સૂવા માટે કેટલાય પ્રયત્ન કર્યા પણ કેમેય મને ઊંઘ આવતી નહોતી. એ રાતે મેં નક્કી કરી લીધું કે પરિણામ જે આવે તે, આવતી કાલે આ ઝંઝટનો અંત આણી દેવો છે. યોગાનુયોગે બીજા દિવસે બધા વહેલા ઊઠી ગયા હતા. કોઈ કોઈ સાથે બોલતું નહોતું. અમારા નોકરો સમજી ગયા હતા કે આગલી રાતે કંઈક બન્યું છે. હું ઓફિસે ચાલી ગઈ. સંજય પણ તરત આવ્યો. મને પ્રતિક્ષણ લાગતું હતું કે હમણાં જ સંજય આવશે અને ઝઘડો કરશે. પણ સંજયને બદલે રત્નાકરજી આવી પહોંચ્યા. એમને જોઈ મને રાહત થઈ. તે મારો ચહેરો જોઈને સમજી ગયા હતા કે અમારા ઘરમાં ગઈ રાતે શું બન્યું હશે. તેમણે મારી સામે બેસતાં જ કહ્યું, ‘મને અંદાજ છે કે મેં જે કહ્યું હતું તે જ થયું છે. સંજય આડો ફાટ્યોને ?’

‘હા, તેણે કોઈ ચર્ચા જ થવા ન દીધી. જાણે અલ્ટીમેટમ આપતો હોય તેમ તેણે કહી દીધું, કે ‘એમ. વી. એન્ટરપ્રાઈઝ મને જોઈએ. એ નહીં થાય તો એ જોઈ લેશે.’’

‘મને અંદાજ હતો જ કે એ એવું જ કહેશે. એને બરાબરની ચાવીઓ ચડેલી છે. ચિંતા ન કરો. આપણે વિચારી લઈશું. એના મામાઓને તમારી સાથે શી ખબર કયા જન્મનું વેર છે તે મને સમજાતું નથી. મોહનલાલે જે કર્યું તેનો બદલો એ લોકો તમારી સામે શા માટે લે છે. પણ તમે આજે કોઈક નિર્ણય લઈ જ લો. જરૂર પડે પોલીસની મદદ લો. ભલેને કોર્ટ મેટર થતી. અથવા હમણાં તમારા પપ્પાને પાવરદાર બનાવી વહીવટ એમને સોંપી દો. જોઈએ એનું શું પરિણામ આવે છે.’

દાદા મને રાતે ઊંઘ નથી આવી. મેં બધું વિચારી લીધું છે. સંજયને તો કંઈ આપવું જ નથી. હા, તમે કહો છો તેમ પપ્પાને હમણાં પાવરદાર બનાવી હું મુક્ત થઈ જાઉં. જોઉં તો ખરી કે એ બાપ દીકરો શું કરે છે.

‘છતાં પ્રશ્નો તો થશે. પહેલો પ્રશ્ન તેમના સ્વમાનનો છે. તે તારા પાવરદાર તરીકે રહેવાનું પસંદ ન કરે. અહીં એક બીજો મુદ્દો પણ છે. જો પપ્પા તમારી મમ્મીને પાવરદાર બનાવવાનો આગ્રહ રાખે તો તમે શું કરશો?’ આટલું કહીને રત્નાકરજી મારી સામે જોઈ રહ્યા. રત્નાકરજીની વાત સાચી હતી. આગલી રાતે સંજયે મારી સાથે ઝઘડો કર્યો એથી મનોમન મમ્મી ખુશ હતી. કારણ કે એમ કરતા સંજય આપમેળે નીકળી જતો હતો. રત્નાકરજી સહેજ મલક્યા. હું સમજી એમણે જે સમસ્યાઓ બતાવી તેના સોલ્યુશન એમની પાસે હશે.

‘આપે મને ગૂંચવી નાખી દાદાજી.’

‘એ ન ચાલે તમે જે સ્થાન પર હો એ મુજબ હિંમત કેળવવી પડે, એ મુજબ નિર્ણયો લેવા પડે. એમ ભાગી છુટાય નહીં. તમે અત્યારે કરોડોના કારોબારના માલિક છો. તમારા એક ફોનથી પોલીસની પલટન હાજર થઈ જાય એની તમને ખબર હોવી જોઈએ.’

‘મેં માથું ધુણાવી નિરાશ સ્વરે કહ્યું, ‘એ બધું સાચું પણ હવે મને આમાંથી બહાર નીકળવું છે. હું ઉબાઈ ગઈ છું આ પૈસાની ચમકથી.’

રત્નાકરજી ફરીથી મલક્યા. થોડી ક્ષણો એમને એમ પસાર થઈ ગઈ. અચાનક તે બોલ્યા, ‘તમારા પપ્પાને બોલાવી લો. એમને એ પણ કહેજો કે હું પણ અહીં છું.’

હું પપ્પાને ફોન કરવા જતી જ હતી કે પપ્પાએ મારી ચેમ્બરનું બારણું ખોલ્યું. રત્નાકરજીને જોઈ તે જરા ખંચકાયા. એમનો સંકોચ દૂર કરવા જ કદાચ રત્નાકરજીએ કહ્યું, ‘તમારું આયુષ્ય લાંબું છે. જસ્ટ હમણાં જ તમને બોલાવવા માટે બેનને ફોન કરવાનું મેં કહ્યું.’

પપ્પાની આંખોમાં ઘેરી નિરાશા હતી. તેમણે નિરાશ સ્વરે કહ્યું, ‘હવે લાંબા આયુષ્યની વાત ન કરો વોરાસાહેબ.’

‘અરે, એવું ચાલ્યા કરે નાનાશેઠ? એમાં નિરાશ થઈ જવાનું ન હોય. તમારી દીકરીને હિંમત આપો અથવા તમે જાતે મેદાનમાં આવો.’

રત્નાકરજીએ બહુ જ ચતુરાઈપૂર્વક વાતની ભૂમિકા બાંધી લીધી. મારા પપ્પાની આંખોમાં બદલાતા રંગ મેં બરાબર જોયા. તેમણે ખુરશી પર સરખી રીતે બેસતાં કહ્યું, ‘હવે મને અફસોસ થાય છે. જે કંઈ થયું તે મારી ભૂલોને કારણે થયું છે.’

‘તમારા પિતાજી અને મારા અંગત સંબંધને નાતે તમને મોહનલાલ જ કહું તો વાંધો નથી ને?’

મારા પપ્પા જરા ગળગળા થઈ ગયા. તેમણે કહ્યું, ‘અરે એ શું બોલ્યા વોરાસાહેબ, હું તો તમારા દીકરા સરખો છું. તમે મને તું કહીને બોલાવશો તો મને વધારે ગમશે.’

‘તો મોહનલાલ તમારા પિતાજીના દેહાંત બાદ તમારા પરિવારમાં વિલના કારણે ખટરાગ જાગ્યો છે એ હું જાણું છું. સોનલબહેન થાક્યાં છે અથવા કંટાળ્યા છે એવું હું કહી ન શકું. પણ એમની ઈચ્છા એવી છે કે હાલના તબક્કે એમ.વી.નો કારોબાર તમે સંભાળી લો. જેમ તમે પહેલા તમારા પિતાજી વતી ચલાવતા તેમ હવે સોનલબહેન વતીથી એમના પાવરદાર કામ કરો. ટર્મ કન્ડીશન જે સોનલબહેન કહેશે તે.’

‘પછી સંજય?’ પપ્પાથી બોલાઈ ગયેલું.

‘એ મુદ્દો અત્યારે છે જ નહીં. અત્યારે મુદ્દો છે સોનલબહેન વતી એમ વી એન્ટરપ્રાઈઝ ચલાવવાનો. તમે એ માટે સહમત છો?’

પપ્પા થોડીવાર મારી સામે જોઈ રહ્યા. એમને કદાચ એ વિચાર આવ્યો હશે કે અમે બેય જણે આટલું ક્યારે વિચારી લીધું. તેમણે કહ્યું, ‘સોનલ આ તો મને વોરાસાહેબે એમની ફરજના ભાગ રૂપે કહ્યું. તું કંઈ નહીં કહે?’

‘પપ્પા, રત્નાકરજીએ જે કહ્યું તે એક કાયદાનો વિષય છે. ચાલો આપણે એક બાપ દીકરી તરીકે વાત કરીએ. કાલે આપણાં ઘરમાં, તમારી હાજરીમાં જે કંઈ થયું તે વખતે મેં તમને દુઃખી જોયા હતા. તમે પણ મારું અપમાન જોઈને અકળાયા હશો. તમને નથી લાગતું કે તમારે મને મદદ કરવી જોઈએ? મને ખબર છે કે આપણાં ઘરના લોકોની હાજરીમાં કોઈ રસ્તો નહીં નીકળે. રાતે સંજયભાઈએ જે ડિમાન્ડ કરી છે તેની સાથે તમે સહમત છો? જો તમે એમ કહો કે બધુંય સંજયભાઈને નામે કરી દે, તો હું તેમ કરવા પણ તૈયાર છું. બોલો તમે જ કહો હું શું કરું?’

પપ્પા વિચારમાં પડી ગયા. એમણે જરા શબ્દો ગોઠવીને કહ્યું, ‘ના મેરબાની કરીને સંજયને નામે કશું ન કરતી. આપણને ધક્કો મારીને બહાર કાઢતાં એને શરમ નહીં આવે. મારે ક્યાં સુધી પાવરદાર રહેવું?’

‘પપ્પા તમે ઈચ્છો ત્યાં સુધી.’

‘સોનલ તને ખરેખર આ મિલકતમાં રસ નથી? પપ્પાએ આખરે એ વાત પૂછી જ નાખી જે એમના મનમાં રમતી હતી. એમને હજુય મારા પર પૂરેપૂરો વિશ્વાસ નહોતો. હું હસી. મેં એકદમ તેમની આંખોમાં જોતા કહ્યું, ‘પપ્પા તમને તો ખબર છે કે મારું લોહી ભેળસેળવાળું છે. અડધું તમારું છે, અડધું મમ્મીનું છે. મમ્મી મારા જેવી જ હતી ને? તેણે કદી તમારી મિલકતમાં રસ લીધો હતો? પપ્પા અત્યારે બધીય બાબતોથી હટીને ફક્ત તમારી દીકરીના સંબંધે કહું છું કે જો તમે કહેતા હો કે મારે પાવરદાર નહીં માલિક થવું છે, તો હમણાં જ રત્નાકરજીને કહું કે તેઓ પેપર્સ તૈયાર કરે. મને ખરેખર કશું નથી જોઈતું. હું તો આપણાં ઘરની શાંતિ ઝંખું છું. પણ મને નથી લાગતું કે આપણા ઘરમાં શાંતિ આવે. તમે આ ફર્મનો વહીવટ કરતા હતા, હજુય કરશો. મને એ પણ ખબર છે કે મારાં પગલાંનું શું રીએક્શન આવશે. હું ભલે સંજયની બહેન હોઉં, પણ તે મને બહેન માનતો નથી. હું અહીં નહીં હોઉં તો કદાચ એ શાંત થઈ જશે.’ મેં મમ્મીની યાદ અપાવી તેથી પપ્પા જરા ડિસ્ટર્બ થઈ ગયા. મને ખબર હતી કે તે મારી મમ્મીને બહુ જ પ્રેમ કરતા હતા. હજુ પણ ભુલ્યા નહોતા. મારા શબ્દોએ એમને વિચલિત કરી નાખ્યા. તેમણે લાગણી ભરી નજરે મારી સામે જોતાં કહ્યું, ‘સોરી બેટા કાલે અને તે પહેલા પણ તારું અપમાન થતું હું અટકાવી શક્યો નથી.’

‘કંઈ વાંધો નહીં પપ્પા. તમારા મનમાં હજુય કોઈ શંકા હોય તો કહી નાખો. તમારે વિચારવાનો સમય જોઈતો હોય, કદાચ મમ્મી સાથે ચર્ચા કરવી હોય તો કરી લ્યો.’

મેં જાણી જોઈને મમ્મીની વાત કાઢી. પપ્પા જરા ટટ્ટાર થયા. તેમણે કહ્યું, ‘એને પૂછવાની મને જરૂર જણાતી નથી. હા, એની એવી ઈચ્છા છે કે આ ફર્મમાં તેનો પણ કોઈ હોદ્દો હોય.’

અમારી વાતો સાંભળી રહેલા રત્નાકરજીએ શબ્દો ગોઠવીને કહ્યું, ‘જો સોનલબહેન એ પ્રકારનો તમને પાવર આપે તો તમે જાતે એમને મેનેજર બનાવી શકો. તમે ઘરના અન્ય સભ્યોને પણ હોદ્દા આપી શકો અથવા એમનો પગાર પણ નક્કી કરી શકો. એ ટર્મ કન્ડિશનના ભાગ રૂપે આવી શકે.’

રત્નાકરજીએ શું વિચારીને મમ્મીને મેનેજર બનાવવાની વાત કરી તે મને સમજાયું, તેઓ કદાચ એક વિવાદને ઊગતો અટકાવવા માગતા હતા.

‘કયો વિવાદ?’ સનતે ઘણા સમય પછી તેની ચુપકિદી તોડી.

મમ્મીને મેનેજર બનાવવામાં આવે એટલે તેનો ઈગો સચવાઈ જાય. પોતાના હાથમાં કંઈ નથી એવો વિચાર તેને ન આવે. એમણે પગારની જે વાત હતી તે સંજયના સંદર્ભમાં કહી હતી. પપ્પા એગ્રી થઈ ગયા. રત્નાકરજીએ એમને પૂછી પૂછીને ટર્મ કન્ડિશન નક્કી કરી પેપર્સ તૈયાર કર્યા. એમ. વી. એન્ટરપ્રાઈઝના જનરલ પાવરદાર તરીકે મોહનલાલ મણિરામ ઝવેરીની નિમણૂક્ના પેપર્સ પર મેં એકદમ હળવાશથી સહી કરી. હું મારી ખુરશી પરથી ઊભી થઈ ગઈ તો મને અટકાવતા રત્નાકરજીએ કહ્યું, ‘એમ નહીં બહેન આખા સ્ટાફને ભેગો કરો, તમે જ જાહેરાત કરો.’ પપ્પાને તેમની વાત ગમી. થોડીવારમાં આખોય સ્ટાફ મીટિંગ રૂમમાં હાજર થયો. સંજય પણ હતો. મેં જરા સુકાતા ગળે વિતેલાં એક વર્ષની વાત કરી, સ્ટાફના થોડાં વખાણ કર્યાં, હું આરામ કરવા માગું છું તેવી વાત પણ કહી અને પછી પપ્પાના નામની જાહેરાત કરી.

એ જાહેરાત થયાની બે મિનિટ પછી સંજય ઊભો થયો અને સામે એક સ્માઈલ ફેંકીને ચાલ્યો ગયો.

(ક્રમશઃ)■

# આવ્યો મને પવિત્રતાનો પેનિક એટેક...

હરિશંકર પરસાઈની વ્યંગ-મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com


આજે સવારની ટપાલમાં મને એક પત્ર મળ્યો. બસ, એ કાગળે મને આખો દિવસ અહંકારમાં રાચતો કરી મૂક્યો કે 'અરે વાહ! હું તો અતિ પવિત્ર માણસ છું, કારણ કે સાહિત્યનું કામ ખૂબ પવિત્ર કામ કહેવાયને?' પછી દિવસભર મને જે કોઇ મળ્યું એને મેં તુચ્છ પ્રાણી ગણ્યો. હું દરેકને અપવિત્ર માનીને એનાથી જાણે અભડાઇ ના જાઉં એમ ખુદને બચાવતો રહ્યો. શું છે કે 'પવિત્રતા' એવી તે નાજુક ને નબળી ચીજ છે કે એ દરેકથી બચાવવા માટે સતત સાવધ રહે છે. 'હું પવિત્ર છું' એવી ભાવના જ માણસને એવો મદમસ્ત બનાવી દે કે એ સાંઢની જેમ સામાન્ય માણસોને શીંગડાં મારે છે કે નોર્મલ લોકોને અહીંતહીં ઉલાળી મારે. કહેવાતો પવિત્ર સાહિત્યકાર, અત્તરની એક એવી શીશી છે, જે ગંદી ગટરના કિનારે આવેલી કોઇ દુકાનમાં જાણે મૂકેલી ના હોય. એ પોતાની પવિત્રતાને બંધ શીશીમાં જ પુરાયેલ રાખે.

હાં, તો થયેલું એવું કે પેલો પત્ર, જાણીતી 'સાહિત્યની સંસ્થા'માંથી આવેલો. હું એ લાખોના કારોબારવાળી 'સાહિત્યિક સંસ્થા'ની કારોબારી સમિતિનો જબરદસ્તી બનાવાયેલો મેમ્બર છું. જોકે આ સંસ્થા, આપણને તો એની મીટિંગોમાં હાજરી આપવા આવવાજવાનાં પૈસા પણ નથી આપતી કારણ કે પૈસા તો સાહિત્યનું 'પવિત્ર કામ' કરાનારા પવિત્ર હોદ્દેદારો દ્વારા જ ખવાઈ જાય છેને? એ પત્રમાં મંત્રીશ્રીએ લખેલું: 'આપણાં સાહિત્ય ભવનની સામે એક સિનેમાઘર બની જઇ રહ્યું છે. સિનેમા બનવાથી સાહિત્ય ભવનની પવિત્રતા ને શાંતિનો ભંગ થશે. સાહિત્યનું પવિત્ર સંસ્કારી વાતાવરણ દૂષિત થશે. અમે મુખ્યમંત્રીને સિનેમાઘર બનતું રોકવા એક અરજી મોકલીએ છીએં, તમેય એમાં સહી કરી આપજો.'

પત્ર વાંચીને મને થયું 'અરે હાં, સાહિત્ય તો પવિત્ર કહેવાય ને અમે સાહિત્યકારો તો બધાં પવિત્ર આત્માઓ છીએં!'

જોકે ત્યારે ઘડીભર મારા ખુરાફાતી દિમાગમાં શંકા જન્મી કે એવ.યે હોય કે કોઈ શેઠિયો એજ સિનેમાઘરની જગ્યાએ દુકાન ખોલવા માગતો હોય ને પવિત્ર સાહિત્યસંસ્થાનાં, પવિત્ર મંત્રીને પૈસા ખવડાવ્યા હોય કેઃ 'સાહેબ, કંઇ કરો ને ત્યાં સિનેમા બનવા ન દો!' પણ મેં એ શંકાને મનમા જ દબાવી કે 'ના, ના, સાહિત્યની સંસ્થા પવિત્ર છે ને સિનેમા જ અપવિત્ર છે. છી છી.'

પણ એ જ સાંજની ટપાલમાં એ જ સંસ્થાના એક વિરોધી જૂથના લેખકનો પત્ર આવ્યો, જેમાં સંસ્થામાં અંદરખાને ચાલી રહેલા ભ્રષ્ટાચારની પૂરી વિગત આપેલી હતી. એ ગંદું સત્ય વાંચીને, સાહિત્યની પવિત્રતા પર તો શંકા જાગી જ પણ પછી મારી ખુદની પવિત્રતા પર પણ મને શંકા થવા માંડી! 'સાહિત્યની સંસ્થાની પવિત્રતા'નો મારો એટક શમી ગયો ને હું પવિત્રમાંથી, ફરી એક નોર્મલ માણસ બની ગયો.



સાહિત્યના ક્ષેત્રમાં આટલાં વરસોમાં, હું ઘણીવાર પવિત્ર થવાની દુર્ઘટનામાં ફસાયો, પણ દર વખતે માંડ માંડ બચી ગયો. હું લેખનનાં ધંધામાં સાવ નવોસવો હતો ત્યારે વરિષ્ઠ સાહિત્યકારો મને કહેતાઃ 'જુઓ, તમે સાહિત્યસર્જનનું કામ હાથમાં લીધું છે, તો મા વીણાધારીના મંદિરની પવિત્રતા જાળવી રાખજો.' સાંભળીને હું થોડો ફુલાઈ જતો. વિચારતો કે સિગારેટ પીવાનું છોડી દઉં કારણ કે એના ધુમાડાથી ધૂપની સુગંધ દબાઇ જશે? પણ હું એમાંથી ઊગરી ગયો. એ વરિષ્ઠો કહેતાઃ 'મા ભારતીએ તમારી સામે પાલવ પાથર્યો છે, તેને રત્નોથી ભરી દો.' મેં મનમાં કહ્યું: 'ઓકે, તમે મા ભારતીના પાલવમાં કચરો નાખતા જાઓ ને એમાં જ હું રત્નો ઠાલવતો જાઉં?'

પવિત્ર લેખક લોકો પણ ભારે ઇંટેરેસ્ટિંગ હોય છે. એક પવિત્ર લેખક મને હંમેશાં કહેતાઃ 'બોસ, તમે હવે કંઈક શાશ્વત સાહિત્ય લખો, અમારી જેમ!' તેઓ પોતે રોજ સટ્ટાનો નવો નવો આંકડો લગાડતા હતા, પણ સાહિત્ય તો શાશ્વત જ લખતા! મને શાશ્વત સાહિત્ય લખવાનું કહેનારાં પોતે ક્યારનાંયે ગુજરી ગયા ને હું હજીયે જીવું છું!

એ જ શાશ્વત સાહિત્યના એક પ્રોફેસરકમલેખકે અગાઉ મને કહેલું: 'અરે, તમે શાળામાં શિક્ષક છો, છતાંયે આટલું સારું લખી શકો છો? મને તો એમ કે તમે તો પ્રોફેસર હશો!' તે પવિત્ર પ્રોફેસરે, મારા જેવા શાળાના શિક્ષક-લેખકની સતત ઉપેક્ષા કરી. પણ પછી જતે દહાડે એમણે મારી જ રચનાઓ કોલજના ક્લાસમાં ભણાવવી પડેલી!

મોટા ભાગના લેખકોએ કલમને વેશ્યા બનાવી દીધી છે, જે પૈસા માટે ગમે તેની સાથે સૂઈ જાય છે. સત્તાધારીઓ, આપણી કલમ પર બળાત્કાર કરી લે છે ને આપણે ફરિયાદ સુધ્ધાં નથી નોંધાવતા. કેટકેટલા નીચ લોકોનાં વખાણ મેં પોતે ક્યાં નથી લખ્યાં? હું આ જ કલમથી બળાત્કારની પ્રશંસામાં ફિલ્મી ગીત પણ લખી શકું છું ને ભજન પણ લખી શકું છું. મારી પાસે આજે પૈસા આપીને મજૂર-વિરોધી અખબારનું સંપાદન કરાવી લો અને કાલે એનાથી વધારે પૈસા આપશો તો હું ટ્રેડ યુનિયનના અખબારનું સંપાદન કરી આપીશ! ક્યાં મરી પરવારી છે આપણી પવિત્રતા? અરે, સાહિત્ય ભવનની પવિત્રતાને એક સિનેમાઘર શું ખતમ કરવાનું હતું? પણ પવિત્ર સંસ્કારી સાહિત્કારોએ હોબાળો મચાવ્યો કે 'આ તો સંસ્કારી લોકોનો મહોલ્લો છે! અહીં ભલી-ભોળી સ્ત્રીઓ રહે છે ને અહીં સિનેમા બનાવાય?' જાણે સિનેમા તો ગુંડાઓના મહોલ્લામાં બનવું જોઈએ, જેથી આ આબરૂદાર ઘરોની સ્ત્રીઓ સિનેમા જોવા ગુંડાઓ વચ્ચે જાય, એમ?

હું સાંજવાળા પત્રથી હળવોફૂલ થઈ ગયો. પવિત્રતાનો પેનિક એટેક શમી ગયો. મને થયું કે સાહિત્યસંસ્થાના મંત્રીશ્રીને લખું: 'મેં એક પત્ર વડે જાણ્યું કે આપણી સંસ્થામાં કેટલો ભ્રષ્ટાચાર ચાલે છે! ખરેખર તો હવે સિનેમાઘરના માલિકે સરકારને અરજી કરવી જોઈએ કે આ 'ભ્રષ્ટાચારી સાહિત્ય સંસ્થા'ને અહીંથી હટાડો, જેથી સિનેમાનાં દર્શકોની પવિત્રતા, સંસ્કાર ને નૈતિકતા પર ખરાબ અસર ન પડે!'

---

## અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી feedback@bombaysamachar.com

### ઊંઘવાની ફીઃ એક રાતના બાવન હજાર રૂપિયા




'ઊગતા સૂર્યના દેશ' તરીકે પ્રખ્યાત જાપાન આજકાલ ઊંઘવા તૈયાર યુવાનોની ખોજમાં રહેતા દેશ તરીકે ચર્ચિત છે. જાપાનનું રિયલ એસ્ટેટ 'એક રાત તો ગુજારો હમારે ઘર મેં' પ્રકારનું કેમ્પેન ચલાવી રહ્યું છે. ફોડ પાડીને જણાવીએ. જાપાનમાં જો કોઈ એકલદોકલ વ્યક્તિ ઘરમાં મૃત્યુ પામે તો એ આવાસ 'કલંકિત પ્રોપર્ટી' અથવા 'ભૂતિયા ઘર' તરીકે ઓળખાય છે અને એ ઘર વેચતી વખતે કે ભાડે ચડાવતા પહેલાં ખરીદવા કે ભાડે રહેવા ઇચ્છુક વ્યક્તિને બધી વાતની જાણ કરવી ફરજિયાત છે. પરિણામે ગમી ગયું હોય તો પણ મોટાભાગના લોકો એવા ઘર ખરીદવાનું કે એમાં રહેવા જવાનું માંડી વાળતા હતા. રિયલ એસ્ટેટની આ રિયાલિટી જોઈ એક ફળદ્રુપ દિમાગમાં એક આઇડિયા ઝબક્યો. મિસ્ટર કોદામા નામના ભાઈએ આવા ભૂતિયા ઘરમાં નાઇટ વિઝન કેમેરા અને અન્ય ઉપકરણો સાથે રાતના ૧૦થી સવારના ૬ વાગ્યા સુધી નીંદર લેવાની પહેલ કરી. જો આખી રાતમાં કોઈ અલૌકિક ઘટના ન બને તો આ ભાઈસાહેબ 'આ ઘરમાં ભૂતનો વાસ નથી' એવું સર્ટિફિકેટ આપી દે. આવા ઘરમાં આઠ કલાક ઊંઘવાના એ ભાઈ ૮૮ હજાર યેન (બાવન હજાર રૂપિયા) ચાર્જ કરે છે. આ આઇડિયા કામ કરી ગયો અને કોદાભાઈનું 'ઑલ ઇઝ વેલ'નું સર્ટિફિકેટ ધરાવતાં ઘર વેચાઈ ગયાં છે અથવા ભાડે ચડી ગયાં છે. ભૂતમુક્ત પ્રમાણપત્ર ધરાવતું ઘર એ જાપાનમાં યુવાનો માટે આવકનો માર્ગ બની ગયું છે. અજબ દુનિયાની ગજબ વાત, બીજું શું!

### ૫૦ હજારનું ઇનામ... પોપટ શોધી લાવનારને!




હિન્દી ફિલ્મોમાં 'એક ડાલ પર તોતા બોલે' અને 'તોતા મૈના કી કહાની' જેવાં ગીતો અને બાળવાર્તામાં 'પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી' જેવા ઉલ્લેખથી અનેક લોકો પરિચિત હશે. સૂડા અથવા પોપટ મનુષ્યની જેમ બોલી શકવાની આવડત અને રમતિયાળ સ્વભાવને કારણે મનુષ્યપ્રેમી પંખી ગણાય છે. જે પરિવારના ઘરમાં પાંજરામાં પોપટ હોય એ ઘરના લોકોનો એ હેવાયો બની જાય છે. એના માટે કુટુંબના સંહાયોમાં પારાવાર પ્રીતિ જન્મે છે. મધ્ય પ્રદેશના ગ્વાલિયર શહેરમાં રહેતા એક પરિવારને ત્યાંથી ઘરના સભ્ય જેવો પાળેલો પોપટ અચાનક પલાયન થઈ જતાં લોકો બેબાકળા થઈ ગયા છે. એને શોધી કાઢવા આકાશ પાતાળ એક કરવામાં આવી રહ્યાં છે. આસપાસના વિસ્તારમાં સર્ચ ઑપરેશન આદરી ઈ-રિક્ષા ભાડે કરી એના પર પોસ્ટર લગાવી અનેક વિસ્તારમાં ફેરવવામાં આવી રહી છે. વાત વધીને ક્યાં પહોંચી છે એ જાણવા જેવું છે. જે કોઈ વ્યક્તિ આ પોપટ વિશે જાણકારી - માહિતી આપશે અથવા એને હેમખેમ ઘરે પહોંચાડી દેશે એ વ્યક્તિને ૫૦ હજાર રૂપિયા રોકડ ઇનામ પેટે આપવાની ઘોષણા કરવામાં આવી છે, બોલો. આ અનોખા શોધ અભિયાનની ચર્ચા શહેરભરમાં થઈ રહી છે અને લોકો મદદ કરવા આગળ આવી રહ્યા છે.

### બેડીઓનાં બંધનમાં બંધાયેલું વૃક્ષ



ગુનો કરવા બદલ કાળા માથાના માનવીને સજા થાય અને એને ઝંઝીર બાંધીને જેલમાં પૂરી દેવામાં આવે એવું સદીઓથી બનતું આવ્યું છે, પણ શું તમે ક્યારેય એવું સાંભળ્યું છે કે માનવજીવનમાં અત્યંત ઉપયોગી સાબિત થતું વૃક્ષ બેડીઓનાં બંધનમાં જકડાઈ જાય? અને ૧૨૮ વર્ષ પછી પણ એ વૃક્ષ બંધનમાં જકડાયેલું રહે અને એ પણ બીજા કોઈના વાંકને કારણે? ચોંકી ગયા ને, પણ હકીકત એ છે કે ૧૮૯૮ની સાલમાં એક બ્રિટિશ ઑફિસરે શરાબના નશામાં વડના વૃક્ષને ધરપકડની સજા ફરમાવી હતી. વડનું એ વૃક્ષ આજે પણ સજા ભોગવી રહ્યું છે. અહીં એવો સવાલ થઈ શકે છે કે ૧૯૪૭માં ભાગલા પડ્યા અને એ વૃક્ષ જે વિસ્તારમાં હતું એ સ્વતંત્ર દેશ બનેલા પાકિસ્તાનમાં ગયું. એ વાતને પણ ૭૯ વર્ષ થઈ ગયાં છે. સવાલ એ થાય છે કે શું આ સાત દાયકામાં એ વૃક્ષની બેડી દૂર કરવાનો વિચાર કોઈને નહીં આવ્યો હોય? પાકિસ્તાનના ખૈબર પ્રાંતમાં આવેલા આ વૃક્ષ પર આજે પણ એક પાટિયું જોવા મળે છે જેના પર લખ્યું છે કે 'I AM ARRESTED.' મતલબ કે મારી ધરપકડ કરવામાં આવી છે. પાટિયા પર આગળ જણાવ્યું છે કે 'એક દિવસ સાંજે બ્રિટિશ ઑફિસર શરાબના નશામાં અહીંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે એને એવું લાગ્યું કે હું મારી જગ્યાએથી ખસીને બીજે જઈ રહ્યું છું. એટલે એણે સાર્જન્ટને મારી ધરપકડ કરવાનો આદેશ આપ્યો. એ દિવસથી હું બેડીમાં જકડાયેલું છું.' બ્રિટિશરોએ તેમના શાસનકાળ દરમિયાન ભારતીય ઉપખંડના લોકો સાથે કેવું અમાનવીય વર્તન કર્યું હતું એની જાણ આવનારી પેઢીને થાય એ માટે એને બંધનમાંથી મુક્ત નથી કરવામાં આવ્યું એવો ખુલાસો સ્થાનિક લોકો તરફથી કરવામાં આવ્યો છે.

### હસાવે એ અનેકનાં ઘર વસાવે

હસે એનું ઘર વસે અને હસાવે એનું ઘર ભાંગે એવું આદરણીય હાસ્યકાર તેમ જ નિબંધકાર રતિલાલ બોરીસાગરે લખ્યું છે. અલબત્ત વિનોદ ઉપજાવવાના આશય સાથે. હસે એ લાંબું જીવે એવી માન્યતા જાણીતી છે અને હસાવે એ શતાયુ ભવઃ થાય એમ કહેવું પડે એનો સાક્ષાત્કાર એટલે મરાઠી ભાષાના સમર્થ વ્યંગચિત્રકાર (કાર્ટૂનિસ્ટ) શિ. દ. ફડણીસ - શિવરામ દત્તાત્રેય ફડણીસે ૨૯ જુલાઈએ ઊજવેલો ૧૦૨મો બર્થડે. મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા પછી જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં અભ્યાસ શરૂ કર્યો અને ૧૯૪૫માં સર્વપ્રથમ તેમનાં કાર્ટૂન પ્રસિદ્ધ થયાં હતાં. જોકે ૧૯૫૨માં બનેલી એક ઘટનાથી વ્યંગચિત્ર વિકાસનો પ્રારંભ થયો. એ સમયે દિવાળી અંકના મુખપૃષ્ઠ પર સોહામણી યુવતી કે લોકપ્રિય ચિત્રપટ અભિનેત્રીની તસવીર છાપવાની પરંપરા હતી. ૧૯૫૨માં 'મોહિની' નામના દિવાળી અંકના મુખપૃષ્ઠ પર માઉસ પ્રિન્ટનું શર્ટ પહેરેલા એક યુવાન અને કેટ પ્રિન્ટની સાડી પહેરેલી યુવતી બસસ્ટૉપ પર બાજુબાજુમાં ઊભાં હોય એવું વ્યંગચિત્ર છાપવામાં આવ્યું હતું. ઉંદર-બિલાડીનો આ ખેલ વાચકોએ વધાવી લીધો અને મુખપૃષ્ઠ પર વ્યંગચિત્ર છાપવાના નવા ટ્રેન્ડનો ઉદય થયો. એક પણ શબ્દ વાપર્યા વિના રંગ અને બ્રશની મદદથી વ્યંગચિત્ર તૈયાર કરનારા શ્રીમાન ફડણીસ સાહેબે સળંગ ૬૦ વર્ષ 'મોહિની' દિવાળી અંકનું મુખપૃષ્ઠ તૈયાર કર્યું હતું. માત્ર તેમનું કવરપેજ માણવા અનેક લોકો એ સામયિક ખરીદતા હતા. એમનું યોગદાન વિશાળ છે. પ્રાથમિક શાળાના ગણિતના પુસ્તકમાં તેમનાં કાર્ટૂન જોઈ ગણિત પ્રત્યે અનેક વિદ્યાર્થીઓનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો હતો એ બહુ મોટી સિદ્ધિ કહેવાય. આવા ઊંચા ગજાના વડીલ કલાકારને વંદન અને નિરોગી આયુષ્યની શુભેચ્છા.




### લ્યો કરો વાત

*શ્વાન અને પુસ્તકની ગણના મનુષ્યના શ્રેષ્ઠ મિત્ર તરીકે કરવામાં આવે છે. શ્વાન જેવા જ હૂંફ અને પ્રેમ આપી શકતું પુસ્તક જ્ઞાનવર્ધક પણ સાબિત થાય છે. અનેક કારણોસર વિશ્વને અચંબિત કરી રહેલા ચીનમાં એક ગુફામાં તૈયાર કરવામાં આવેલી એક લાઇબ્રેરી આંખો પહોળી કરી રહી છે. ચીનના મિયાનહુઆ ગામમાં ખડકોની દીવાલોથી તૈયાર થયેલી એક ગુફામાં લાઇબ્રેરી ઊભી કરવામાં આવી છે. સોશ્યલ મીડિયામાં વાઇરલ થયેલી આ લાઇબ્રેરીમાં વિવિધ વિષયો અને વિવિધ લેખકોનાં પુસ્તકો હજારોની સંખ્યામાં નજરે પડે છે. ટુરિસ્ટો માટે નજરાણું બનવા ઉપરાંત વાંચન સાથે રોમાંચ પૂરો પાડે છે. ચીનનાં સાંસ્કૃતિક પ્રતીકોમાં વધુ એકનો ઉમેરો થયો છે. દુનિયા કરતાં એક કદમ આગળ રહેવાનું વધુ એક ઉદાહરણ ચીને પૂરું પાડ્યું છે.*

---

## છે ગરીબોના કૂબામાં...

કચ્છી ચોવક

feedback@bombaysamachar.com
કિશોર વ્યાસ

કાઈ કાર્ય નિષ્ઠાપૂર્વક કર્યું હોય, પણ પરિણામ શું આવશે તેની કલ્પના ન થઈ શકે ત્યારે ગુજરાતીમાં આપણે કહીએ છીએ કે 'આ તો ભરેલું નાળિયેર છે.' મતલબ કે અંદરથી મલાઈ નીકળશે કે નહીં એ કહી ના શકાય. એ જ અર્થમાં કચ્છી ચોવક કહે છે : 'ભર્યો નાઇયર આય!' આવી સ્થિતિમાં માત્ર ધારણા બાંધવાની હોય કે કલ્પના જ કરવાની રહે! એક સરસ ચોવક છે : 'મનજા લડૂં, મોરા કેર ખાય?' જો મનમાં જ લાડુ બનાવીને ખાવાના હોય તો ઘી-ગોળ ઓછાં શા માટે નાખવાં? એ તો છૂટથી જ વાપરવાનાં હોય! 'મોરા' લાડુ એટલે કે ઓછા ગોળવાળા લાડુ! કલ્પના કરીને જ લાડુ ખાવાના હોય તો એમાં ભરપૂર મીઠાસ હોવી જાઈએ.

એક અદ્‌ભુત ચોવક છે : 'ભુખેં જી ઘી લત મેં પિઇ, ઢીંગલા ડિસી પિઇ' હૃદયસ્પર્શી અર્થ ધરાવતી ચોવક છે. 'ભુકેં જી' એટલે ભૂખ્યાઓની, 'ભત મેં' એટલે જમણમાં, 'પિઇ' એટલે પડી. જમણનો સ્વાદ અહીં પ્રતીક બન્યો છે. પણ વાત જીવનની છે, શબ્દાર્થ એવો થાય છે કે જે સ્વાદ ભૂખ્યા લોકોના જમણમાં હોવો જોઇએ તે પૈસો જોઈને શ્રીમંતોના જમણમાં ઢળી પડ્યો! એવું જ જીવનમાં બનતું હોય છે. ગરીબોના ભાગનો હિસ્સો શ્રીમંતોની તિજોરીમાં જઈને ઢળી પડતો હોય છે. ચોવક જીવનની વાસ્તવિકતાનો અરીસો આપણી સામે ધરી દે છે! ગરીબોએ માગીને ઘી વાપરવું પડતું હોય છે. એ અર્થ બતાવતી બીજી એક ચોવક છે : 'મંગે ઘી જો ચૂરમું ન થીએ' ચૂરમો એક મીઠી, સ્વાદિષ્ટ વાનગી છે, જેમાં ઘીનો ઉપયોગ વધારે પ્રમાણમાં થાય તો જ એ સ્વાદિષ્ટ બને છે, પણ ચૂરમામાં વાપરી શકાય એટલા પ્રમાણમાં ઘી કોઈ પાસેથી ઉધાર થોડું લેવાય? શબ્દાર્થ એવો થાય છે કે 'ઘી માગીને ચૂરમો ન બનાવાય' અને ભાવાર્થ એવો થાય છે કે 'કોઈને તકલીફ આપીને મજા ન લેવાય.'

આપણે સૌ જાણીએ છીએં કે, દરેક બાબતની એક મર્યાદા હોય છે. આપણે ઘણીવાર કહેતા હોઈએ છીએં કે, 'મર્યાદામાં બધું શોભે' પણ એ જ વાત ચોવક આ રીતે કહે છેઃ ''માક્ જે પાણીએ ઊંઝા ન વિંગ', 'માક' એટલે ઝાકળ. અર્થ થાય છે કે, ઝાકળના પાણીથી તરસ ન છીપે. ઝાકળને પોતાની મર્યાદા હોય છે. એનું સ્વરૂપ વરસાદના પાણી જેવું નથી હોતું.

જીવનના ક્રમ પર કટાક્ષ કરતી એક સુંદર ચોવકનું સ્મરણ થાય છે. કહેવાય છે કે 'માડૂને ચિભડ, પ્યો પ્યો વધે' માણસની સરખામણી અહીં ચિભડાં સાથે કરવામાં આવી છે! પોતાની વેલમાંથી પોષણ મેળવતું ચીભડું એક જગ્યાએ પડ્યું પડ્યું કદ વધાર્યા કરે છે. તેવું જ માણસનું છે પડ્યા પડ્યા પણ તેની ઉંમર તો વધતી જ જાય છે.'

કોઈ સાથે વિવાદ સર્જાતાં કોર્ટનાં પગથિયાં ચઢ્યા એટલે જતાં વેંત કંઈ તેનો નિવેડો આવતો નથી.

એટલે જ ચોવક કહે છે કે, 'કોરટ મેં અટો ને આયુષ બોય ખપેં' અહીં 'અટો' એટલે માત્ર 'લોટ' એવો અર્થ જ નથી થતો. સંપૂર્ણ આર્થિક ક્ષમતા અને આયુષ્ય એમ બન્ને જાઈએ. કોર્ટમાં ન્યાય મેળવવા માટે ધીરજ પણ ધરવી પડે છે. વિવાદને પ્રેમથી સુલઝાવી લેવામાં જ આપ તો સાર છે. શા માટે કોર્ટ સુધી જવું જોઈએ? ચોવક કહે જ છે કે, 'ગુડ સેં મરે તેંકે, જેર કુલા ડિણું?' 'ગુડ' એટલે ગોળ. 'કુલા ડિણું ?' 'ગુડ' એટલે ગોળ, 'કુલા ડિણું' શા માટે આપવું? વાત જબાનની મીઠાસ પર આવીને અટકે છે.

## ગુજરાતનાં ગોપાલક હજુ ટ્રેડિશનલ ડ્રેસ ને ઘરેણાં પહેરે છે!

તસવીરની આરપાર

feedback@bombaysamachar.com
ભાટી. એન.



ગુજરાતની લોકસંસ્કૃતિમાં માલધારી ભરવાડ સમાજનું સ્થાન આગવું અને ગૌરવપૂર્ણ છે. આધુનિકતાના વધતા પ્રભાવ વચ્ચે પણ કચ્છ અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં આજે પણ પરંપરાગત ગ્રામ્ય પહેરવેશ જીવંત જોવા મળે છે. પુરુષો સફેદ વસ્ત્રોમાં કેડિયું, બંડી, ચોરણી અને પાઘડી ધારણ કરે છે, જે તેમની સાદગી, શૌર્ય અને સાંસ્કૃતિક ઓળખનું પ્રતીક છે. ગળામાં ફૂલહાર, કાંઠલો, ડોડી તેમ જ કાનમાં ભૂગરી અને હાથમાં સોના કે ચાંદીના કડા તેમના પરંપરાગત શણગારને વધુ આકર્ષક બનાવે છે.

માલધારી મહિલાઓનો પહેરવેશ તો ગુજરાતની લોકકલાનો જીવંત અરીસો કહેવાય. રંગબેરંગી ઓઢણી, કાપડું અને કાળા રંગનો પરંપરાગત થાપળો (ઘાઘરો) તેમની આગવી ઓળખ છે. ગળામાં પહીહાર, બરઘલી અને ડોડી, કાનમાં બૂટી, ઠોરીયા, નખલીયું અને દાણો, હાથમાં બંગડીઓ તેમજ પગમાં ચાંદીના કડા, કાબિયાં, સાકરાં અને અંગૂઠી જેવા ઘરેણાં તેમની સુંદરતા સાથે સાંસ્કૃતિક વૈભવને પણ ઉજાગર કરે છે. તેમની વેશભૂષા માત્ર શણગાર નથી, પરંતુ પેઢી દર પેઢી જળવાયેલી પરંપરાનું જીવંત પ્રતીક છે.

માલધારી સમાજનો જીવનવ્યવહાર પ્રકૃતિ અને પશુપાલન સાથે ગાઢ રીતે જોડાયેલો છે. ગાય, ભેંસ, બકરાં અને ઘેટાંનું પાલન કરીને તેઓ સ્વાભિમાનપૂર્વક પોતાનું ગુજરાન ચલાવે છે અને ગ્રામ્ય અર્થતંત્રમાં મહત્ત્વનું યોગદાન આપે છે. તેમની સાદગી, પરિશ્રમ, અતિથિભાવ અને સંસ્કૃતિ પ્રત્યેની અડગ નિષ્ઠા ગુજરાતની અમૂલ્ય ધરોહર છે. બદલાતા સમય છતાં પોતાની પરંપરા, પહેરવેશ અને જીવનમૂલ્યોને સાચવી રાખનાર માલધારી ભરવાડ સમાજ ખરેખર ગુજરાતની લોકસંસ્કૃતિનું ગૌરવ છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઓપનર સુદર્શન વિના ભારતીય ટીમ પહોંચી કોલંબો, ૧૫મીએ શરૂ થશે પ્રથમ ટેસ્ટ



કોલંબોઃ શુભમન ગિલના સુકાનમાં ભારતની ટેસ્ટ ટીમ મંગળવારે સાંજે કોલંબો પહોંચી હતી. ભારતીય ટીમ કોલંબો પહોંચી ત્યારે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

જોકે આ ટીમમાં ઓપનિંગ બૅટ્સમૅન બી. સાઇ સુદર્શન નથી. તેને પગના અંગૂઠામાં ઈજા છે અને બેંગ્લૂરુમાં બીસીસીઆઇના સેન્ટર ઑફ એક્સેલન્સ (સીઓઇ)માં સારવાર લઈ રહ્યો છે.

ભારતની ટીમ બે ટેસ્ટ માટે શ્રીલંકા પહોંચી છે. ગૉલમાં પ્રથમ ટેસ્ટ ૧૫મી ઑગસ્ટે શરૂ થશે અને કોલંબોની બીજી ટેસ્ટનો આરંભ ૨૩મી ઑગસ્ટે થશે. બન્ને ટેસ્ટ ભારતીય સમય અનુસાર સવારે ૧૦.૦૦ વાગ્યે શરૂ થશે.

જોકે ટેસ્ટ શ્રેણી પહેલાં ભારતીય ટીમ શુક્રવાર, સાતમી ઑગસ્ટથી કોલંબોમાં સ્થાનિક ટીમ સામે ત્રણ દિવસીય મૅચ રમશે.

ભારત-શ્રીલંકાની આ ટેસ્ટ શ્રેણી વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)નો હિસ્સો છે. ■

# બૉક્સર સાક્ષીએ કાલ્પનિક ગોલ્ડ મેડલને હકીકતમાં ફેરવ્યો!: ઍથ્લીટોનું દિલ્હીમાં સ્વાગત

નવી દિલ્હીઃ કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતને ચોથા નંબર પર લાવનાર સ્પર્ધકોમાંથી મોટા ભાગના ઍથ્લીટો મંગળવારે વહેલી સવારે ભારત પાછા આવી ગયા હતા, પરંતુ તેમના માટે પરિવારજનો અને મિત્રો સાથે ચંદ્રકોની જીતનું સેલિબ્રેશન કરવા માટે બહુ ઓછો સમય બચ્યો છે, કારણકે દોઢ મહિનામાં જાપાનમાં એશિયન ગેમ્સ શરૂ થશે જેમાં તેમણે કૉમનવેલ્થ ગેમ્સ કરતાં પણ આકરી કસોટીમાંથી પસાર થવું પડશે. ભારત પાછા આવેલા સ્પર્ધકોમાં ઘણા બૉક્સર હતા જેમાંની એક ગોલ્ડ મેડલિસ્ટ સાક્ષી ચૌધરીએ પત્રકારોને કહ્યું, 'દરેક રાત્રે મને વિચાર આવતો કે જાણે હું ગોલ્ડ મેડલ જીતી ગઈ છું. નજર સામે મને ગોલ્ડ મેડલ દેખાતો હતો અને હું એ કાલ્પનિક સુવર્ણચંદ્રક જીતીને રહી.'



મંગળવારે દિલ્હીમાં સ્વાગત વખતે બૉક્સરો સાક્ષી ચૌધરી, જૈસમિન અને જાદુમણી (ઉપર) તેમ જ પ્રીતિ પવાર અને જૂડોનો ચંદ્રક વિજેતા હર્ષ સિંહ. (પીટીઆઇ)





સાક્ષી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ઇંગ્લૅન્ડની રુબી વાઇટને હરાવનારી પ્રથમ મુક્કાબાજ બની હતી. દિલ્હીમાં ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ઍથ્લીટોનું પુષ્પ, હાર અને બૂકેથી શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. સાક્ષી ચૌધરીએ એવું પણ કહ્યું કે 'મેં કૉમનવેલ્થનો ગોલ્ડ જીતવાનું સપનું સાકાર કર્યું. મેડલ જીત્યા બાદ હું રિંગમાં અને મેડલના મંચ પર ઊભી હતી ત્યારે ત્યાં વાગતું રાષ્ટ્રગીત સાંભળીને અને તિરંગો જોઈને હું ખૂબ ગર્વ અનુભવતી હતી. અહીં પાછા આવતાં અમારું જે રીતે સ્વાગત થયું એ જોઈને મને વિચાર આવ્યો કે ખરેખર, મેં જે સપનું જોયું હતું એ સાકાર થયું છે.'

**જૈસમિન થોડી પ્રૅક્ટિસ બાદ ગોલ્ડ મેડલ જીતી**

બૉક્સિંગમાં ભારતની વધુ એક ગોલ્ડ-મેડલિસ્ટ જૈસમિન લમ્બોરિયાએ પત્રકારોને કહ્યું, 'ઘણા મહિનાઓથી મને તાવ હતો જેને કારણે હું ફક્ત ત્રણ અઠવાડિયા પ્રૅક્ટિસ કર્યા પછી કૉમનવેલ્થમાં ભાગ લેવા પહોંચી હતી. જોકે હું રિંગમાં ઊતરી ત્યારે બધું ભૂલીને ભારત માટે બેસ્ટ પર્ફોર્મ કરવા પર જ બધુ ધ્યાન આપ્યું હતું.'

**સચિન સિવાચને પ્રૅક્ટિસ ફળી**

પુરુષોની મુક્કાબાજીમાં ગોલ્ડ મેડલ જીતનારા સચિન સિવાચે જણાવ્યું, 'મેં ઘણા મહિનાઓ સુધી જે પ્રૅક્ટિસ કરી એ મને ફળી. મેં ખૂબ મહેનત કરી હતી અને ટેક્નિકલ ક્ષતિઓ દૂર કરી હતી. હવે મારો લક્ષ્યાંક એશિયન ગેમ્સનો ગોલ્ડ મેડલ જીતવાનો છે.'

**હરીફોના વીડિયો જોયા હતા**

બૉક્સિંગનો સિલ્વર મેડલ જીતનાર નરેન્દર બેરવાલે જર્નલિસ્ટોને કહ્યું, 'અમે દરેક હરીફના વીડિયો જોયા હતા અને એ મુજબ પ્રૅક્ટિસ કરી હતી. પ્લાન-એ સફળ થતો ત્યારે અમે એને જ વળગી રહેતા અને નિષ્ફળતા મળતી ત્યારે બીજી યોજના બનાવી લેતા હતા.'

**સબ ઇન્સ્પેક્ટર અસ્મિતા સ્વાગતથી આનંદિત**

જૂડોમાં ગોલ્ડ મેડલ જીતનાર હર્ષ સિંહ અને અસ્મિતા ડે મંગળવારે વહેલી સવારે દિલ્હી પાછા આવ્યા હતા. હર્ષ ઍરપોર્ટ પર લોકોના સ્વાગતથી ભાવુક થઈ ગયો હતો. અસ્મિતાએ પત્રકારોને કહ્યું, 'મેં પહેલી જ વખત આટલું શાનદાર વેલકમ માણ્યું.' ■

# ઑસ્ટ્રેલિયાને મળી ગયો વૈભવ જેવો હાર્ડ-હિટર, આ ગુજરાતી ખેલાડી રાજકોટ-અમદાવાદમાં રમશે

સિડનીઃ ઑસ્ટ્રેલિયાના ક્રિકેટ બોર્ડનો આડકતરો દાવો છેકે એને ભારતના વૈભવ સૂર્યવંશી જેવો હાર્ડ-હિટર મળી ગયો છે. આ ટીનેજર ગુજરાતી છેઅને આવતા મહિને ઑસ્ટ્રેલિયાની અન્ડર-૧૯ ટીમ સાથે સિરીઝો રમવા ગુજરાતના પ્રવાસે આવવાનો છે. ભારતીય મૂળનો આ ખેલાડી ગુજરાતી છે અને તેનું નામ છે નીલ પટેલ. તે ઓપનિંગ બૅટ્સમૅન છે તેમ જ સ્પિન બોલિંગથી પણ ટીમને ઉપયોગી બની શકે છે.



નીલ પટેલ. (એએનઆઇ)

ભારતના ટીનેજ સેન્સેશન વૈભવ સૂર્યવંશી વિશે પરિચય આપવાની જરૂર નથી. ભાગ્યે જ કોઈ ટીમને આટલી નાની ઉંમરનો આવો ટૅલેન્ટેડ ખેલાડી મળે. ઝિમ્બાબ્વેના પ્રવાસમાં તેણે હાઈએસ્ટ ૧૫૧ રનની મદદથી ૩-૦થી સિરીઝ જીતાડી હતી અને પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર તેણે જીતી લીધો હતો.

નીલ પટેલ ઑસ્ટ્રેલિયાની ડોમેસ્ટિક ક્રિકેટમાં કેટલીક ધમાકેદાર ઇનિંગ્સ રમીને તેમ જ સ્પિન બોલિંગથી વિકેટો લઈને છવાઈ ગયો છે. હાલમાં નીલ પટેલ ઑસ્ટ્રેલિયાના શ્રેષ્ઠ અન્ડર-૧૯ ખેલાડીઓમાં ગણાય છે. ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના મતે ભારતની ટર્નિંગ પિચો પર વિદેશી ખેલાડીની સૌથી આખરી કસોટી થતી હોય છે અને નીલ પટેલ એમાં સફળ થશે.

આગામી ૧૩મી સપ્ટેમ્બરથી ૯મી ઑક્ટોબર દરમ્યાન ઑસ્ટ્રેલિયા અન્ડર-૧૯ ટીમની ઇન્ડિયા અન્ડર-૧૯ ટીમ સામે ત્રણ વન-ડે અને ચાર દિવસવાળી બે બિન સત્તાવાર ટેસ્ટ મૅચ રમાશે. બંને દેશની અન્ડર-૧૯ ટીમ વચ્ચેની મૅચો રાજકોટ-અમદાવાદમાં રમાશે. ■

# કૉમનવેલ્થમાં હારેલો પાકિસ્તાની બૉક્સર સ્કૉટલૅન્ડની હૉટેલમાંથી ભાગી ગયો!



કરાચીઃ કૉમનવેલ્થ ગેમ્સમાં ભાગ લેવા સ્કૉટલૅન્ડ ગયેલો પાકિસ્તાનનો મુક્કાબાજ કુદ્રતુલ્લા પોતાના દેશના સ્પર્ધકો સાથે સ્વદેશ પાછા આવવાને બદલે ગ્લાસગો શહેરમાં જ ક્યાંક ગુમ થઈ ગયો હોવાનો અહેવાલ મળ્યો હતો. આ બૉક્સર પોતાના પાસપોર્ટ વગર ટીમની હૉટેલમાંથી ક્યાંક ભાગી ગયો હતો. પાસપોર્ટ ઉપરાંત તેની રિટર્ન ટિકિટ પણ ટીમ મૅનેજરના કબજામાં છે, પરંતુ ખુદ બૉક્સર ક્યાંક ગાયબ થઈ ગયો છે. એનો અર્થ એ છેકે તે ટ્રાવેલ માટેના સત્તાવાર દસ્તાવેજો વિના જ ક્યાંક જતો રહ્યો છે. પાકિસ્તાનના એથ્લીટો કોમનવેલ્થમાં ફક્ત એક બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.

શનિવાર મધરાત બાદ ૨.૦૦ વાગ્યા સુધી તે ટીમની હૉટેલમાં સાથી સ્પર્ધકોને જોવા મળ્યો હતો, પણ પાકિસ્તાન પાછા આવતાં પહેલાં સવારે ૯.૦૦ વાગ્યે હૉટેલની લૉબીમાં પાકિસ્તાનના તમામ ઍથ્લીટો ભેગા થયા ત્યારે એમાં કુદ્રતુલ્લા નહોતો.

૨૦૨૨ની કૉમનવેલ્થ ગેમ્સ ઇંગ્લૅન્ડમાં યોજાઈ હતી જ્યાં પાકિસ્તાનના બે મુક્કાબાજ બર્મિંગમમાં ક્યાંક ગાયબ થઈ ગયા હતા. બન્નેના પાસપોર્ટ અને રિટર્ન ટિકિટ ટીમના મૅનેજર પાસે જ હતા. ૨૦૨૪માં ઇટલીમાં વર્લ્ડ ઑલિમ્પિક ક્વૉલિફાયર્સ દરમ્યાન પાકિસ્તાનનો એશિયન ગોલ્ડ-મેડલિસ્ટ બૉક્સર ઝોહૈબ રાશીદ પોતાની સાથે હૉટેલની રૂમમાં રહેતા સાથી સ્પર્ધકના વૉલેટમાં રાખેલી વિદેશી ચલણની નોટો તેમ જ બીજી કીમતી ચીજો લઈને ભાગી ગયો હતો. ■

# અમેરિકામાં ભારતીય મૂળના ક્રિકેટર પર આઠ વર્ષનો પ્રતિબંધ

ન્યૂ યૉર્કઃ અમેરિકાનો ભારતીય મૂળનો ઑલરાઉન્ડર બી. અખિલેશ રેડ્ડી હજી તો અમેરિકા વતી માંડ ચાર ટી-૨૦ મૅચ રમ્યો છે ત્યાં તો તેના રમવા પર આઠ વર્ષનો પ્રતિબંધ મુકાયો છે.

અખિલેશ રેડ્ડી પરનો આરોપ ૨૦૨૫-'૨૬ની સીઝનમાં રમાયેલી અબુ ધાબી ટી-૧૦ ટૂર્નામેન્ટ સંબંધિત છે. અખિલેશે નિયમ ૨.૧.૧નો ભંગ કર્યો છે. આ નિયમ મૅચને ફિક્સ કરાવવામાં કે ખોટી રીતે વગનો ઉપયોગ કરવા કે મૅચના પરિણામ કે મૅચની ગતિમાં બદલાવ લાવવા વિશે સંમત થવા વિશેનો છે. નિયમ ૨.૧.૪ ટીમના સાથી ખેલાડીને એક કે વધુ મૅચ માટે નિયમ ૨.૧.૧નો ભંગ કરવા પ્રોત્સાહિત કરવા અથવા સમજાવવા વિશેનો છે. નિયમ ૨.૪.૭નો નિયમ તપાસ સંબંધિત સંભવિત ડેટા તથા મૅસેજિસને ડીલીટ કરીને તપાસકાર્યમાં અવરોધ બનવા વિશેનો છે. ■

# ઇશાન કિશન ગળામાં આઇડી કાર્ડ પહેરીને કેમ આરબીઆઇની ઑફિસમાં પહોંચ્યો?

પટનાઃ શુભમન ગિલની કૅપ્ટન્સીમાં ભારતના ટેસ્ટ ખેલાડીઓ શ્રીલંકાના પ્રવાસે ગયા છે, પણ વિકેટકીપર-બૅટ્સમૅન ઇશાન કિશન હાલમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નાના બ્રેક પર છે એટલે ક્રિકેટની પિચ સિવાયના થોડા કામમાં વ્યસ્ત થઈ ગયો છે જેના ભાગરૂપે તે મંગળવારે પટનામાં રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા (આરબીઆઇ)ની ઑફિસમાં જોવા મળ્યો હતો.



ઇશાન કિશન સવારે આરબીઆઇના કાર્યાલયમાં આવ્યો ત્યારે સ્ટાફર હોવા બદલ તેણે ગળામાં જે આઇડી કાર્ડ પહેર્યું હતું એમાં હિન્દી અને અંગ્રેજીમાં 'રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા' લખ્યું હતું. તે ઑફિસમાં આવ્યો ત્યારે તેના એક ચાહકે પોતાના મોબાઇલના કૅમેરામાં તેને કેદ કરી લીધો હતો. ૨૮ વર્ષના ઇશાન કિશને આ સરકારી નોકરીમાં મોટા ભાગે ક્રિકેટને લગતી પ્રવૃત્તિ કરવાની હોય છે અને આરબીઆઇ સાથે તે ઘણા સમયથી સંકળાયેલો છે. ૨૦૨૪માં તેણે ક્રિકેટમાંથી બ્રેક લીધો હતો ત્યારે તે નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં આરબીઆઇ વતી એક ટી-૨૦ ટૂર્નામેન્ટમાં રમ્યો હતો.

ઇશાન કિશન હવે ડોમેસ્ટિક ક્રિકેટમાં આ મહિનાથી જ રમવાનું શરૂ કરશે. ૨૩મી ઑગસ્ટે દુલીપ ટ્રોફી શરૂ થશે જેમાં તે ઈસ્ટ ઝોનની ટીમનું નેતૃત્વ સંભાળશે અને વૈભવ સૂર્યવંશી વાઇસ-કૅપ્ટન તરીકે રમશે. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| REAL | પ્રદેશ |
| REALISTIC | સમજવું |
| REALLY | વાસ્તવિક |
| REALM | યથાર્થ |
| REALIZATION | ખરેખર |

### માતૃભાષાની મહેક

વાસ શબ્દ કાને પડતા જ આપણું નાક સંકોચાઈ જાય એ હદે અને એને દુર્ગંધ સાથે જોડી દીધો છે. વાસ બે પ્રકારની હોયઃ સુવાસ અથવા સુગંધ દુર્ગંધ. વાસનો એક અર્થ રહેવું, રહેઠાણ પણ થાય છે. વાસ પૂરવો એટલે વસવાનું શરૂ કરવું કે વસવું. વાસ ભરાવવો એટલે ઉચાળા ભરાવવા, ઘરવખરી સાથે જવાની ફરજ પાડવી, ઘવખરી ઉપાડી લઈ જવાની જરૂર પાડવી.

### ગુજરાત મોરી મોરી રે

'જેટલો ખર્ચ કે કોશિશ વધુ કરીએ એટલું વધુ સારું પરિણામ મળે' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

નાખો એટલું જેટલો થાય ગોળ ગળ્યું

### ઈર્શાદ

*નભને નેપથ્ય કોણ બેસીને આજ,*
*ધીરી ધીરી મેઘની બજવે પખવાજ?*

*- ઉમાશંકર જોશી*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ | ૭ | |
| | ૮ | | | ૯ | ૧૦ | | ૧૧ | | |
| ૧૨ | | | ૧૩ | | | | | | ૧૪ |
| | | | | ૧૫ | | | ૧૬ | | |
| | ૧૭ | | ૧૮ | | | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | | ૨૨ | | | | | | | |
| | | | | ૨૩ | ૨૪ | | | | ૨૫ |
| | | | ૨૬ | | | | | ૨૭ | |
| | ૨૮ | ૨૯ | | ૩૦ | | | ૩૧ | | |
| ૩૨ | | | | | ૩૩ | | | | |

**આડી ચાવી**

૧. બળેવને દિવસે ભાઈ તરફથી બેનને અપાતી ભેટ (૫)
૫. જૈનોના એક તીર્થંકર (૪)
૮. પળ (૨)
૯. લોહીનો રંગ (૨)
૧૧. ઝીણી ધૂળ (૨)
૧૨. કાદવ (૨)
૧૩. અનુકૂળતા, જોગવાઈ (૪)
૧૫. રેતાળ પ્રદેશ (૨)
૧૯. મજબૂત, સંગીન (૪)
૨૧. તરફદારી (૪)
૨૩. કજિયાના ત્રણ છોરુમાંનો એક (૨)
૨૬. મળતાપણું કે તેનો અંશ (૪)
૨૭. શિક્ષા, દંડ (૨)
૨૮. રુચિ, પસંદ (૨)
૩૦. હંમેશાં (૨)
૩૧. દિવસ (૨)
૩૨. ધર્મ, પંથ (૪)
૩૩. સુંદર (૫)

**ઊભી ચાવી**

૨. રક્ષણ કરનાર (૩)
૩. પ્રતિજ્ઞા, ટેક (૨)
૪. ભાંગ (૪)
૬. પરાજય (૨)
૭. વિદ્યુત (૨)
૧૦. મીઠું (૩)
૧૨. મુસાફર (૨)
૧૪. ઘા (૩)
૧૬. કોલાહલ (૨)
૧૭. શિકાર, ખોરાક (૨)
૧૮. ઠંડું (૨)
૧૯. દોલત, પૈસો (૨)
૨૦. ધૂર્ત, લુચ્ચું (૨)
૨૧. મળસકું, સવાર (૩)
૨૨. પૂર પહેલાં --- બાંધો (૨)
૨૩. ચીજ, વસ્તુ (૩)
૨૪. રસાવાળું (૪)
૨૫. યથા રાજા તથા --- (૨)
૨૭. પ્રિયા, માશૂક (૩)
૨૮. હાથી (૨)
૨૯. આસક્તિ (૨)
૩૧. --- ધર્મનું મૂળ છે (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ચાં | દ | ૨ ર | ડું | | ૩ સ | | ૪ ઉ | ૫ મં | ગ |
| દી | | ક | | ૬ ધ | ખા | ૭ રો | | ડ | |
| | | ૮ ઝ | નૂ | ન | | ૯ પિ | તૃ | પ | ૧૦ ક્ષ |
| ૧૧ ધ | ૧૨ નિ | ક | | ૧૩ દે | હા | ત | | | મ |
| | રા | | ૧૪ રા | વ | | | ૧૫ મ | ૧૬ મ | તા |
| ૧૭ દ | શ | કો | | | ૧૮ ઘ | ટ | | જા | |
| શિ | | | ૧૯ મા | હે | ર | | ૨૦ મ | ક | ર |
| ૨૧ ત | ૨૨ પો | વ | ન | | ૨૩ વ | હા | ર | | |
| | ક | | ૨૪ વ | ૨૫ ચે | ટ | | જી | | ૨૬ છ |
| ૨૭ બા | ળ | કી | | હ | | ૨૮ ન | વો | દિ | ત |

### ઓળખાણ પડી?

મોટેભાગે જૂના અને મોટા થડના વૃક્ષમાં પોતાની મજબૂત ચાંચની મદદથી લાકડું ખોદી એમાં માળો બનાવી રહેતા પક્ષીની ઓળખાણ પડી?

અ) સારસ બ) લક્કડખોદ
ક) લાવણ્ય ડ) કાકાકૌઆ



### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'અમુક લોકોનો સહવાસ યાદગાર બની જાય છે' કહેવતમાં સહવાસ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) ટીકા બ) સુવાસ ક) રહેઠાણ ડ) સોબત

### માઈન્ડ ગેમ

આ વર્ષે સ્કોટલેન્ડના ગ્લાસગો શહેરમાં આયોજિત કોમનવેલ્થ ગેમ્સમાં ભારત વતી પ્રથમ ગોલ્ડ મેડલ મેળવનાર એથ્લિટનું નામ જણાવો.

અ) નીરજ ચોપડા બ) પ્રીતિ પવાર ક) મીરાંબાઈ ચાનુ ડ) હર્ષ સિંહ

### સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | ૨ | | ૩ | | ૯ | |
| ૬ | ૧ | ૪ | ૭ | | ૫ | ૩ | ૨ | ૮ |
| | | | | | | | | |
| ૨ | ૬ | ૮ | | | | ૯ | ૩ | ૧ |
| | | | | | | | | |
| ૭ | ૩ | ૯ | | | | ૬ | ૪ | ૫ |
| | | | | | | | | |
| ૩ | ૫ | ૨ | ૯ | | ૮ | ૧ | ૭ | ૪ |
| | ૯ | | ૧ | | ૨ | | ૫ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૯ | ૮ | ૨ | ૫ | ૬ | ૪ | ૭ |
| ૮ | ૪ | ૬ | ૯ | ૭ | ૩ | ૨ | ૫ | ૧ |
| ૨ | ૭ | ૫ | ૧ | ૪ | ૬ | ૩ | ૮ | ૯ |
| ૩ | ૯ | ૭ | ૬ | ૮ | ૨ | ૪ | ૧ | ૫ |
| ૫ | ૨ | ૪ | ૩ | ૯ | ૧ | ૮ | ૭ | ૬ |
| ૬ | ૧ | ૮ | ૭ | ૫ | ૪ | ૯ | ૩ | ૨ |
| ૯ | ૮ | ૧ | ૨ | ૩ | ૭ | ૫ | ૬ | ૪ |
| ૭ | ૫ | ૩ | ૪ | ૬ | ૯ | ૧ | ૨ | ૮ |
| ૪ | ૬ | ૨ | ૫ | ૧ | ૮ | ૭ | ૯ | ૩ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| REACH | પહોંચવું |
| REACT | પ્રતિક્રિયા |
| READ | વાંચવું |
| READY | તૈયાર |
| READILY | રાજીખુશીથી |

**ગુજરાત મોરી મોરી રેઃ**
જમણો હાથ કરે એ ડાબો હાથ ન જાણે

**ઓળખાણ પડી?**
Swallow

**માઈન્ડ ગેમ :**
ચમાલ

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
કંજૂસ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજરિયા (૭) હરિહર ભટ્ટ (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન સાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ સંઘવી (૧૭) ભાવના કર્વે (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કમલ માતલિયા (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૧) અલકા વાણી (૩૨) નિતીન જયંતીલાલ બજરિયા (૩૩) ધીરેન્દ્ર ઉદેશી (૩૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૫) તાહેર ઔરંગાબાદવાલા (૩૬) શીરીન ઔરંગાબાદવાલા (૩૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૮) નીતા દેસાઈ (૩૯) પુષ્પા પટેલ (૪૦) મહેશ દોશી (૪૧) સુભાષ મોમાયા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) પ્રતિમા પમાણી (૪૪) ભામિની સંપટ (૪૫) રમેશભાઈ દલાલ (૪૬) હિનાબેન દલાલ (૪૭) ઈનાક્ષીબેન દલાલ (૪૮) જ્યોત્સના ગાંધી (૪૯) કુંદન કે. મારુ

# ગુજરાતમાં પાસપોર્ટ વેરિફિકેશન માટે હવે પોલીસ સ્ટેશન જવાની જરૂર નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા રાજ્યના નાગરિકોની સુવિધા અને પાસપોર્ટ વેરિફિકેશન પ્રક્રિયાને વધુ પારદર્શક અને સરળ બનાવવા માટે તમામ પોલીસ સ્ટેશનો અને અધિકારીઓને મહત્ત્વપૂર્ણ દિશા-નિર્દેશો આપવામાં આવ્યા હતા. નાગરિકોને પાસપોર્ટ વેરિફિકેશન માટે બિનજરૂરી ધક્કા ન ખાવા પડે તે હેતુથી વહીવટી પ્રક્રિયામાં કેટલાક મહત્ત્વના સુધારા અંગેની સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

પાસપોર્ટ વેરિફિકેશન સંબંધિત મુખ્ય બાબતોમાં પાસપોર્ટ અરજદારોને વેરિફિકેશનની પ્રક્રિયા માટે પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ બોલાવવાની કોઈ આવશ્યકતા રહેશે નહીં. પોલીસ વેરિફિકેશન દરમિયાન માત્ર અરજદારની નાગરિકતા અને તેમના ગુનાહિત પૂર્વ ઇતિહાસની જ ચકાસણી કરવાની રહે છે.

પોલીસે પાસપોર્ટ અરજદારોના સરનામાની અલગથી ચકાસણી કરવાની જરૂરિયાત રહેતી નથી. એટલું જ નહીં, પોલીસે અરજદારને રૂબરૂ મળવાની કે અરજદારની સહી લેવાની પણ જરૂર રહેતી નથી. જે કિસ્સામાં પોલીસને કોઈ શંકાસ્પદ બાબત જણાય અથવા વધુ ખરાઈ કરવાની જરૂરિયાત લાગે, તેવા અપવાદરૂપ કિસ્સામાં જ પોલીસે રહેઠાણ સ્થળની મુલાકાત લેવાની રહેશે. જો કે આ સંજોગોમાં પણ અરજદારને પોલીસ સ્ટેશન બોલાવવાની આવશ્યકતા નથી.

રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે પોલીસ અધિકારીઓને આ સૂચનાઓનું કડકપણે પાલન કરવા આદેશ આપ્યો છે. સાથોસાથ રાજ્યના તમામ નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ આ સરળ પ્રક્રિયાથી માહિતગાર થાય અને કોઈ પણ બિનજરૂરી પ્રક્રિયામાં ન પડે. ■

# કોડીનાર - રાજકોટમાં સાત જણ ડૂબ્યાં: બે બાળકનાં મોત, બે ગુમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

કોડીનાર/અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છારા ગામના દરિયાકાંઠેથી આજે બપોરે એક દુઃખદ ઘટના સામે આવી છે. દરિયામાં પાંચ કિશોરો ડૂબી જતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં નજીકમાં રહેલા સ્થાનિક માછીમારો તાત્કાલિક દરિયામાં દોડી ગયા હતા અને ભારે જહેમત બાદ ત્રણ કિશોરોને જીવિત બહાર કાઢવામાં સફળ રહ્યા હતા. જોકે, બે કિશોરો દરિયામાં લાપતા બનતાં તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, પાંચેય કિશોરો અભ્યાસ કરતા હોવાનું જાણવા મળી રહ્યું છે અને તેમની ઉંમર આશરે ૧૬ વર્ષની આસપાસ છે. આજે બપોરના સમયે પાંચેય કિશોરો છારા ગામના દરિયાકાંઠે પહોંચ્યા હતા. ચર્ચા મુજબ, બે કિશોરો દરિયામાં નહાવા પડ્યા હતા. દરમિયાન તેઓ દરિયામાં ડૂબવા લાગતાં તેમને બચાવવા માટે અન્ય ત્રણ કિશોરોએ પણ દરિયામાં ઝંપલાવ્યું હતું.

જોકે, દરિયામાં જોરદાર કરંટ હોવાના કારણે કિશોરો મુશ્કેલીમાં મુકાયા હતા અને એક પછી એક ડૂબવા લાગ્યા હતા. આ દરમિયાન નજીકમાં રહેલા સ્થાનિક માછીમારોને ઘટનાની જાણ થતાં તેઓ તાત્કાલિક બચાવ માટે દરિયામાં ઉતર્યા હતા. માછીમારોએ ભારે પ્રયાસો કરીને ત્રણ કિશોરોને જીવિત બહાર કાઢી લીધા હતા.

પરંતુ બે કિશોરો દરિયાના પાણીમાં લાપતા બન્યા હતા. લાપતા કિશોરોની ઓળખ નિર્મળભાઈ હમીરભાઈ ચુડાસમા (ઉંમર ૧૬ વર્ષ) અને ભાવસિંહભાઈ ભરતભાઈ ચુડાસમા (ઉંમર ૧૬ વર્ષ) તરીકે થઈ હોવાનું જાણવા મળ્યું છે.

જ્યારે અન્ય એક ઘટનામાં બે બાળકનાં મોત નિપજ્યાં હતાં. રાજકોટ નજીક આવેલા લોઠડા ગામે વરસાદી પાણી ભરેલા એક ખાડામાં ડૂબી જવાથી બે માસૂમ બાળકોના કરુણ મોત નીપજ્યાં હતાં.

મૂળ મધ્ય પ્રદેશના શ્રમિક પરિવારનાં બાળકો હિતેશ (ઉં. વર્ષ ૫) અને મનીષા (ઉં. વર્ષ ૫) ગામમાં રમતાં રમતા અચાનક વરસાદી પાણીથી ભરેલા એક ખુલ્લા ખાડામાં પડી ગયાં હતાં. આસપાસ અન્ય બાળકો પણ હાજર હતા, જેમાંથી એક બાળકીએ તાત્કાલિક દોડીને પરિવારજનોને આ અંગેની જાણ કરી હતી.

બાળકીની વાત સાંભળીને પરિવારજનો અને સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બંને બાળકોને પાણીના ખાડામાંથી બહાર કાઢ્યા હતા. જોકે, ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી બંને બાળકોને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ■

# મુંદરા અદાણી બંદરનો રાષ્ટ્રીય વિક્રમ: ચાર ફૂટબોલના મેદાન જેટલા વિશાળ જહાજ પરથી ૨૧,૦૮૫ કન્ટેનર્સનું સફળ હેન્ડલિંગ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુંદરા સ્થિત અદાણી મુંદરા બંદરે દેશના મેરિટાઈમ સેક્ટરમાં વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેરતા નવો રાષ્ટ્રીય વિક્રમ સ્થાપિત કર્યો છે. મુંદરા બંદરે તાજેતરમાં જ 'એમએસસી અમ્બ્રા' નામના વિશાળ કન્ટેઈનર જહાજ પર ૨૧,૦૮૫ ટીઈયુ (કન્ટેઈનર માપદંડ)નું સફળતાપૂર્વક હેન્ડલિંગ કરીને નવું સિમાચિહ્ન સર કર્યું છે. ભારતના કોઈપણ બંદર પર એક જ જહાજમાંથી આટલી મોટી માત્રામાં કન્ટેઈનર કાર્ગોનું હેન્ડલિંગ કરવામાં આવ્યું હોય તેવી આ પ્રથમ ઘટના છે, જેણે દેશના અગ્રણી ખાનગી વ્યાપારી બંદર તરીકે મુંદરાનું સ્થાન અવિચળ બનાવ્યું છે.

વિશ્વનાં સૌથી મોટાં માલવાહક જહાજોમાં સ્થાન ધરાવતું 'એમએસસી અમ્બ્રા' કદમાં ચાર ફૂટબોલ મેદાન જેટલું વિશાળ છે. આ મહાકાય જહાજની લંબાઈ ૪૦૦ મીટર અને પહોળાઈ ૬૧.૫૪ મીટર છે. તેનું અંદાજિત ૨,૫૬,૨૨૮ મેટ્રિક ટનનું ડિસ્પ્લેસમેન્ટ (વજન) આશરે ૪૨,૭૦૦ હાથીઓના કુલ વજન બરાબર હોવાનો અંદાજ છે. બંદર પર આગમન સમયે જહાજનો ડ્રાફ્ટ (પાણીમાં ઊંડાઈ) અંદાજે ૧૫.૧૦ મીટરથી વધુ હતો. આટલા પ્રચંડ કદ અને ઊંડા ડ્રાફ્ટ ધરાવતા જહાજને સુરક્ષિત રીતે લંગારવા અને ઓપરેશન નિર્વિઘ્ને પાર પાડવા માટે જરૂરી અત્યાધુનિક મરીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ડીપ-ડ્રાફ્ટ ક્ષમતા મુંદરા બંદર ધરાવે છે, જે આ કામગીરીથી સાબિત થયું છે. આ નવી સિદ્ધિએ જાન્યુઆરી ૨૦૨૪માં 'એમએસસી લિવોર્નો' જહાજ દ્વારા સ્થાપિત અગાઉના ૧૬,૫૬૯ ટીઈયુ હેન્ડલિંગના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. અદાણી પોર્ટની ટીમે અગાઉના વિક્રમ કરતાં ૪,૫૧૬ ટીઈયુ વધુ હેન્ડલ કર્યા છે, જે કાર્યક્ષમતામાં ૨૬.૯ ટકાનો નોંધપાત્ર વધારો દર્શાવે છે.

આ ઐતિહાસિક પ્રસંગે અદાણી પોર્ટ્સ મુંદરાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રક્ષિત શાહે જણાવ્યું હતું કે, એમએસસી અમ્બ્રા પર ૨૧,૦૮૫ ટીઈયુનું હેન્ડલિંગ મુંદરા પોર્ટ અને દેશના મેરીટાઈમ સેક્ટર માટે ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક સિદ્ધિ છે. ■

# સુરત મનપા જાગી: શહેરને ખાડીપૂરથી બચાવવા સ્પેશ્યલ કમિટીની બેઠક, કમિશનરે આપ્યા નિર્દેશો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જુલાઈ મહિનામાં બે રાઉન્ડમાં પડેલા વરસાદને કારણે સુરતના હાલ-બેહાલ થયા હતા અને શહેરીજનોએ ભારે મુશ્કેલીઓ અને આર્થિક નુકસાન વેઠ્યું હતું. શહેરના મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાયાનું કારણ ખાડીપૂરને માનવામાં આવે છે ત્યારે હવે સુરત મહાનગરપાલિકા જાગી છે અને આ સ્થિતિને કાયમી ધોરણે ઉકેલવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) એ તાપી ભવનમાં સ્પેશિયલ ક્રીક ફ્લડ મિટિગેશન કમિટીની ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક બોલાવી હતી. મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં, આ સત્રમાં શહેરને ભવિષ્યમાં આવતા પૂરથી બચાવવા માટે ચાલુ ટેકનિકલ સર્વેક્ષણો અને હાઇડ્રોલોજિકલ મૉડેલિંગના કામકાજ અંગે ચર્ચા કરવામાં આવી હતી. પૂર વ્યવસ્થાપન મૉડેલ માટે, એક નિયુક્ત કન્સલ્ટન્સી ફર્મને શહેરની ખાડીઓના ૧૮૮ કિલોમીટરના પટમાં વિગતવાર ડિફરન્શિયલ ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ અને ટોપોગ્રાફિક સર્વેક્ષણો હાથ ધરવાનું કામ સોંપવામાં આવ્યું છે. સચોટ હાઇડ્રોલોજિકલ પ્લાનિંગ માટે, મહાનગરપાલિકાએ કન્સલ્ટન્સી ટીમને શહેરના ઐતિહાસિક અને અવકાશી ડેટાસેટ્સ પૂરા પાડ્યા છે. આમાં સુરતના વરસાદના રેકોર્ડ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી ઔદ્યોગિક ગંદા પાણીના નિકાલના મેટ્રિક્સ, ૨૦૨૬ના પૂરસ્તર, ૨૦૨૦ થી ૨૦૨૬ સુધીના દરિયાકાંઠાના ભરતીના દાખલા, ખાડીના ક્રોસ-સેક્શન, ટોપોગ્રાફી, તોફાનના આઉટલેટ્સ, ૨૦૨૫ના ડ્રોન વિઝ્યુઅલ ફૂટેજ, અગાઉના પૂર અભ્યાસ, પ્રસ્તાવિત રિંગ રોડની ડિઝાઈન, સિંચાઈ વિભાગના નહેર એસ્કેપ અને જળાશયો અને સરકારી પ્લોટ માટે જમીનનું મેપિંગ સામેલ છે. બાકીના ડેટા ગેપ માટે મ્યુનિસિપલ કમિશનરે સંબંધિત વિભાગોને ગુમ થયેલી માળખાકીય વિગતો પહોંચાડવા માટે બે દિવસની કડક સમયમર્યાદા આપી હતી, જેમાં નેશનલ હાઈ વે ડ્રેનેજ આઉટલેટ્સ, પુલ ડિઝાઇન અને ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર કોર્પોરેશન (ડીએફસીસી) અને સુરત-મુંબઈ એક્સપ્રેસવે માટે માળખાકીય વિગતો સામેલ છે. ■

# સુરતમાં મોબાઈલ બાબતે માતા-પિતાએ ઠપકો આપતાં ૧૩ વર્ષીય વિદ્યાર્થીનો રૂમમાં ગળે ફાંસો ખાઈ આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બાળકોમાં વધી રહેલી મોબાઈલની લત એક ગંભીર સમસ્યા બની ગઈ છે. સુરત શહેરના વેડ રોડ વિસ્તારમાં આવેલી લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા અને ધોરણ-૭માં અભ્યાસ કરતા ૧૩ વર્ષીય વિદ્યાર્થીએ માત્ર માતા-પિતાએ મોબાઇલ ન જોવા અને હોમવર્ક કરવાનું કહેતા જ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. પરિવારના એકના એક લાડકવાયા દીકરાના આપઘાતથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. આ ઘટનાની જાણ થતાં ચોક બજાર પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે.

વિદ્યાર્થી આખો દિવસ મોબાઇલમાં વ્યસ્ત રહેતો હોવાથી માતા-પિતાએ તેને પ્રેમથી ફોન બાજુ પર મૂકીને શાળાનું હોમવર્ક કરવા માટે જણાવ્યું હતું. જોકે, મોબાઇલ ગેમિંગની લતમાં ડૂબેલા દીકરાને આ વાતનું ભારે માઠું લાગી આવ્યું હતું. આવેશમાં આવીને તેણે ઘરના રૂમમાં દુપટ્ટા વડે પંખા સાથે ફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું. પરિવારજનોને જાણ થતાં તરત જ તેને નીચે ઉતારી સારવાર માટે લઈ જવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ ત્યાં સુધીમાં તેનું મૃત્યુ થઈ ચૂક્યું હતું.

મળતી માહિતી અનુસાર, મૃતક વિદ્યાર્થીનો પરિવાર મૂળ ઓડિશાનો વતની છે અને અહીં કામધંધા માટે રહે છે. તે સુરત મહાનગરપાલિકાની શાળા નંબર-૩૩૧માં ધોરણ-૭માં અભ્યાસ કરતો હતો. પરિવારમાં એકનો એક દીકરો હોવાથી તે સૌનો ખૂબ જ લાડકવાયો હતો. ■

# સુરત શહેરની તાપી નદીમાં મગર દેખાયો, લોકોને સાવધ રહેવા સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાની વિશ્વામિત્રી નદીમાં મગરોનો વસવાટ છે અને ખાસ કરીને વરસાદ બાદ મગરો ઘણીવાર રસ્તા પર દેખાતા રહે છે. ત્યારે હવે સુરતની તાપી નદીમાં પણ મગરોની સંખ્યા વધી હોવાના અહેવાલો મળ્યા છે. શહેરમાં અગાઉ ફૂલપાડા અને અમરોલી વિસ્તારમાં મગર દેખાતા હતા, પણ હવે શહેરના મધ્યમાં આવેલા જીલાની બ્રિજ નજીક આશરે આઠ ફૂટ લાંબો મહાકાય મગર નજરે પડતા માછીમારોમાં થોડી ચિંતા વધી હતી. માછીમારી કરી રહેલા લોકોએ મહાકાય મગરને જોયો હતો. માત્ર ૨૦ જ દિવસમાં ફૂલપાડા, અમરોલી અને હવે જીલાની બ્રિજ એમ સતત ત્રીજા અલગ-અલગ લોકેશન પર મગર દેખાયાની ઘટનાઓ બનતા તંત્ર દ્વારા વિસ્તારમાં મગરને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કરાયું છે. જોકે એક જ મગર દેખાયો કે અલગ અલગ મગર છે તે અંગે હજુ કોઈ સત્તાવાર સ્પષ્ટતા થઈ નથી. તાપીમાં વર્ષ ૨૦૦૬ના પૂર બાદ ક્યારેક ક્યારેક મગર દેખાયા છે. જોકે, મગરે ક્યારેય હુમલો કર્યાનો બનાવ બન્યો નથી. ■

# ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ ૧૭ લાખથી વધુ મહિલાઓને ₹ ૨૬૦૦ કરોડથી વધુની આર્થિક સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના એક મહત્વપૂર્ણ યોજના છે, જેના હેઠળ લાખો મહિલાઓ આજે સશક્ત અને આત્મનિર્ભર બની છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રાજ્યમાં આ યોજના હેઠળ ૧૭ લાખથી વધુ મહિલાઓને રૂ.૨૬૦૦ કરોડથી વધુની આર્થિક સહાય આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યની વિધવા મહિલાઓ આર્થિક રીતે સ્વતંત્ર બને અને ગૌરવપૂર્ણ જીવન જીવી શકે એ ઉદ્દેશથી ગુજરાત સરકાર દ્વારા ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ વધુ ને વધુ વિધવા મહિલાઓને આર્થિક લાભ મળે એ માટે રાજ્ય સરકારે માતબર બજેટની ફાળવણી કરી છે. વર્ષ ૨૦૨૬-૨૭માં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના માટે રૂ.૨૮૪૭.૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી હોવાની જાણકારી રાજ્ય સરકારે આપી હતી.

વર્ષ ૨૦૨૫-૨૬ના આંકડા મુજબ, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ ૧૭.૬૦ લાખ વિધવા મહિલાઓને રૂ.૨૬૫૪.૮૩ કરોડની આર્થિક સહાયની ચુકવણી કરવામાં આવી છે, તેમ રાજ્ય સરકારે અખબારી યાદીમાં જણાવ્યું હતું. ■

# ધ્રાંગધ્રા હાઈવે પરના તારંગા જૈન તીર્થમાં પૂજારી દંપતીના રહસ્યમય મોતથી ચકચાર, પોલીસે તપાસ શરૂ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ ધ્રાંગધ્રા હાઇવે પર આવેલા તારંગા જૈન તીર્થ ખાતે મંદિરના પૂજારી અને તેમની પત્ની મૃત હાલતમાં મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, પૂજારીની પત્નીનાં માથાના ભાગે ગંભીર ઈજાના નિશાન મળી આવ્યા છે, જ્યારે પૂજારીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યાક કરી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

પોલીસે બંનેના મૃતદેહોને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને સમગ્ર ઘટનાની તમામ દિશામાં તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક તપાસના આધારે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે પૂજારીએ કોઈ બોથડ (ભારે અને અણી વગરના) પદાર્થ વડે પત્નીની હત્યા કર્યા બાદ પોતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોય. જોકે, આ માત્ર પ્રાથમિક આશંકા છે.

પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, ઘટના પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે ફોરેન્સિક તપાસ, પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને અન્ય પુરાવાઓના આધારે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

આ બનાવ હત્યા છે કે હત્યા બાદ આત્મહત્યા, તે અંગેનું સાચું કારણ પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે. હાલમાં સમગ્ર વિસ્તારમાં આ ઘટનાને લઈને લોકોમાં ભારે ચર્ચા અને શોકની લાગણી જોવા મળી રહી છે. ■

# નખત્રાણામાં ધરૂડ નદી પર ₹ ૧૮ કરોડના ખર્ચે નવનિર્મિત પુલમાં ગાબડું: નબળા કામ સામે લોકોમાં ભભૂકતો રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે ચાલી રહેલા વિકાસકામોમાં કોન્ટ્રાક્ટરો દ્વારા કરવામાં આવતા લોટ પાણી ને લાકડા જેવા કામોનું પોત વરસાદ બાદ પ્રકાશવા લાગ્યું છે. નખત્રાણા તાલુકાના મથલ ગામ નજીક ધરૂડ નદી પર અંદાજિત રૂ. ૧૮ કરોડના માતબર ખર્ચે નવનિર્મિત પુલમાં પ્રથમ ચોમાસાના સામાન્ય વરસાદમાં જ મસમોટું ગાબડું પડી જતાં કામગીરીની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મથલ ગામની ધરૂડ નદી પર ટોડિયા ફાટક તરફ જતા માર્ગ પર તાજેતરમાં જ આ પુલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જોકે, ચોમાસાના પ્રારંભિક વરસાદમાં જ પુલના એપ્રોચ રોડ પર ગાબડું પડી ગયું હતું. આ અંગે મથલ ગામના સરપંચ હુશેન ખલીફાએ જણાવ્યું હતું કે, કોન્ટ્રાક્ટર દ્વારા પુલના નિર્માણ સમયે માટીકામ યોગ્ય રીતે ન કરાયું હોવાથી આ ગાબડું પડ્યું છે. સદ્ભાગ્યે ગાબડું પડ્યું તે સમયે કોઈ વાહન ત્યાંથી પસાર ન થતાં મોટી દુર્ઘટના ટળી હતી. તેમણે દેશલપરથી હાજીપીર તરફ બનેલા ૩૨ કિલોમીટરના સિમેન્ટ કોંક્રિટ રોડની કામગીરીમાં પણ લોટપાણી કરાયા હોવાની આશંકા વ્યક્ત કરી હતી. માર્ગો અને પુલના ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ જાહેર મંચ પરથી ગામના આગેવાનો અને જનતાને હાકલ કરી હતી કે, જો તેમના વિસ્તારમાં કોઈ પણ વિકાસકામ નબળું થતું જણાય તો તુરંત જ તેમને ધ્યાન દોરવું જેથી ગુણવત્તાહીન કામ અટકાવી શકાય. ■

# સિકલ સેલ ડિસીઝમાં ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે: આદિવાસી વિસ્તારમાં ૩૦,૫૨૧ દર્દીઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સંસદમાં પ્રસ્તુત આંકડા મુજબ ગુજરાતનો આદિવાસી વિસ્તાર સિકલ સેલની બીમારીથી ગ્રસ્ત છે, તેવી માહિતી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ આપી હતી. ગુજરાત રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં ૩૦,૫૨૧ દર્દીઓ સિકલ સેલ ડિસીઝથી પીડાઈ છે. દેશના આદિવાસી વસ્તી ધરાવતા ૧૭ રાજ્યોમાં સિકલ સેલ ડિસીઝમાં ગુજરાત રાજ્ય ત્રીજા ક્રમે છે. સિકલ સેલ ડિસીઝ દર્દીઓમાં ઓરિસ્સાના ૧,૦૬,૨૫૫ અને મધ્ય પ્રદેશના ૪૦,૪૩૬ બાદ ગુજરાત ત્રીજા ક્રમે આવે છે તે ચિંતાનો વિષય છે. ગુજરાત રાજ્યમાં માત્ર દર્દીઓ જ નહીં સિકલ સેલ કેરિયરનો આંકડો પણ ચોંકાવનારો છે. દેશના કુલ સિકલ સેલ કેરિયરના ૨૫% કેસો ગુજરાતમાં જોવા મળે છે, તેવી માહિતી કઠવાડિયાએ આપી હતી.

જ્યારે ગુજરાતની વાત કરીએ તો આદિવાસી વિસ્તારમાં ૮૩,૬૬,૦૬૬ લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું જેમાં ૫,૪૮,૮૨૦ સિકલ સેલ કેરિયર લોકો મળી આવ્યા છે તે આંકડો ખૂબજ ચોંકાવનારો છે. ગુજરાત રાજ્યમાં સિકલ સેલ પીડિત દર્દીઓના આંક ઉંમર પ્રમાણે સરકાર દ્વારા સંસદમાં આપવામાં આવ્યો છે. ગુજરાતમાં ૨ વર્ષ સુધીનાં બાળકો ૬૪, ૨ થી ૧૦ વર્ષનાં બાળકો ૨,૪૨૧, ૧૦ થી ૧૮ વર્ષના ૭,૧૮૬ , ૧૮ થી ૨૫ વર્ષના ૭,૦૦૪, ૨૫ થી ૪૦ની વય ના ૯,૩૨૭, ૪૦ વર્ષ ઉપરના ૪,૪૭૬ સિકલ સેલ રોગના દર્દીઓ છે, જ્યારે ૪૭ દર્દીઓ એવા છે જેમની ઉંમરનો ખ્યાલ સરકારને નથી. ■

## બોપલનો આંખ ઉઘાડનારો કિસ્સો!

# રીલ જોઈને સફાઈકર્મી બોલાવ્યા અને ગુમાવ્યા ₹ ૧૫.૫૦ લાખના દાગીના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજના જમાનામાં સોશિયલ મીડિયા પર અનેક જાહેરાતો જોઈને સેવાઓનો લાભ લેતા હોઈએ છીએ, પરંતુ અમદાવાદમાં આવા લોકો માટે ચેતવણી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. શહેરમાં સોશ્યલ મીડિયાના માધ્યમથી ઘર સફાઈ માટે બોલાવેલા શખ્સો દ્વારા લાખો રૂપિયાના દાગીનાની ચોરી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મળતી વિગતો અનુસાર, શીલજ વિસ્તારમાં એસ.પી. રિંગ રોડ પર આવેલા કેપ્ટાઉન એન્હાન્સ એપાર્ટમેન્ટમાં બની હતી. કડી ખાતેની કંપનીમાં આઈટી વિભાગમાં નોકરી કરતા ૫૨ વર્ષીય શ્યામ વિદ્યાકાંત નાગરે બોપલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ઘરમાંથી કુલ રૂ.૧૫,૫૦,૦૦૦ની કિંમતના સોનાના દાગીના ચોરાયા હતા. ■

# વડોદરામાં કૅનેડા જવાના નામે ઠગાઈ: ૧૮ લોકો પાસેથી ₹ ૨.૩૦ કરોડ ચાઉં કરનાર એજન્ટ સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

વડોદરાઃ ગુજરાતીમાં વિદેશ જવાની ઘેલછા ઘણીવાર મોટા નુકસાનીનું કારણ પણ બની જાય છે. કંઈક આવો જ કિસ્સો વડોદરાથી પ્રકાશમાં આવ્યો છે કે જ્યાં એક વેપારીને કેનેડા મોકલવાના બહાને કરોડો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનો આક્ષેપ છે. જો કે અંતે કંપની તરફથી આપવામાં આવેલો લેટર ખોટો હોવાનું અને કંપનીએ આવો કોઈ લેટર આપ્યો જ ન હોવાનું ભોપાળું છતું થતાં અંતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ હતી.વડોદરા શહેરમાં કેનેડા મોકલવાના બહાને કરોડો રૂપિયાની છેતરપિંડીનો મોટો પર્દાફાશ થયો હતો. કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, અક્ષર ફોરેન એજ્યુકેશન નામની ઓફિસ ચલાવતા અતિત બારોટ નામના શખસે વિદેશ જવા ઈચ્છુકોને લાલચ આપીને કુલ ૧૮ લોકો પાસેથી ૨,૩૦,૯૫,૬૦૦ રૂપિયાની માતબર રકમ પડાવી લીધી હોવાનો આક્ષેપ છે. છેતરપિંડીની ઘટના સપ્ટેમ્બર ૨૦૧૯થી ઓગસ્ટ ૨૦૨૫ના સમયગાળા દરમિયાન અલગ-અલગ તબક્કે બની હતી. પોલીસ ફરિયાદની વિગતો અનુસાર, સમા-સાવલી રોડ પર રહેતા અને એક ખાનગી કંપનીમાં મેનેજર તરીકે કામ કરતા ૪૧ વર્ષીય મુખ્ય ફરિયાદી ધવલકુમાર ગઢિયાને વર્ક પરમિટ પર કેનેડા નોકરી માટે જવું હતું. ■

# ભાવનગરમાં ગૌશાળાઓની હડતાળથી 300 કરતા વધુ ગાયની સારવાર રઝળી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લામાં નિરાધાર તથા અકસ્માતગ્રસ્ત ગાયો અને અન્ય મૂક પશુઓની સારવારનો પ્રશ્ન દિવસેને દિવસે વધુ ગંભીર બનતો જઈ રહ્યો છે. બીમાર પશુઓની સારવારના કારણે પોલીસ ફરિયાદો થતી હોવાના કારણસર અનેક ગૌશાળાઓ અને ગૌસેવકોએ નવાં પશુઓને સ્વીકારવાનું બંધ કરતાં હાલમાં જિલ્લામાં અંદાજે ૩૫૦ જેટલી નિરાધાર ગાયો સારવારની રાહ જોઈ રહી છે. પરિણામે અનેક મૂક પશુઓની સ્થિતિ દયનીય બની છે અને પશુકલ્યાણ અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

આ ગંભીર સમસ્યા અંગે વાવડી, શિહોર અને રાજપરા ગામોના સરપંચોએ કલેક્ટરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક હસ્તક્ષેપની માગ કરી છે. અત્યાર સુધીમાં ૧૪ જેટલા ગોવંશનાં મૃત્યુ નોંધાયા હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે. ■

## ૪. ધાર્મીક સંબંધી

**જીવંત શ્રાદ્ધ-ભાગવત કથા**

ભાગવત કથા પવિત્ર પિતૃપક્ષ નિમિત્તે ભગવત ગીતા, વૈદિક શાસ્ત્રોક્ત ''જીવંત શ્રાદ્ધ'' વિધિઓ, ગરુડ મહાપુરાણ, પૌથીજી, શ્રીમદ્ ભાગવત કથા, સમદર્શન સેવા પરિવાર દ્વારા ''અંધજન માનવ સેવા પ્રોજેક્ટ'' તથા દહાણુના 3000 આદિવાસી વિદ્યાર્થીઓના લાભાર્થે (80જી/ સીએસઆર) 2થી 10 ઓક્ટોબર 2026 વિશ્વકર્મા એ.સી. હોલ, બજાજ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ), મુખ્ય સહ- મુખ્ય યજમાન, વિધિ યજમાન, પોથીજી યજમાન, ઉત્સવ હવન, 31- કુમારિકા પૂજન, આનંદના ગરબા, નોંધણી મર્યાદિત, 9076308117/ 9324250850. (૧૨૫૦-એ)

## ૫. અંગત

**''મરણ નોંધ'' - ''પ્રાર્થનાસભા'' - ''શ્રદ્ધાંજલી''**

**''પબ્લીક નોટીસની'' જાહેરાતો ''Reasonable Rateથી'' ''ઘરબેઠા'' ''Whatsapp મોકલાવો'' - 9920694381. (૫૫૧/સી)**

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૨૭૮-એ)

**ગુજરાતી**

અપરિણિત, NRI, ડિવોર્સી, સ્પેશ્યલ કેસઃ યુવક - યુવતીઓ માટે મેટ્રિમોનિયલ ગ્રૂપ. 8655185667. (દહેજ નહીં). (૧૨૬૬-સી)

**57 વર્ષ સુધીની**

**5'-2" થી વધુ ઊંચી, સ્માર્ટ નિઃસંતાન મહિલા - કાંદિવલીના સમૃધ્ધ સ્વતંત્ર વેપારીને જીવનસાથી જોઈએ છે. - 9967894750. (દહેજ નહીં). (બી-૧૭૯૧૯)**

■ મુલુન્ડની માસ્ટર્સ કન્યા 1979 NRI આવકાર્ય રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૯૫૯)

## ૧૦. મહિલાઓ માટે

**''અષ્ટપદ''માં સેલ**

**પ્યોર કાંજીવરમ, પૈઠણી, બાંધણી, એમ્બ્રોડેરી, પટોળા, પ્યોર સોફ્ટ સિલ્ક તથા અજરક સારીઝના પ્રીમિયમ કલેકશન ઉપર ૫૦% સુધી ડિસ્કાઉન્ટ. ''અષ્ટપદ'' ૨૪/બી, અગ્રવાલ માર્કેટ, એમ. જી. રોડ, વિલેપાર્લે (ઈસ્ટ). 7900005443. (એસડીબી-૩૪૪૫)**

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૭૮૧૪)

**ઘર ડેકોરેશન**

ગણપતિ / પર્યુષણ / નવરાત્રી જેવા ધાર્મિક પ્રસંગે ઘર સજાવટ માટે સંપર્ક કરો. પારૂલ શાહઃ 8097043699. (એસડીબી-૩૪૫૩)

**UNLIMITED LUNCH**

Sunday Special 495/= Group Welcome Jainam Borivali - 9819669108. (551/B)

## ૧૧. પ્રદર્શન

**SALE MONDAY**

Rent 1500/= Jainam Shantisagar Hall Borivali 9321789351 / 9137704053. (551/A)

## ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Car Tours Kerala Karnataka, Singapore Vietnam Thailand Cruise Lonavala, Igatpuri, Silvassa, Karjat રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Oneway All Over India ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો Urbania સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફલાઈટ, હોટેલ TravelInsurance. Arrham Holiday 9769977466 / 9892534488. (બી-૧૭૮૭૪)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીગણેશ યાત્રા**

કાશી વિશ્વનાથ. અયોધ્યા. પ્રયાગ. નેપાળ કાટમાંડુ પશુપતિનાથ પોખરા. પોતાનું રસોડું. ડિલક્સ હોટલ, ગ્રુપ બુકિંગ આવકાર્ય દિવસ ૧૩. ઉપડશે ૨૬ સપ્ટેમ્બર. ૯૮૨૦૧૬૪૦૦૭ / ૯૮૯૨૨૬૮૬૬૭. (૧૨૪૦-એ)



(બી-૧૭૯૬૧)

**માલશેજ - ભંડારધારા**

કોંકણ - ગોવા - ઈગતપુરી - લોનાવાલા - સાપુતારા - સિલ્વાસા પેકેજ. વ્હીકલર્સ ડિસ્કાઉન્ટમાં. RAGI: 9324213190. (૧૨૭૮-ઈ)

## ૧૪. નોકરી ખાલી છે

**FEMALE**

હાર્ડવેર - જનરલ સ્ટોર સંભાળવા લેડી જોઈએ, રવિવાર ચાલુ. દહિસર - 9820120537. (૧૨૭૯-ઈ)

■ ઘાટકોપર સ્થિત સાઈટ સુપરવાઈઝર માટે રિટાયર્ડ માણસ જોઈએ છે. 7977186140. (૧૨૮૮-બી)

**■ તમારી બીજી આવક શરૂ કરો! ઘરેથી કામ કરો. પગાર + આકર્ષક ઈન્સેન્ટિવ કારકિર્દીમાં ઉત્તમ વિકાસની તક ગૃહિણીઓ, નિવૃત્ત વ્યક્તિઓ, પ્રોફેશનલ્સ. સંપર્કઃ 7021566737. (૧૨૭૦-એ)**

**અનુભવી મહારાજ (રસોઇયા)**

**જોઈએ છે. માટુંગા - મુંબઈની રેસ્ટોરન્ટ માટે સાંજના નાસ્તા (સ્નેકસ) બનાવવા. પગારઃ અનુભવ મુજબ આકર્ષક. સંપર્કઃ 97021 96663 - 93729 06663. (૧૨૯૪-એ)**

**BORIVALI**

**Join LIC Agency. SSC Pass. 7000/- Stipend + Commission. (Only Western Line). 9892320858. (1271-A)**

REQ INTERIOR DESIGNER Female 0/1 year experience, Vileparle 9892692693. (B-17922)

**REQUIRED**

**Catering Manager to Manage Events, Vendors & Staff for Banquet Hall in Kandivali (West). Prior Experience Necessary. Call: 9820055567 / 022-28644444. (SDB-3454)**

**REQUIRED**

**"Accountant & Associates" at Marol Naka, Andheri (East). Qualification B.Com with 5 year's experience & CA up to 2 year's experience. Email Biodata @tdsjmk@gmail.com WhatsApp 8693843339. "No Calls." (1291-A)**

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી (વેસ્ટ)**

1 બેડરૂમ વેચાણથી, 99 લાખ, નવું બિલ્ડિંગ હાયર ફ્લોર સંપર્ક વિનય - 9820789209. (જેપી-૪૫૭૩-એ)

**હીરા પન્ના**

હાજીઅલી - 3 BHK ભાડેથી આપવાનો છે, સી / સીટી / કોસ્ટલ રોડ વ્યુ, પાર્કિંગ, કોન્ટેક્ટ 9820372950 / 9619775855 રૂપાણી એસ્ટેટ એજન્ટ્સ. (બી-૧૭૯૪૭)

**જુહુસ્કીમ ભાડેથી**

ગુલમહોર રોડ, 3 બેડરૂમ 1350 કારપેટ - 2,50,000/-, 1600 કારપેટ-3,50,000/-, 2500 કારપેટ - 5,00,000/-, 3000 કારપેટ - 7,00,000/-, લકઝરીયસ ફલેટ ભાડેથી. Jigar - 8850928337. (૧૨૭૯-સી)

**ખાર (વેસ્ટ)**

લક્ષ્મી નગર સોસાયટી - મધુપાર્ક પાસે ૨ બેડરૂમનો ફ્લેટ એરિયા ૮૭૫' કારપેટ, ૩ બાથરૂમ, પાર્કિંગ, જીમ, એરકન્ડીશન્ડ લોબી, ફક્ત ગુજરાતીને વેચવાનો. ઓનરઃ- ૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૭૯૨૩)

**વિલેપાર્લે (વેસ્ટમાં)**

પહેલે માળે ફર્નિશ્ડ 2 બેડરૂમ - 870' કાર્પેટ, 3 બાથરૂમ - 2 ટોઈલેટ, 2 એસી, લીફ્ટ, ટૂંકા સમયગાળા માટે ભાડેથી આપવાનોઃ- 9819445558. (૧૨૭૨-એ)

**ANDHERI**

**સ્ટેશન નજીક Flats / Offices ભાડે / લેવા / વેચવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૩૪૩૬)**

**કાંદીવલીમાં/બોરીવલીમાં**

**મોકાના ફ્લેટો લેવા / વેચવા / ભાડેથી ''શ્રીજી'' - 9820045571/ 9653185938. (ઈન્વેસ્ટર આવકાર્ય) (જેપી/૪૫૬૯-ડી)**

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**

ફલેટ, ઓફિસ, દુકાન, ભાડેથી / વેચાણથી લેવા - વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૧૨૭૪-સી)

**HEAVY DEPOSIT**

**નાલાસોપારા (ઈસ્ટ): ''તુલીંજ રોડ'', રાધે ક્રિષ્ના હોટલની સામે, 2 બેડરૂમ (લીફ્ટ નથી) 12,000/- ભાડેથી અથવા 9 લાખ હેવી ડીપોઝીટથી આપવાનો (ઓનર): 7666644727. (૧૨૮૯-ડી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી તિલક નગર, ૨ બેડરૂમ હોલ, કિચન, 750' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ. બ્રોકર - 9323030141, 8169019857. (૧૨૮૮-ડી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**જ્યાં મન મળે, ત્યાં ઘર બને. MICL પ્રોજેક્ટ, 2 બેડરૂમ, હોલ, કિચન-800' કારપેટ, 2.07 Cr ફીક્ષ. બધી એમેનીટીઝ સાથે સ્વીમીંગ પુલ. હોમઅલોન પ્રોપર્ટી - જુગ્નું શાહ - 9833352224. (૧૨૮૮-એચ)**

**પ્રીમીયમ કોમ્પલેક્ષ**

**રેડી / બંધાતામાં / ભાડેથી. ઘાટકોપર (ઈસ્ટ) 2/ 2.5/ 3/ 4 બેડરૂમનાં ફ્લેટો, Adani, Aaradhya One Earth / Park, Tanishka Vikrant, Silver, Savvy. ચિંતનભાઈ - 9321234567. (૧૨૮૮-ઈ)**

**ઘાટકોપર (વેસ્ટ)**

**વેચાણથી. માણેકલાલ એસ્ટેટ, ૨ બેડરૂમ, હોલ, કિચન - 775' કારપેટ, ૪થે માળે, લીફ્ટ, પાર્કિંગ 1.90 Cr. નેગોશીએબલ. ઓનર - 8850719612. (૧૨૭૪-એ)**

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વેચાણથી પ્રાઈમ લોકેશનમાં પ્રતિષ્ઠિત બિલ્ડર, ગુજરાતી એરીયામાં ટૂંક સમયમાં આવનાર, હાઈરાઈઝ ટાવરમાં, મેટ્રો/સ્ટેશન નજીક, ૧/૨ બેડરૂમ, હોલ, કિચન, ૨ બાથરૂમ, ૪૨૫ કારપેટથી શરૂ. ૧.૧૫ કરોડની રેન્જમાં, માર્કેટ, દેરાસર, ઉપાશ્રય નજીક, ઈઝી પેમેન્ટ સ્કીમ, પંખા, એસી, વૉશિંગ મશીન, એકઝોસ્ટ ફેન, ગીઝર, વિડીયોડોર લોક, એક્વાગાર્ડ, જીમ, બેન્કવેટ હોલ. કૌશલ મહેતાઃ ૯૩૨૩૮૭૧૯૩૩. (૧૨૬૬-એફ)**

**વિદ્યાવિહાર (વેસ્ટ)**

ભાડેથી. નિલકંઠ કિંગડમ, 3 બેડરૂમ, હોલ કિચન, 1000' કારપેટ, ઓપન વ્યું, ગાર્ડન ફેસિંગ. બ્રોકર - 8169019857, 9323030141. (૧૨૬૬-એ)

**અંધેરી (ઈસ્ટ)**

વેચાણથી - કોલડોંગરી, શિવમ ટાવરમાં સ્પેશિયસ 3 BHK - 1380' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, હાયર ફ્લોર, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી, 2 પાર્કિંગ અને OC સાથે, રજીસ્ટર્ડ સોસાયટી. ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 / જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૭૨-એફ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી 3 BHK - 910' કાર્પેટ, OC અને પાર્કિંગ સાથે, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી, મહાવીર સ્વામી દેરાસરની બાજુમાં, માલવીયા રોડ, બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ, રેડી ટૂ મુવ ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા -9594925992 / જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૭૨-જી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી 3 BHK - 840' કાર્પેટ, બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ, હાયર ફ્લોર, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી, પ્રાર્થના સમાજ રોડ, OC અને પાર્કિંગ સાથે, રેડી ટૂ મુવ, દેરાસરની બાજુમાં ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા -9594925992 / જતીન વીરા - 9119512675. (જેપી/ ૪૫૭૨-એચ)

**પાર્લા - 3/4 બેડ ભાડેથી**

1400' (2,00,000) & 1800' ફૂલ ફર્નીશ્ડ, હાયર ફ્લોર + 2 પાર્કિંગ (2,50,000) નેગોશીયેબલ. 9004900290. (૧૨૯૦-સી)

**જુહુતારા રોડ**

**૫ બેડરૂમ, સી ટચ, ૩ પાર્કિંગ. પર્સનલ / કંપની લીઝથી આપવો છે. બ્રોકર માફ. નીતી ઠક્કર 9757235535. (એસડીબી-૩૪૫૨)**

**કાંદિવલી વેસ્ટ**

૧ બેડરૂમ 448' કાર્પેટ ફુલ્લી ફર્નિશ, ઈસ્ટ ફેસિંગ ઈરાનીવાડી, ઓનર - 9833039471. (બી-૧૭૯૫૮)

**વિલેપાર્લે વેસ્ટમાં**

JVPD - 3 બેડરૂમ ફુલ્લી ફર્નિશ્ડ + 2 પાર્કિંગ, 1497 ફીટ કાર્પેટ વેચાણથી 8,00,00,000/- નેગોશિએબલ 9859666111. (૧૨૯૨-એ)

**LEAVE AND LICENSE**

Shambhu Tirth Haji Ali 2 Bedroom 2 Lac nego Maheshwari Niketan Peddar Road 2 Bedroom 2.50 Lac nego Shanti Peddar Road 2 Bedroom 2.50 nego Mazda Breach Candy 2 Bedroom 2.80 Lac nego 9892710071 / 9619048555. (B-17936)

**JUHU**

**DLH-Legacy 3 BHK Exclusively Fully - Furnished with White Goods 1318' Ready to Move in Flat (2 Parkings / Price 9,15,00,000/-). Parth 9820525127. (SDB-3438)**

## ૧૭. જગ્યા આપવી છે

**MALAD EAST**

Urgently Sale Alta Monte 5 BHK 4200 sqft Carpet 9869070123 / 9167723483. (1278-H)

**BABULNATH - NANA CHOWK**

1-2 BHK on Ownership / Lease Reasonable Price. Ready Possession Many More New Proposals. Brokers Welcome. Contact: White Housing (M) 9987310819 / 022-31487278. (1281-D)

**KANDIVALI EAST**

**2 Bedroom Sale, Higher Floor, Main Road Facing, Excellent View, Metro Station, WEH 5 Minutes away. Very Reputed Builder. Owner: 9820552323. (1173-E)**

**BANDRA / KHAR / SANTACRUZ**

3/4 BHK Luxurious Homes, Greenery View, with O.C. "Big Deal Realty". 'Prem Batra' 9820065757 'Bipin' 9820047773. (B-17905)

**BORIVALI WEST**

Near Poisar Gymkhana, Newly Renovated 2 Bedroom 696' sqft Builtup + 1 Parking, Fully Furnished for Sale. Vijay Realtors: 9224214227 / 9594404050. (1267-A)

**BORIVALI WEST**

Available 2/3/4 Bed in New Building (All Amenities) at Jairaj Nagar Link Road, Shimpoli. Anmol Homes. 8655733919 / 7738485818. (B-17924)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ભિવંડીમાં**

72000' જગ્યા 10000 ફુટ ગ્રાઉન્ડ ફ્લોર + પહેલે માળે + બીજે માળે (અલગ અલગ) 50000' પત્રાશેડ + બાકીની ઓપન જગ્યા, અર્ધી જગ્યા પણ મળશે. 9822269988. (૧૨૬૧-ઈ)

**ગોરેગામ (ઈસ્ટ)**

**ગાળો 700', 4500' કારપેટ ઈન્ડસ્ટ્રીયલમાં ભાડેથી લેવા. - દીનેશ - 9324402779. (એસડીબી-૩૪૫૬)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**

**રૂષભ ઉપાધ્યાય 9049625073**

**હિતેષ ઉપાધ્યાય 9326470109**

(એસડીબી-૩૪૫૦)

**વસઈ-કામણ**

**સાતીવલી - વાલીવ - હાઈવે - સિરસાડ - પોમણ - બાપાને - સસુનવઘર - ઈન્ડસ્ટ્રીયલ ગાળા - શેડ - યુનિટ - પ્લોટ - લેવા - વેચવા - ભાડેથી - ગોપીભાઈ - 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**બોરીવલી વેસ્ટમાં**

સતરા પાર્ક - ટાવરમાં - શોરૂમ - 1630' કાર્પેટ - ભાડાથી 3,80,000 અર્જન્ટથી લેવા - સુનિલભાઈ 9821477177. (૧૨૭૬-એ)

**બોરીવલી (વેસ્ટ)**

**યોગી નગર અને એક્સર રોડના જંકશને જૂનાં ભાડાની જગ્યા 250' કારપેટ (ટ્રાન્સફર સાથે 68,00,000/-) 7666644727. (૧૨૮૯-બી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**જોગેશ્વરી (વેસ્ટ)**

11000 ફૂટનું બાંધકામ 7 માળનું બિલ્ડિંગ, લીંક રોડ ટચ, 622 મીટરનો પ્લોટ 15 ગાડીનું પાર્કિંગ 24 કરોડ નેગોશિયેબલ. સંપર્ક જલારામ ઈન્દ્રપ્રસ્થ 9820441711. (૧૨૭૬-ઈ)

**જોઈએ છે**

**ઈન્ડસ્ટ્રીયલ ગાલો અથવા શોપ 500 થી 700 કાર્પેટ ગ્રાઉન્ડ, ફ્સ્ટ, સેકન્ડ ફ્લોર વિલેપાર્લે / અંધેરી વેસ્ટ અથવા તેના નજીકના લોકેશનમાં કોન્ટેકટ નંબર 98252 25428. (૧૨૭૩-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી. સ્ટેશનની બાજુમાં, નવા કોમરશીયલ બિલ્ડિંગમાં ઓફિસો, 267', 735' કારપેટ, ઈન્વેસ્ટમેન્ટ માટે ઉત્તમ તક. 9930803959, 9930106054. (૧૨૮૮-એ)

**મલાડ - બોરીવલી**

**ફર્નીશ્ડ ઓફીસ 1200', 1500', 2000' કારપેટ કોમર્શીયલ બીલ્ડીંગ ભાડેથી લેવા. દીનેશદ્ર- 9324402779. (એસડીબી-૩૪૫૫)**

# એસઆરએ પ્રોજેક્ટમાં બે ફ્લૅટ અપાવવાને બહાને ૭૭ લાખની છેતરપિંડીઃ બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલાડના એસઆરએ પ્રોજેક્ટમાં સસ્તી કિંમતે બે ફ્લૅટ અપાવવાને બહાને ભાઈ-બહેન પાસેથી ૭૭.૬૭ લાખ રૂપિયા પડાવી કથિત છેતરપિંડી કરનારા બે આરોપી ગુનો નોંધાયાના સાત મહિના બાદ પકડાઈ ગયા હતા.

કુરાર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ ગણેશ શિવપ્રતાપ ગુપ્તા અને અમિત ધોંડુ યેલવે તરીકે થઈ હતી. આ પ્રકરણે મલાડમાં રહેતા અને ગોરેગામની ખાનગી કંપનીમાં કામ કરતા અનિલ પાંડુરંગ મટકરે ફરિયાદ નોંધાવી હતી. અનિલ અને વિલેપાર્લેમાં રહેતી તેની બહેન મેઘા પ્રદીપ રસલ મલાડ વિસ્તારમાં પ્રોપર્ટીમાં રોકાણ કરવા ઇચ્છતાં હતાં.

દરમિયાન મેઘાના દીકરા પ્રણવની મુલાકાત એક જિમમાં આરોપી ગુપ્તા સાથે થઈ હતી. ગુપ્તાએ પોતાની ઓળખ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કંપનીના કર્મચારી તરીકે આપી હતી અને દાવો કર્યો હતો કે એક એસઆરએ પ્રોજેક્ટમાં ઘણા ફ્લૅટ સસ્તી કિંમતે ઉપલબ્ધ છે. ડિસ્કાઉન્ટ રેટ પર ફ્લૅટ અપાવવાની ખાતરી આપીને તેણે પ્રણવનો વિશ્વાસ જીત્યો હતો.

પ્રણવે જાણ કર્યા પછી અનિલ અને મેઘા ગુપ્તાને મળ્યાં હતાં. તે સમયે ગુપ્તાએ તેમની કંપની દ્વારા એસઆરએ બિલ્ડિંગનું બાંધકામ ચાલુ હોવાથી અનેક ફ્લૅટ વેચાણ માટે ઉપલબ્ધ હોવાનું કહ્યું હતું. બાદમાં ગુપ્તાએ સહઆરોપી અમિત યેલવેની ઓળખાણ ફરિયાદી સાથે કરાવી હતી. અમિતને ચાર ફ્લૅટ ફાળવવામાં આવ્યા હોવાથી તેમાંથી બે તેણે વેચી દીધા છે, જ્યારે બાકીના બે સસ્કી કિંમતે ફરિયાદીને વેચવાની લાલચ આરોપીએ આપી હતી. મ્હાડા અને એસઆરએ ઑફિસમાં પોતાની સારી ઓળખ હોવાનો દાવો પણ બન્ને આરોપીએ કર્યો હતો. મલાડ પૂર્વમાં બે ફ્લૅટ ખરીદવાની તૈયારી ફરિયાદી અને તેની બહેને દાખવતાં આરોપીઓએ તેમની સાથે અનેક વાર મીટિંગ કરી હતી. પછી આરોપીએ છઠ્ઠા માળે આવેલા બે ફ્લૅટ દેખાડતાં ફરિયાદી તે ખરીદવા રાજી થયા હતા. ■

# થાણે રિંગ મેટ્રોઃ શિંદેએ રહેવાસીઓની શંકાઓનું સમાધાન કરવા અધિકારીઓને નિર્દેશ આપ્યો

થાણે : નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મહારાષ્ટ્ર મેટ્રો રેલ કોર્પોરેશનના અધિકારીઓને આગામી 'થાણે રિંગ મેટ્રો' પ્રોજેક્ટ અંગે શહેરના રહેવાસીઓની ચિંતાઓનું નિરાકરણ લાવવાની સૂચના આપી છે.

સોમવારે મુંબઈના સહ્યાદ્રિ ગેસ્ટ હાઉસ ખાતે શિંદેની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠક દરમિયાન, મહામેટ્રોના મેનેજિંગ ડિરેક્ટર શ્રવણ હાર્દિકરે પ્રોજેક્ટની વિગતવાર કાર્યકારી રૂપરેખા રજૂ કરી હતી.

ભાજપના એમએલસી માધવી નાઈકે ધ્યાન દોર્યું હતું કે, થાણેની વધતી જતી વસ્તીને ધ્યાનમાં લેતા 'રિંગ મેટ્રો' પ્રોજેક્ટ અત્યંત મહત્ત્વપૂર્ણ હોવા છતાં, સરકારી સંસ્થાઓ તરફથી સક્રિય સંવાદના અભાવે સ્થાનિક લોકોમાં મૂંઝવણ ઊભી થઈ છે. તેમણે કહ્યું કે રહેવાસીઓ, સ્થાનિક નેતાઓ અને શહેરી નિષ્ણાતો સાથે પારદર્શક ચર્ચાઓ કરવાની તાતી જરૂર છે.

અહેવાલ મુજબ, શિંદેએ મહામેટ્રોના અધિકારીઓને સૂચના આપી હતી કે તેઓ સૂચિત મેટ્રો રૂટ પર આવતા વિવિધ વિસ્તારોના સ્થાનિક પ્રતિનિધિઓ, નિષ્ણાતો અને નાગરિકો સાથે સંયુક્ત સંવાદ અને ચર્ચા-વિચારણા માટેના સેમિનાર યોજે.

જનજાગૃતિ લાવવા માટે મહામેટ્રો આગામી ગણેશ ઉત્સવ દરમિયાન થાણેમાં માહિતીપ્રદ બેનરો પણ લગાવશે.

આ બેઠકમાં રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક અને થાણેના સાંસદ નરેશ મ્હાસ્કે ઉપસ્થિત રહ્યા હતા.

થાણે શહેરમાં તાજેતરમાં શરૂ કરાયેલા રૂ. ૧૨,૨૦૦ કરોડના 'ઇન્ટિગ્રેટેડ રિંગ મેટ્રો' પ્રોજેક્ટનો નાગરિકો અને શહેરી પરિવહન નિષ્ણાતોએ સખત વિરોધ કર્યો છે. ૨૯ કિમીનો આ પ્રોજેક્ટ ગીચ રહેણાંક વિસ્તારોથી દૂર અને બિનજરૂરી રસ્તાઓ પરથી પસાર થતો હોવાથી તેમણે તેની ટીકા કરી છે.■

## ૨૦. ધંધાદારી જગ્યા

**કાંદિવલી (વેસ્ટ)**

એસ. વી. રોડ ટચ, દુકાન વેચવાની. (ઓનર) 9326430423. (૧૨૯૩-એ)

**INVESTMENT OPPORTUNITY**

Indias Best Commercial Building At Thane New Indias City of Economic Growth Office size 800 sqft onward 9869070123 / 9167723483. (1278-G)

**CHURCHGATE**

One or Two Offices for Sale Rate 57000 Carpet 230 and 239 Single or Joint Both Adjacent Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-17957)

**LODHA SIGNET REQUIRED**

Office Outright in Lodha Signet Lower Parel. Any size Immediate Deal Call Yatri. 7045514104. (1290-A)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના** - 4500/-

દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૧૨૬૧-સી)

**બજેટથી પ્રાર્થનાસભા, લગ્નગીત,** સંગીત સંધ્યા, સાંજી, જન્માષ્ટમી-ગણપતિ ભજન સંધ્યા, Anniversary. મનસુખભાઈ 9326801860. (૧૨૬૪-સી)

## ૨૭. ઔષધ ઉપચાર

**કેબી ધોરમનો ધોરમ મલમ**

**ગુદાના ગુમડા, હરસ, ખસ, દાદર, ખરજવું, વાઢીયા, કરોળિયાનો આયુર્વેદિકમાં ઉપલબ્ધ કેબી ધોરમ વાંચી ખરીદવું. બોરીવલી 9820756510, દહિસર 9321611838, કાંદિવલી 7506655512, મુંબઈ 9820040824, મુલુંડ 9029676712. (૧૧૮૬-એ)**

## ૩૧. નાણાંકીય

**મોર્ગેજ લોન**

Redevelopment પ્રોજેક્ટ માટે Reputed બિલ્ડરને 15%થી 18% વ્યાજે 15 કરોડથી 100 કરોડ જોઈએ. સંપર્ક જલારામ ઈન્દ્રપ્રસ્થ 9820441711. (૧૨૭૬-સી)

**ઓછા વ્યાજે**

નવા - જૂના વ્યાપારીઓ, ગૃહ ઉદ્યોગ કરનાર માટે ફન્ડ અપાવીશું. 9702074339. (૧૨૯૩-બી)

## ૩૨. જમીન-મિલકત

**KARJAT**

Plot Minimum area 2000 sqft in 99 Lakh 100 Acre Plotted Development with Luxurious Amenities Attractive Payment Plan 9869070123 / 9167723483. (1278-F)

VIRAR SALE, PURCHASE, Rent of Flat, Shop. Tejas Associates 8806349777. (B-17959)

## ૩૩. ધંધાદારી

**પરદેશમાં પાર્સલ**

USA, UK, કેનેડા સસ્તા દરે દુનિયાભરમાં. SP Logistics - 8652355588. (૧૨૭૮-સી)

**સીનીયર સીટીઝન**

9500000નો ટોપઅપ મેડીક્લેમ 17786 તથા ફેક્ટરી ફાયર, બીલ્ડીંગ શોપ, હોમકાર, ટ્રકબાઈક, લાઈફ ઈન્સ્યોરન્સ ભાનુભાઈ 8451922872 / 9167739876. (૧૨૯૨-જી)

## ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**નવા/ જૂના**

સોફા ફર્નિચર રીપેર અને ઈન્ટિરિયર. સંપર્ક કરે 9146007240. (૧૨૪૪-ડી)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**PREMIUM**

૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઊધઈ, ઉંદરનો ઉપાય. Pestiguard - 8169473531 / 9869781781. (બી-૧૭૯૫૨)

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૨૦૪-સી)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૮૫૯)

# રોહિત પવારનો સમાંતર મતદાર યાદી ચકાસણી કરી રહ્યાનો દાવો

મુંબઈ : મહારાષ્ટ્ર એનસીપી (એસપી)ના ધારાસભ્ય રોહિત પવારે મંગળવારે આક્ષેપ કર્યો હતો કે મતદાર યાદીની ચાલી રહેલી 'એસઆઇઆર' પ્રક્રિયા દરમિયાન ભાજપ તેના 'બૂથ લેવલ એજન્ટ્સ' દ્વારા મતદારોની ચકાસણીની સમાંતર કામગીરી ચલાવી રહ્યું છે; તેમણે ચૂંટણી પંચને આ બાબતની તપાસ કરવા વિનંતી કરી હતી.

'એક્સ' પરની એક પોસ્ટમાં, પવારે 'સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન' (એસઆઇઆર) પ્રક્રિયાને ''ભયાનક ઘટના'' ગણાવી હતી અને આક્ષેપ કર્યો હતો કે પશ્ચિમ બંગાળમાં આ પ્રક્રિયા દરમિયાન વિરોધી રાજકીય વિચારધારા ધરાવતા મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યાં હતાં. તેમણે દાવો કર્યો હતો કે જ્યારે ચૂંટણી પંચ સત્તાવાર સરકારી તંત્ર દ્વારા એસઆઇઆરની પ્રક્રિયા હાથ ધરી રહ્યું છે, ત્યારે ભાજપે પોતાના બૂથ લેવલ એજન્ટ્સ નીમીને ગોઠવણ કરી છે. તેમણે જણાવ્યું હતું કે એક ઓનલાઇન લિંક દ્વારા તેઓ મતદારોના નામ સામે ''આપણા'', ''શંકાસ્પદ'' અને ''વિરોધી'' એમ ત્રણ વિકલ્પો પૂરા પાડી રહ્યા છે અને તે મુજબ મતદારોનું વર્ગીકરણ કરવામાં આવી રહ્યું છે. ■

# એમએચ - સીઈટી પરિણામોનું ફોરેન્સિક ઓડિટ કરાવોઃ રોહિત પવાર

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી) ના મહાસચિવ રોહિત પવારે મંગળવારે મહારાષ્ટ્ર કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (એમએચ-સીઈટી) નાં પરિણામોનું ફોરેન્સિક ઓડિટ કરાવવાની માગ કરી પરીક્ષા સંબંધિત કોન્ટ્રાક્ટ આપવામાં ગેરરીતિનો આરોપ કર્યો હતો અને પર્સેન્ટાઈલ સ્કોર્સની ગણતરી માટે ઉપયોગમાં લેવાતા ફોર્મ્યુલાનો ખુલાસો કરવાની માગ કરી હતી.

પવારે મુંબઈમાં એક પત્રકાર પરિષદમાં દાવો કર્યો હતો કે એમએચ-સીઈટી ૨૦૨૬ માં ટોચના ૧૦૦ ઉમેદવારોમાંથી ફક્ત ૪૩ ઉમેદવારોએ ધોરણ ૧૨મા ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત (પીસીએમ) માં ૮૫ ટકાથી વધુ માર્ક મેળવ્યા હતા.

રાજ્ય કોમન એન્ટ્રન્સ ટેસ્ટ વિભાગની પર્સેન્ટાઇલ સ્કોર્સની ગણતરી કરવાની પદ્ધતિ પર પ્રશ્ન ઉઠાવી પવારે આરોપ કર્યો હતો કે માહિતી અધિકાર (આરટીઆઈ) કાયદા હેઠળ પણ ફોર્મ્યુલા જાહેર નથી કરવામાં આવતી. પરીક્ષા પ્રણાલીમાં ભ્રષ્ટાચાર વ્યવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાની આશામાં કોચિંગ અને શિક્ષણમાં મોટું રોકાણ કરતા લાખો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પર પ્રતિકૂળ અસર કરી રહ્યો છે.

પવારે દાવો કર્યો હતો કે ૨૦૧૧માં ટેન્ડર પ્રક્રિયાના ત્રણ રાઉન્ડમાં બીજી એક કંપની સૌથી ઓછી બોલી લગાવનાર કંપની તરીકે ઊભરી આવી હોવા છતાં એક ચોકાસ કંપનીને પરીક્ષાઓ યોજવા માટે સરકારી કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો.વિધાનસભ્યએ આરોપ કર્યો હતો કે કંપનીને લાયક બનાવવા માટે ટેન્ડરની શરતોમાં ત્રણ વખત ફેરફાર કરવામાં આવ્યા હતા. (પીટીઆઈ) ■

# નવા હરાજી સત્રની શરૂઆત સાથે સેન્સેક્સમાં ૨૧૦ પોઈન્ટનો અને નિફ્ટીમાં ૧૫૯ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ: ફ્યુચર્સ અને ઓપ્શન્સ (એફએન્ડઓ) કોન્ટ્રેક્ટ ધરાવતા શેર માટે નવી હરાજી પદ્ધતિ દાખલ થયા બાદ શેરબજારના બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી મંગળવારે નીચા સ્તરે બંધ થયા અને તેમની ચાર દિવસની તેજીનો અંત આવ્યો. ઇક્વિટી કેશ સેગમેન્ટમાં ક્લોઝિંગ ઓક્શન સત્ર (સીએએસ) સોમવારે કાર્યરત થયું, જેમાં ભાવ શોધ પ્રક્રિયાને વધુ પારદર્શક અને મજબૂત બનાવવાના હેતુથી પાત્ર શેરોના બંધ ભાવ નક્કી કરવા માટે એક નવી હરાજી આધારિત પદ્ધતિ રજૂ કરવામાં આવી.

નવી હરાજી પદ્ધતિની રજૂઆત પછી મંગળવારે શરૂઆતના સત્રમાં બજારના બેન્ચમાર્ક મિશ્ર નોંધ પર ટ્રેડ થયા. સેન્સેક્સ દિવસ દરમિયાન ૭૯,૧૪૩.૧૫ની ઊંચી સપાટી અને ૭૮,૨૧૧.૮૭ની નીચી સપાટીએ અડાઇને અંતે ૨૧૦.૦૮ પોઈન્ટ અથવા ૦.૨૭ ટકા ઘટીને ૭૮,૪૨૮.૯૫ પર સ્થિર થયો હતો. આખો દિવસ નકારાત્મક વલણમાં ટ્રેડ થયા પછી, નિફ્ટી ૧૫૯.૪૦ પોઈન્ટ અથવા ૦.૬૪ ટકા ઘટીને ૨૪,૬૧૪.૯૦ પર બંધ થયો. ઇન્ટ્રાડે ટ્રેડ દરમિયાન, તે ૩૪૬.૩૫ પોઈન્ટ અથવા ૧.૩૯ ટકા ઘટીને ૨૪,૪૨૭.૯૫ની નીચી સપાટીએ પહોંચ્યો હતો.

સેન્સેક્સ પેકમાંથી, હિન્દુસ્તાન યુનિલિવર, એનટીપીસી, એચડીએફસી બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ઇન્ટરગ્લોબ એવિએશન અને ટેક મહિન્દ્રા પાછળ રહ્યા હતા. ટ્રેન્ટ, બજાજ ફાઇનાન્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને ટાટા સ્ટીલ ટોચના વધનારા શેરોમાં સામેલ હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૨.૪૯ ટકા વધીને ૮૫.૮૬ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. એનએસઇના ૧૫માંથી ૧૩ મુખ્ય સેક્ટર ઇન્ડેક્સમાં રિયલ્ટી ઇન્ડેક્સની આગેવાની હેઠળ નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા. ડીએલએફના કડાકાને કારણે રિઅલ્ટી ઇન્ડેક્સને સૌથી વધુ નુકસાન થયું હતું. જ્યારે મીડીઆ અને મેટલ શેરોમાં લેવાલી અને સુધારો જોવા મળ્યો હતો. નિફ્ટીમાં ગ્રાસીમ ૩.૭૪ ટકાના કડાકા સાથે ટોપ લુઝર બન્યો હતો.

એચડીએફસી લાઇફ, બજાજ ઓટો, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, મેક્સ હેલ્થકેર, એનટીપીસી, હિન્દુસ્તાન યુનિલિવર, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ અને એચડીએફસી બેંકના શેર પણ ૧.૫ ટકાથી ૩.૧ ટકાની વચ્ચે કડાકા જોવા મળ્યા હતા. બીજી બાજુ, નિફ્ટી ઇન્ડેક્સમાં એપોલો હોસ્પિટલ્સ, હિન્ડાલ્કો, ટ્રેન્ટ, જિયો ફાઇનાન્શિયલ સર્વિસિસ, ટીસીએસ ઇટરનલ, જેએસડબલ્યુ સ્ટીલ અને બજાજ ફિનસર્વ ટોચના વધનારા શેરોમાં સામેલ હતા. એનએસઇ પર ૧,૭૦૮ શેર નીચા સ્તરે બંધ થયા હતા, જ્યારે ૧,૬૦૨ શેર ઊંચા સ્તરે બંધ થયા હતા, જેના કારણે માર્કેટ બ્રેથ તટસ્થ રહી હતી.

પ્રાઇમરી માર્કેટમાં ધૂત ટ્રાન્સમિશનનો રૂ. ૩,૦૬૬.૮૯ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અને એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટીંગ ૧૭ ઓગસ્ટ ના રોજ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૮૨૯થી રૂ.૮૭૧ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧૭ શેર છે.

ગેમિંગ અને ઈ-સ્પોર્ટ્સ મીડિયા પ્લેટફોર્મ નઝારા ટેક્નોલોજીસે ૩૦ જૂનના રોજ પૂરા થયેલા પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૮૨.૪૭ કરોડનું સંયુક્ત ચોખ્ખું નુકસાન નોંધાવ્યું છે. એફએમસીજી કંપની ઇમામી લિમિટેડે મંગળવારે ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા પ્રથમ ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૧૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૩૮.૯૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, એફએન્ડઓ શેરો માટે ક્લોઝિંગ ઓક્શન સેશનની રજૂઆતથી બેન્ચમાર્ક સૂચકાંકોમાં અસ્થિરતાનો એક નવો સ્તર ઉમેરાયો છે, મંગળવારના વેપારમાં સુધારેલા બજાર માળખામાં પ્રારંભિક ગોઠવણ પ્રતિબિંબિત થઈ છે. સોમવારના હરાજીમાં અનેક ઇન્ડેક્સ હેવીવેઇટ્સમાં બંધ ભાવમાં વધારો થયા પછી, રોકાણકારોએ આજના સત્રનો મોટાભાગનો સમય પોઝિશનને ફરીથી માપવામાં વિતાવ્યો હતો. પરિણામી ગોઠવણ સેન્સેક્સ કરતાં નિફ્ટીમાં વધુ સ્પષ્ટ થઈ છે, કારણ કે નવી હરાજી પદ્ધતિથી સૌથી વધુ પ્રભાવિત શેરોમાં પ્રમાણમાં તીવ્ર પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું છે. ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ)ના નાણાકીય નીતિના નિર્ણય પહેલા બજારમાં સાવચેતીનું માનસ હતું, આ ઉપરાંત સેન્સેક્સ અને નિફ્ટીની ગતિમાં, તેમના ઘટક વજનમાં તફાવત અને નવા ક્લોઝિંગ ઓક્શન મિકેનિઝમ (સીએએસ)ની અસરને કારણે સર્જાઇ રહેલા વિરોધાભાસને કારણે પણ રોકાણકારો સાવધ રહ્યા હતા.

બજારના સહભાગીઓ વિદેશી ભંડોળના પ્રવાહ, ક્રૂડ ઓઇલના ભાવ, ભૂરાજકીય ઘટનાક્રમ અને વૈશ્વિક બજારના વલણોને ટ્રેક કરવા સાથે, વીકલી એફએન્ડઓ એક્સપાઇરી પર સીએએસની થનારી અસર પર પણ ધ્યાન કેન્દ્રિત કરતા રહ્યા હતા.

સત્ર દરમિયાન મીડિયા અને મેટલ શેરોમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે રિયલ્ટી, ખાનગી બેંક અને એફએમસીજી શેરમાં વેચવાલી જોવા મળી હતી. ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ)ની ત્રણ દિવસીય નાણાકીય નીતિ સમિતિ (એમપીસી)ની બેઠક મંગળવારે, ચોથી ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તેના બીજા દિવસે પ્રવેશી હતી. આરબીઆઇ ગવર્નર સંજય મલ્હોત્રા આજે બુધવારે, પાંચમી ઓગસ્ટ ૨૦૨૬ના રોજ નીતિ નિર્ણયની જાહેરાત કરવાના છે. બજારના સહભાગીઓ ફુગાવા, આર્થિક વૃદ્ધિ અને વ્યાજ દરો માટેના અંદાજ પર કેન્દ્રીય બેંકની ટિપ્પણી પર નજીકથી નજર રાખશે. ગાઝા પીસ ફ્રેમવર્ક પર ચાલી રહેલા મતભેદો અને પ્રાદેશિક જોખમો સપાટી પર હોવા છતાં, વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે રાજદ્વારી જોડાણના સંકેતો પછી યુરોપિયન બજારોમાં ઉછાળો જોવા મળ્યો. મંગળવારે એશિયન બજારોમાં મોટાભાગે સુધારો જોવા મળ્યો હતો, જ્યારે વોલ સ્ટ્રીટના ફાયદાને અનુસરીને રોકાણકારો પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ અને એઆઇ - પ્રેરિત બજારની તેજીની ટકાઉપણા બાબતે સાવધ રહ્યા હતા. સોમવારે ત્રણ અઠવાડિયાના નીચલા સ્તરે પહોંચી ગયા બાદ, એશિયામાં વેપાર ફરી શરૂ થતાં ઓઇલના ભાવમાં મર્યાદિત વધારો થયો હતો, જેમાં બ્રેન્ટ ક્રૂડ વાયદો ૧.૪૭ ટકા વધીને ૮૫ પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો. જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શાંતિ વાટાઘાટોમાં સદ્ભાવનાના સંકેત તરીકે ઈરાન પર નવો હુમલો કરવાનું ટાળ્યું હોવાનું કથન કર્યું હતું, ત્યારે ક્રૂડના ભાવમાં ઝડપી ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, તેહરાને કોઈપણ વાટાઘાટો થઈ રહી હોવાનો ઇનકાર કર્યો છે. બજારમાં એવી અટકળો થઇ રહી છે કે સપ્ટેમ્બરની ફેડરલ રિઝર્વ બેઠક વ્યાજ દરોમાં વધારો લાવશે. સીએમઇ ગ્રુપના ફેડવોચ ટૂલ અનુસાર, ફેડ ફંડ્સ ફ્યુચર્સ ૧૬ સપ્ટેમ્બરના રોજ સમાપ્ત થનારી યુએસ સેન્ટ્રલ બેંકની આગામી બે દિવસીય બેઠકમાં પચ્ચીસ બેસિસ પોઇન્ટના વધારા માટે ૬૫ ટકા સંભાવના દર્શાવાઇ રહી છે.

ફેડરલ રિઝર્વ બેંક ઓફ ન્યુ યોર્કના પ્રમુખ જોન વિલિયમ્સે અહેવાલ મુજબ જણાવ્યું હતું કે તેઓ આશાવાદી છે કે ફુગાવાનું દબાણ ધીમે ધીમે ઓછું થવાના માર્ગ પર છે, પરંતુ જો ફુગાવો ધીમો નહીં પડે તો ફેડરલ દરમાં વધારો કરશે. જુલાઈમાં યુ.એસ. ઉત્પાદન પ્રવૃત્તિ ચાર વર્ષથી વધુ સમયગાળામાં ઉચ્ચતમ સ્તરે પહોંચી ગઈ છે, જેના કારણે ડાઉ જોન્સ રેકોર્ડ ઊંચી સપાટી પર પહોંચી ગયો છે.

ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૬૯૩.૩૮ પોઈન્ટ અથવા ૧.૩૨ ટકા વધીને ૫૩,૧૭૮.૪૧ પર, એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૧૧૦.૭૮ પોઈન્ટ અથવા ૧.૪૮ ટકા વધીને ૭,૬૦૦.૫૦ પર અને નાસ્ડેક કમ્પોઝિટ ૫૪૦.૦૪ પોઈન્ટ્સ, અથવા ૨.૧૩ ટકા વધીને ૨૫,૯૧૩.૯૦ પર પહોંચ્યો છે.

# ભારતે રશિયા પાસેથી જુલાઈમાં ૨૮ લાખ બેરલ ક્રૂડ ઓઈલ ખરીદ્યું

નવી દિલ્હીઃ ઇરાન અને અમેરિકાની અથડામણને કારણે સર્જાઇ રહેલી ઇંધણની તંગીના ઉકેલ તરીકે ભારતે રશિયા પાસેથી ક્રૂડની આયાતમાં સતત વધારો કર્યો છે. એક માહિતી અનુસાર ભારતે રશિયા પાસેથી જુલાઈમાં ૨૮ લાખ બેરલ ક્રૂડ ઓઇલ ખરીદ્યું, જે કુલ આયાતનો ૫૫.૫૦ ટકા હિસ્સો દર્શાવે છે. બીજી તરફ, અમેરિકા ભારતને ૭૩ ટકા એલપીજી સપ્લાય કરી સૌથી મોટો ભાગીદાર બન્યું છે.

વૈશ્વિક ભૂ-રાજકીય તણાવ અને પશ્ચિમી દેશોના પ્રતિબંધો વચ્ચે ભારતે પોતાની વિશ્વની બે વિરોધી મહાસત્તાઓ, રશિયા અને અમેરિકા, બંને પાસેથી મોટો વ્યાપારી લાભ મેળવીને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની મજબૂત પકડ સાબિત કરી દીધી છે.

શિપ-ટ્રેકિંગ ડેટા સંસ્થા કેપ્લરના રિપોર્ટ મુજબ, જુલાઈ મહિનામાં રશિયા પાસેથી ભારતે દરરોજ ૨૮ લાખ બેરલ કાચા તેલની રેકોર્ડબ્રેક ખરીદી કરી છે. આ સાથે ભારતના કુલ ક્રૂડ ઓઇલ આયાતમાં એકલા રશિયાનો હિસ્સો વધીને ૫૫.૫૦ ટકાથી વધુ થઈ ગયો છે. પશ્ચિમી દેશોના તમામ પ્રતિબંધોને નજરઅંદાજ કરીને ભારતે રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદી પોતાની અર્થવ્યવસ્થાને મોટો ફાયદો પહોંચાડ્યો છે. બીજી તરફ, રસોઈ ગેસના મામલે અમેરિકા ભારતનો સૌથી મોટો વ્યાપારી ભાગીદાર બનીને ઊભર્યો છે. જુલાઈમાં ભારતે આયાત કરેલા કુલ ૧૨ લાખ ટન એલપીજીમાંથી નવ લાખ ટન, એટલે કે લગભગ ૭૩ ટકા જેટલો જથ્થો માત્ર અમેરિકાથી આવ્યો છે. અમેરિકા સામાન્ય રીતે રશિયા સાથે વેપાર કરતા દેશો પર આકરા પ્રતિબંધો કે ટીકાઓ કરતું હોય છે, પરંતુ આ વખતે અમેરિકાએ મૌન ધારણ કરવું પડે તેમ છે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**PVC સ્ટ્રીપિંગ, લેઈંગ અને વેલ્ડીંગ કામ**

ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, N. M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩. ટેન્ડર નોટીસ નં.: WR-PL-ME-EST-૬૯૯૫૫૨-C તા. ૩૧.૦૭.૨૦૨૬ મંગાવે છે. કામનું નામઃ લોઅર પરેલ વર્કશોપ ખાતે POH દરમિયાન કોચેસના ફ્લોરિંગ પર PVC સ્ટ્રીપિંગ, લેઈંગ અને વેલ્ડીંગ કામ. જાહેરાત કિંમતઃ ₹૪૨,૫૫,૯૭૬.૨૧/-. બારડીઃ ₹૮૫,૧૦૦.૦૦/-. ઈ-બીડની ઓનલાઈન સુપ્રતિ માટે છેલ્લી તારીખ & સમય તથા ઈ-ટેન્ડરો ખૂલશેઃ ૨૨/૦૮/૨૦૨૬, ૧૩.૦૦ ક. સુધી. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0444

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે રાજકોટ મંડળ**

**ખરાબ લેઆઉટમાં સુધારો કરવો તથા એકસાથે રિસેપ્શન સુવિધા પૂરી પાડવી**

**ઈ-ટેન્ડર નોટિસ નંબર: 20 વર્ષ 2026-27 તારીખ 03/08/2026 ઈ-ટેન્ડર નંબર: DRM-RJT-2026-27-E-47 કામનું નામ:** રાજકોટ મંડળ: વાંકાનેર યાર્ડમાં ક્રોસઓવર 103-104, 113-115, 113-117, 136-140, 137-138ના ખરાબ લેઆઉટમાં સુધારો કરવો તથા એકસાથે રિસેપ્શન સુવિધા પૂરી પાડવી. **અંદાજિત NIT ખર્ચ:** ₹ 95736302.94 **અર્નેસ્ટ મની:** ₹ 1914700.00 **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 25/08/2026, 15:00 કલાકે **કચેરીનું સરનામું:** મંડળ રેલ પ્રબંધક (એન્જિ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત – 360001 **વેબસાઇટ:** www.ireps.gov.in RJT 108

અમને લાઇક કરો: facebook.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વિષય:** M/ પૂર્વ ડિવિઝનમાં MMRDA કોલોનીમાં અને અન્ય ઓથોરિટીઝ દ્વારા બાંધવામાં આવેલી બિલ્ડિંગોના પ્રિમાઈસિસમાં ઘરની ગલીઓની સફાઈ માટે હાઉસગલી સ્કીમને શરૂ કરવા અંગે

**હિતની અભિવ્યક્તિ**

**જાહેરાત**

રસ ધરાવતી સ્થાનિક લેબર કો-ઓપ સોસાયટીઓ, સર્વિસ કો-ઓપરેટીવ સોસાયટીઓ, બેરોજગાર સર્વિસ કો-ઓપરેટીવ સોસાયટીઓ મ્યુનિસિપલ કોરપોરેશન સાથે નોંધાયેલ બિન-સરકારી સંસ્થાઓ, જેઓ એમ/પૂર્વ વોર્ડ ઓફિસની હકૂમતમાં રજીસ્ટર્ડ છે, એમ/પૂર્વ વોર્ડ ઘન કચરા વ્યવસ્થાપન વિભાગમાં સાફસફાઈ કામ માટે હાઉસગલી યોજના સ્કીમના અમલીકરણ માટે, ઈ. પાસેથી સંસ્થાની દ્વારા કામદારોની સપ્લાય માટે સંસ્થાની પસંદગી માટે અરજી મંગાવાય છે, લાયકાતની યાદી બનાવાશે અને લોટરી દ્વારા જ પસંદગી કરાશે.

| ક્ર. નં. | સ્કીમનું નામ | સંસ્થાની સંખ્યા |
|---|---|---|
| ૧ | હાઉસ ગલી યોજના | ૭ |

મ્યુનિસિપલ કોર્પોરેશન કોઈપણ અગાઉથી નોટીસ વિના ડીવીજનલ ઓફિસની આવશ્યકતા મુજબ સંસ્થાની યુનિટોની સંખ્યા તેમ જ ઉપરોક્ત કામ માટે સીલેક્ટ કરવામાં આવનાર સંસ્થાઓની સંખ્યા ફેરફાર કરવા માટેનો હક્ક અનામત રાખે છે. તા. ૦૫/૮/૨૬થી તા. ૧૧/૮/૨૬ સ. ૧૦.૩૦થી બ. ૧.૦૦ ક. સુધી મુદત દરમ્યાન સંસ્થાને ચલન માંગણી માટે અલગ અરજી સુપ્રત સંસ્થા કરશે ત્યાર પછી જ ચલન આપવામાં આવશે. ચલન આપવાની છેલ્લી તા. ૧૧/૮/૨૬ના બ. ૧.૦૦ ક. સુધીની છે. અરજીની કોપી આસીસ્ટન્ટ એન્જીનિયર (ઘન કચરા વ્યવસ્થાપન) એમ/ઈસ્ટ ડીવીજન ઓફિસમાં રૂા. ૩૯૯૩/- વત્તા ૧૮% GST રોકડામાં અથવા રાષ્ટ્રીયકૃત બૅન્ક ડી.ડી.માં અરજી આ ઓફિસમાંથી અપાશે તેને જમા કરાવ્યા પછી સીટીજન ફેસીલીટી સેન્ટર(C.F.C.) ખાતે બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના નામમાં (નોન-રીફંડેબલ) લાયક સંસ્થાની યાદી અને ડ્રોની તારીખ એમ/ઈસ્ટ ડીવીજન ઓફિસ ખાતે નોટીસ બોર્ડ પર પોસ્ટ કરવામાં આવશે. લાયક સંસ્થાઓની યાદીમાંથી સફળ સંસ્થાને કામની ફાળવણી યોજનાની શરતો અને નિયમો મુજબ સંબંધિત વિભાગના આસી. કમિશનર દ્વારા કરવામાં આવશે અલગ અરજી અને અલગ રકમની ચૂકવણી દરેક જોબ માટે આવશ્યક રહેશે.

રસ ધરાવતી સંસ્થાએ વધુ વિગતો, અરજીપત્ર અને સોગંદનામાના નમૂના માટે 'એમ/ઈસ્ટ' વોર્ડ ઘન કચરા વ્યવસ્થાપન ઓફિસનો સંપર્ક કરવો. 'એમ/ઈસ્ટ' વોર્ડ ઓફિસમાં સંસ્થા પાસેથી અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૨/૮/૨૬ના બ. ૧.૦૦ ક. સુધીની છે. દર્શાવેલા ઓફિસ કલાકો પછી સુપ્રત કરાયેલ અરજીઓની વિચારણા કરાશે નહિ.

સહી/-
આસી.એન્જી. (SWM) એમ/પૂર્વ

PRO/1002/ADV./2026-27

વૃક્ષ વાવો, વૃક્ષો બચાવો.

# સોનાચાંદીમાં સાધારણ સુધારો, ક્રૂડના ભાવ ત્રણ અઠવાડિયાના નીચા સ્તરે

મુંબઇઃ યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન સામે નવાં લશ્કરી એટેક મોકૂફ રાખ્યા પછી ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડાથી સતત ફુગાવા અંગેની ચિંતા ઓછી થવા સાથે તેની અસરે સોનાના ભાવમાં સુધારો જોવા મળ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના હાજર ભાવ ૦.૩ ટકા વધીને ૪,૧૦૪ ડોલર પ્રતિ ઔંસની આસપાસ ટ્રેડ થઈ રહ્યા છે, જેના કારણે પીળી ધાતુનો ભાવ થોડો વધી રહ્યો છે. દરમિયાન, યુએસ બજારોમાં ચાંદી ૦.૯ ટકા વધીને ૫૮.૩ ડોલર પ્રતિ ઔંસ બોલાઇ ગઈ છે. મુંબઇના ઝવેરી બજારમાં ચાંદી અને સોનાના ભાવમાં પાછલા બંધ સામે સામાન્ય સુધારો જોવા મળ્યો હતો. ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧,૪૨,૫૫૭ના પાછલા બંધ સામે દસ ગ્રામે રૂ.૩૦૯ના સુધારા સાથે રૂ. ૧,૪૨,૮૬૬ની સપાટીએ સ્થિર થયા હતા. એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૪૧૯૮૬ના પાછલા બંધ સામે દસ ગ્રામે રૂ.૩૦૮ના સુધારા સાથે રૂ. ૧,૪૨,૨૯૪ની સપાટીએ સ્થિર થયા હતા. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદીના ભાવ એક કિલોદીઠ રૂ. ૨,૧૭,૨૮૭ના પાછલા બંધ સામે રૂ. ૧,૩૪૮ પ્રતિ કિલોના વધારા સાથે રૂ. ૨,૧૮,૬૩૫ સુધી પહોંચ્યા હતા.

# જીએટીસી માટે સરકારે ઓનલાઈન અરજીઓ મગાવી

નવી દિલ્હીઃ સરકારે કાનૂની મેટ્રોલોજી નિયમો, ૨૦૧૩ હેઠળ સરકારી માન્ય પરીક્ષણ કેન્દ્રો તરીકે માન્યતા મેળવવા માટે પાત્ર ઉદ્યોગો, પ્રયોગશાળાઓ, એન્જિનિયરિંગ કોલેજો, પોલિટેકનિક, આઇટીઆઇ અને પરીક્ષણ સુવિધાઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મગાવી છે. મંગળવારે એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે ગ્રાહક બાબતોના વિભાગના સત્તાવાર પોર્ટલ દ્વારા ૧૭થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી ઓનલાઈન અરજીઓ સબમિટ કરી શકાય છે. આ પોર્ટલ સંપૂર્ણપણે ડિજિટલ અરજી પ્રક્રિયા પૂરી પાડે છે, જેમાં ઓનલાઈન સબમિશન, ફી ચુકવણી, અરજી ટ્રેકિંગ અને અરજદારો સાથે વાતચીતનો સમાવેશ થાય છે, જે પ્રક્રિયાને પારદર્શક, કાર્યક્ષમ અને વ્યવસાય-મૈત્રીપૂર્ણ બનાવે છે.

# કેપિટલ ગૂડ્સ અને મેટલ શેરોમાં લાવલાવ, હાઉસિંગ ફાઈનાન્સ શેર ધોવાયા

મુંબઇઃ નવી ઓકશન સિસ્ટમને કારણે મૂંઝવણ ભરેલા વાતાવરણમાં મંગળવારે સત્ર દરમિયાન ખાસ કરીને કેપિટલ ગુડ્સ, મેટલ અને ઈન્ડસ્ટ્રિયલ્સ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે ઈન્સ્યુરન્સ રિયલ્ટી અને હાઉસિંગ ફાઈનાન્સ સૌથી અધિક ઘટ્યા હતા. એક્સચેન્જની માર્કેટ કેપમાં રૂ.૧.૦૫ લાખ કરોડનો ઘટાડો થયો હતો. મંગળવારે સેન્સેક્સ ગત સોમવારના ૭૮,૬૩૯.૦૩ પોઈન્ટના બંધની સરખામણીએ ૨૧૦.૦૮ પોઈન્ટ કે ૦.૨૭ ટકા વધ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૯,૧૩૨.૯૭ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઊંચામાં ૭૯,૧૪૩.૧૫ પોઈન્ટ સુધી તથા નીચામાં ૭૮,૨૧૧.૮૭ પોઈન્ટ સુધી ગયા બાદ અંતે ૭૮,૪૨૮.૯૫ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૮૯.૫૦ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૯૦.૫૫ લાખ કરોડ હતું.

# અમે તમારી સાથે જ છીએ એમ આસામના પૂરગ્રસ્ત લોકોને નીતા અંબાણીએ જણાવ્યું

મુંબઈઃ વિનાશક પૂરથી પ્રભાવિત આસામના લોકોને હૃદયપૂર્વક સંદેશ આપતા, રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને અધ્યક્ષા શ્રીમતી નીતા એમ. અંબાણીએ પૂરગ્રસ્ત પરિવારોને મદદ કરવા માટે મુખ્યમંત્રી રાહત ભંડોળમાં ૨૧ કરોડ રૂપિયાનું યોગદાન આપવાની જાહેરાત કરી હતી. "અમારા વિચારો, પ્રાર્થનાઓ અને ઊંડી એકતા આસામના લોકો સાથે છે. મારું હૃદય આ વિનાશક પૂરથી પ્રભાવિત દરેક પરિવાર પ્રત્યે છે," એમ શ્રીમતી અંબાણીએ જણાવ્યું હતું.

આસામના મુખ્યમંત્રી, શ્રી હિમંતા બિસ્વા શર્માએ સોશિયલ મીડિયા પર શ્રીમતી અંબાણી અને રિલાયન્સ ફાઉન્ડેશનનો તેમના સતત સમર્થન અને રાહત પ્રયાસો બદલ આભાર માન્યો હતો.

"રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને અધ્યક્ષા શ્રીમતી નીતા અંબાણી, જ્યારે પણ આપણા રાજ્યએ મુશ્કેલ સમયનો સામનો કરવો પડ્યો છે ત્યારે હંમેશાં આસામના



લોકોની પડખે ઊભા રહ્યાં છે. ગઈકાલે, તેમણે ઉપલા આસામમાં પૂરગ્રસ્ત પરિવારોને મદદ કરવા માટે મુખ્યમંત્રી રાહત ભંડોળમાં ૨૧ કરોડનું દાન કરીને ફરી એકવાર આ ભાવના દર્શાવી હતી. આ યોગદાનની સાથે, રિલાયન્સ ફાઉન્ડેશનની ટીમો જમીન પર અથાક મહેનત કરી રહી છે, ખોરાક, જાહેર આરોગ્ય સેવાઓ, કટોકટી આશ્રય અને પશુધનની સંભાળ પૂરી પાડી રહી છે. હું શ્રીમતી નીતા અંબાણી અને રિલાયન્સ ફાઉન્ડેશનનો આસામના લોકો પ્રત્યેની કરુણા, દયા અને સમર્થન બદલ હૃદયપૂર્વક આભાર માનું છું," શ્રી શર્માએ તેમના સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું. ■

# કંપનીઓએ આઇપીઓ દ્વારા ૫.૭૮ અબજ ડોલર એકત્ર કર્યા

મુંબઈઃ આઇપીઓ બજારમાં ચાલુ વર્ષે મંદી જોવા મળી રહી છે. અત્યાર સુધીમાં કંપનીઓએ આઇપીઓ દ્વારા ૫.૭૮ અબજ ડોલર એકઠા કર્યા છે, જે ગયા વર્ષના ૭.૩૨ અબજ ડોલર કરતાં ઓછા છે. રોકાણકારોની સાવચેતી, ભૌગોલિક રાજકીય તણાવ અને બજારની અસ્થિરતાને કારણે ભંડોળ એકત્ર કરવાની ગતિ ધીમી પડી છે. કંપનીઓ ભરણાંનું કદ ઘટાડી રહી છે. વર્તમાન કેલેન્ડર વર્ષમાં દેશમાં ઈનિશિઅલ પબ્લિક ઓફરિંગ્સ મારફત કંપનીઓએ અત્યારસુધી આઈપીઓ મારફત ૫.૭૮ અબજ ડોલર ઊભા કર્યા છે, જ્યારે ગયા વર્ષના સમાનગાળા સુધીમાં ૭.૩૨ અબજ ડોલર ઊભા કરાયા હતા. કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં આઈપીઓ મારફત ૨૦.૬૫ અબજ ડોલર અને ૨૦૨૫માં ૨૨.૩૬ અબજ ડોલર ઊભા કરાયા હતા.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**આસિસ્ટન્ટ કમિશનર - T વોર્ડ**

**EOI નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના EOI મંગાવે છે.

| કામનું નામ | બાના રકમ ડિપોઝિટ | EOI સ્ક્રુટીની શુલ્ક | EOI વેચાણ પ્રારંભ તારીખ અને સમય | EOI વેચાણ અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૯૦ દિવસની મુદત માટે T વોર્ડમાં રોડના રજો સાફ કરવા માટે સંસ્થાની નિમણૂક | રૂ. ૨૧,૦૦૦/- | રૂ. ૩,૯૯૩/- + ૧૮% GST | ૦૫.૦૮.૨૦૨૬ ૧૧.૦૦ ક. થી | ૧૩.૦૮.૨૦૨૬ ૧૧.૦૦ ક. સુધી |

વેક્સ સીલબંધ EOI પાકતી તારીખે એટલે કે ૧૩.૦૮.૨૦૨૬ના બ. ૧.૦૦ ક. કે તે પહેલા આસિસ્ટન્ટ એન્જિનિયર (SWM) T વોર્ડની ઓફિસમાં સુપ્રત કરવામાં આવશે - EOI દસ્તાવેજ પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે નહીં.

સહી/-
(શ્રીમતી નીરજા કોલ્ટે)
આસિસ્ટન્ટ એન્જિનિયર
SWM T વોર્ડ

PRO/995/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# રિઝર્વ બેન્ક વ્યાજદર યથાવત્ રાખે એવી સંભાવના

મુંબઇઃ નીતિ ઘડવૈયા મધ્યપૂર્વના લશ્કરી સંઘર્ષની અસરોનું અવલોકન કરી રહ્યા છે અને વર્તમાન પરિસ્થિતિમાં ભારતીય રિઝર્વ બેંક આજે બુધવારે વ્યાજ દરો યથાવત રાખે તેવી અપેક્ષા છે, એમ નાણાં બજારના સાધનોએ જણાવ્યું હતું.

આ સંદર્ભે હાથ ધરાયેલા સર્વેક્ષણમાં ત્રીસ અર્થશાસ્ત્રીઓમાંથી એક સિવાયના બધાના મતે, ગવર્નર સંજય મલ્હોત્રાની આગેવાની હેઠળની છ સભ્યોની નાણાકીય નીતિ સમિતિ, રિપો રેટ ૫.૨૫ ટકા રાખશે એવી આગાહી કરી રહ્યા છે. સમિતિ પણ તટસ્થ વલણ જાળવી રાખે તેવી શક્યતા છે, ફુગાવો આરબીઆઇના બે ટકાથી છ ટકાના કમ્ફર્ટ બેન્ડમાં રહેશે.

મલ્હોત્રાએ એવો સંકેત આપ્યો છે કે જો પ્રાઇસ પ્રેશર વધુ વ્યાપક બનશે તો જ પોલિસી મેકર્સ કોઇ ફેરફાર કે પગલાં લેવાનું પસંદ કરશે. ભવિષ્યમાં કઇ બાબત આરબીઆઇને દરમાં વધારોકરવા પ્રેરી શકે અને વિદેશી ચલણના પ્રવાહને આકર્ષવા માટે નિયમો હળવા કર્યા પછી આરબીઆઇ રૂપિયાનું સંચાલન કેવી રીતે કરવાની યોજના ધરાવે છે તેના સંકેતો માટે રોકાણકારોની નજર મલ્હોત્રા તરફ મંડાયેલી છે.

અર્થશાસ્ત્રીઓ માને છે કે માર્ચમાં પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન આરબીઆઇ કોઇ મોટા ફેરફાર કરે એવું લાગતું નથી. જોકે, વૈશ્વિક અનિશ્ચિતતામાં વધારો જોતાં, આ વલણ પડકારજનક સાબિત થશે, ક્રૂડ ઓઇલની અસ્થિરતા, રૂપિયા પરનું દબાણ, ડોલરના બાહ્યપ્રવાહની સાવચેતી અને ફુગાવાના ઊંચા અંદાજો સ્પષ્ટપણે નકારાત્મક સંદેશની શક્યતા ઓછી કરે છે. ભારતના રિટેલ ફુગાવાના દરે ૧૭ મહિનામાં પહેલી વાર આરબીઆઇના ચાર ટકાના લક્ષ્યાંકનો ભંગ કર્યો છે, જે જૂનમાં ૪.૩૮ ટકા સુધી પહોંચી ગયો છે. જુલાઈના આંકડા આવતા અઠવાડિયે જાહેર કરવામાં આવશે કારણ કે એવા સંકેતો બહાર આવી રહ્યા છે કે પ્રાઇસ પ્રેશર વધુ સ્થિર સાબિત થઈ શકે છે.

નાણા મંત્રાલયે ગયા અઠવાડિયે તેની પ્રથમ સત્તાવાર ચેતવણી જારી કરી હતી કે ફુગાવો ખાદ્યખોરાકીથી આગળ વધી રહ્યો છે. દેશની સૌથી મોટી ગ્રાહક કંપનીઓ ટૂથપેસ્ટથી લઈને ટાયર અને પેઇન્ટ સુધીના ઉત્પાદનો પર સતત બીજા ત્રિમાસિક ગાળામાં ભાવ વધારો કરવાની તૈયારી પણ કરી રહી છે, જે સંકેતો ઉમેરે છે કે ઉચ્ચ ઇનપુટ ખર્ચ ગ્રાહકો પર પસાર થઈ રહ્યો છે. આ અઠવાડિયે નાણાકીય બજારો સંપૂર્ણપણે સ્થિર ભાવે ભાવ નક્કી કરી રહ્યા છે. વ્યાજ દરમાં ફેરફારનો અર્થ એ થાય કે ભવિષ્યમાં દરમાં વધારો લગભગ ૭૫થી ૧૦૦ બેસિસ પોઈન્ટ્સ સુધી થશે, જોકે બજારોએ આમાંથી મોટાભાગના વધારા આગામી વર્ષ સુધી થવાની અપેક્ષા રાખી છે. એકંદરે મોટાભાગના અર્થશાસ્ત્રીઓ અપેક્ષા રાખે છે કે માર્ચ ૨૦૨૭માં પૂરા થતા નાણાકીય વર્ષ માટે આરબીઆઇ તેના ફુગાવાના અંદાજને ૫.૧ ટકા પર યથાવત રાખશે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ- ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)

નં. E.E. Mech. (S)/૨૪૭૩/M&E તા. ૦૪/૦૮/૨૦૨૬

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ અંતિમ તારીખ & સમય ટેન્ડર સેક્શન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ BMCની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

| અ.નં. | બીડ નં. | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૬_MCGM_ ૧૩૨૪૬૭૬_૧ | F-નોર્થ વોર્ડમાં સાયન સ્મશાનગૃહ ખાતે MS પ્લેટફોર્મની સ્થાપના સાથે PNG ફર્નેસ (૨નં.)ની વિવિધ આવશ્યક ભાગોનું રિપેર, નવીનીકરણ અને રિપ્લેસમેન્ટનું કામ. |
| ૨ | ૨૦૨૬_MCGM_ ૧૩૨૪૫૦૩_૧ | ૨ વર્ષ એટલે કે ૨૦૨૬-૨૦૨૮ માટે ધારાવી હિન્દુ સ્મશાનગૃહ ખાતે એર પોલ્યૂશન કંટ્રોલ સિસ્ટમની વ્યાપક સંચાલન અને જાળવણી કોન્ટ્રાક્ટનું કામ. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને http://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટની મુલાકાત લેવી.

સહી/-
એક્ઝિ. એન્જિ. મિકે. (સાઉથ)

PRO/997/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# સુનેત્રા પવાર 'ગૂંગી ગૂડિયા': કૉંગ્રેસ

## એનસીપી, શિંદેનો વળતો પ્રહાર

મુંબઈઃ મહારાષ્ટ્ર કૉંગ્રેસે મંગળવારે નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારને 'ગૂંગી ગૂડિયા' (મૂંગી ઢીંગલી) ગણાવતાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી) દ્વારા એનું તીવ્રતાથી ખંડન કરવામાં આવ્યું હતું. શું કૉંગ્રેસ હવે એક સમયે ભૂતપૂર્વ વડાં પ્રધાન ઈન્દિરા ગાંધીને સંબોધીને બોલવામાં આવેલા અપશબ્દોનું સમર્થન કરે છે કે કેમ એવો સવાલ કરવામાં આવ્યો હતો.

શિવસેનાના અધ્યક્ષ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પણ કૉંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે મહારાષ્ટ્રના પ્રથમ મહિલા ડેપ્યુટી સીએમ વિરુદ્ધ કરેલી ટિપ્પણી બદલ કૉંગ્રેસને શરમ આવવી જોઈએ. આ રાજ્યની તમામ મહિલાઓનું અપમાન છે.

કૉંગ્રેસે સોશ્યલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યા બાદ આ મુદ્દો ઉગ્ર બન્યો હતો. એ પોસ્ટમાં એનસીપી નેતા

(જુઓ પાનું ૪) ▸▸

### સાબિત કરો કે તમે દુર્ગા છોઃ હર્ષવર્ધન સપકાલ

મુંબઈઃ બિડ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં કૉંગ્રેસે ઉપમુખ્ય પ્રધાન સુનેત્રા પવારને 'ગૂંગી ગૂડિયા' કહીને ટીકા કરતા રાષ્ટ્રવાદી કૉંગ્રેસ આક્રમક બની હતી. પરંતુ, કૉંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ હર્ષવર્ધન સપકાલે કૉંગ્રેસની ટીકાનું સમર્થન કરતા સુનેત્રા પવાર પોતે દુર્ગા છે તે સાબિત કરે તેવું આહ્વાન આપ્યું હતું. સપકાલે કહ્યું કે, સુનેત્રા પવારે પોતે 'દુર્ગા' છે તે સાબિત કરવા માટે તાત્કાલિક નાણાં મંત્રાલય પોતાની પાસે લેવું જોઈએ. અજિત પવારના અકસ્માતની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી અમે શાંત નહીં બેસીએ તેવી ભૂમિકા તેમણે લેવી જોઈએ. અજિત પવારે 'લાડકી બહીણ' યોજનાનું અનુદાન વધારવાનું કહ્યું હતું તે તેમણે પૂરું કરવું જોઈએ, ખેડૂતોની દેવામાફીનો નિર્ણય લેવો જોઈએ અને સ્માર્ટ મીટરનો નિર્ણય રદ કરવો જોઈએ. જો તેઓ આવું કરશે, તો અમારા આરોપો ખોટા સાબિત થશે અને મહારાષ્ટ્ર તેમને 'દુર્ગા' માન્યા વગર નહીં રહે. ■

### 'ગૂંગી ગૂડિયા' ટીકા પર ફડણવીસનો પલટવાર

મુંબઈઃ મહારાષ્ટ્ર કૉંગ્રેસે ઉપમુખ્ય પ્રધાન સુનેત્રા પવાર માટે 'ગૂંગી ગુડિયા' શબ્દનો ઉપયોગ કર્યો હતો. સુનેત્રા પવાર સામે કરાયેલી ટીકાનો રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે કૉંગ્રેસના લોકો અત્યંત નિમ્ન સ્તરનું રાજકારણ કરી રહ્યા છે. ચર્ચામાં રહેવા માટે આ બધું ચાલી રહ્યું છે. 'બદનામ હુએ તો ક્યા હુઆ, નામ તો હુઆ' જેવી એમની વિચારસરણી

(જુઓ પાનું ૪) ▸▸

# હોમિયોપથી ડૉક્ટરોની તરફેણના જીઆરથી નારાજ રેસિડન્ટ ડૉક્ટરોની આજથી હડતાળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર દ્વારા હોમિયોપથીના ડૉક્ટરોને એલોપેથીની સારવાર કરવાની પરવાનગી આપવામાં આવી તેનાથી એલોપેથીના તબીબો નારાજ થયા છે અને સરકારી હોસ્પિટલના રેસિડેન્ટ ડૉક્ટરોએ આ નિર્ણયના વિરોધમાં બાંયો ચડાવી છે અને પાંચમી ઓગસ્ટથી બેમુદત હડતાળનું એલાન કર્યું છે.

મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલ (એમએમપી) દ્વારા ૩૦ જૂને જાહેર કરાયેલા જીઆર મુજબ, છ મહિનાનો સર્ટિફિકેટ કોર્સ ઇન મોડર્ન ફાર્માકોલોજી (સીસીએમપી) પૂર્ણ કરનારા હોમિયોપથી ડૉક્ટરોને આધુનિક દવાઓ લખવાની મંજૂરી આપવામાં આવી છે, પરંતુ આ નિર્ણય રેસિડેન્ટ ડૉક્ટરોને સ્વીકાર્ય નથી.

રેસિડેન્ટ ડૉક્ટરોનો સવાલ છે કે દર્દીની સારવાર જેવી સંવેદનશીલ બાબતમાં પૂરતી તાલીમ, વૈજ્ઞાનિક માપદંડ અને સ્પષ્ટ નિયમન વગર નવી વ્યવસ્થા કેવી રીતે લાગુ કરી શકાય? એમએઆરડી (મહારાષ્ટ્ર એસોસિયેશન ઓફ રેસિડેન્ટ ડૉક્ટર્સ)એ હવે આ મુદ્દે સીધો મોરચો ખોલ્યો છે. સંગઠને જાહેરાત કરી છે કે પાંચ ઓગસ્ટની મધરાતથી રાજ્યભરના સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલોમાં અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરવામાં આવશે.

માર્ડે આ બાબતે માહિતી આપતા જણાવ્યું છે કે દર્દીઓની હાલતને ધ્યાનમાં રાખીને હડતાળના પ્રથમ ૨૪ કલાક દરમિયાન ઇમરજન્સી અને કેઝ્યુઅલ્ટી સેવાઓ ચાલુ રાખવામાં આવશે. જોકે ઓપીડી , નિયમિત ડ્યૂટી, વૈકલ્પિક પ્રક્રિયાઓ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ બંધ રહેશે.

જો સરકાર તરફથી કોઈ સંતોષકારક નિર્ણય નહીં આવે તો છ ઓગસ્ટથી ઇમરજન્સી સહિત તમામ સેવાઓ બંધ કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

માર્ડે સ્પષ્ટ કર્યું છે કે તેમનો વિરોધ હોમિયોપથી પદ્ધતિ કે તેના ડૉક્ટરો વિરુદ્ધ નથી, પરંતુ દર્દીઓની સારવારને અસર કરતી નીતિઓ યોગ્ય નિયમન અને વૈજ્ઞાનિક આધાર સાથે જ લાગુ થવી જોઈએ. ■

# આ વર્ષે પીઓપીની ગણેશજીની મૂર્તિ પર પ્રતિબંધ મૂકવો શક્ય નથીઃ સરકાર

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મંગળવારે બોમ્બે હાઈ કોર્ટમાં રજૂઆત કરી હતી કે આ વર્ષે ગણેશ ચતુર્થીના તહેવાર માટે પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી)થી બનેલી મૂર્તિઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવો શક્ય નથી, પરંતુ આવી મૂર્તિઓને ધીમે ધીમે દૂર કરવામાં આવશે એમ જણાવ્યું હતું. રાજ્યના અગ્રણી કાયદાકીય અધિકારીએ ખંડપીઠને જણાવ્યું હતું કે સરકાર માટીની ગણેશજીની મૂર્તિઓનો ઉપયોગ કરવાની વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અપીલનું પાલન કરશે, પરંતુ આ વર્ષે ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થનારા તહેવાર દરમિયાન આવું કરવું મુશ્કેલ બનશે. આ રજૂઆત પછી ગયા અઠવાડિયે ન્યાયમૂર્તિ અજય ગડકરી અને ન્યાયમૂર્તિ કમલ કાન કી બાત કાર્યક્રમ ખંડપીઠે ભક્તોને પીઓપીની બનેલી મૂર્તિઓને બદલે માટીની ગણેશજીની મૂર્તિઓનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી. ગયા અઠવાડિયે ખંડપીઠે સરકારને માટીની મૂર્તિઓના ઉપયોગ માટે મોદીની અપીલ પર પોતાનું વલણ સ્પષ્ટ કરવા જણાવ્યું હતું. એડવોકેટ જનરલ મિલિંદ સાઠેએ મંગળવારે હાઈ કોર્ટને માહિતી આપી હતી કે સરકાર વડા પ્રધાનની અપીલનું ગંભીરતાથી પાલન કરશે, પરંતુ અદાલતને વિનંતી કરવામાં આવી હતી કે આ વર્ષે ૨૦૨૫માં આપવામાં આવેલા આદેશને ચાલુ રાખવામાં આવે. એ આદેશ અનુસાર પીઓપીથી તૈયાર કરવામાં આવેલી છ ફૂટથી વધુ ઊંચાઈની મૂર્તિઓને સમુદ્રમાં વિસર્જન કરવાની મંજૂરી આપવામાં આવી હતી. સાઠેએ ખાતરી આપી હતી કે સરકાર ધીમે ધીમે પીઓપી મૂર્તિઓના ઉપયોગને તબક્કાવાર દૂર કરશે. (પીટીઆઈ)■













# પોલીસ દળમાં વેતન કૌભાંડ

## પોલીસ ન હોય એવી વ્યક્તિઓનાં ખાતાંમાં જમા થતો હતો પગારઃ પાંચ વિરુદ્ધ ગુનો, બે સસ્પેન્ડ

મુંબઈઃ આર્થિક ગુના સહિત અનેક ચર્ચાસ્પદ કેસ ઉકેલવામાં માહેર પોલીસ દળમાં જ કરોડો રૂપિયાનું વેતન કૌભાંડ આચરાયું હોવાનું સામે આવતાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસ દળમાં ફરજ બજાવતી ન હોય તેવી વ્યક્તિઓને પોલીસ અધિકારી દર્શાવી તેમનાં બૅન્ક ખાતાંમાં દર મહિને પગાર જમા થતો હતો. આ રીતે ખાસ્સા સાડાછ કરોડ રૂપિયા હડપ કરવામાં આવ્યા હોવાનું તપાસમાં જણાતાં પાંચ જણ વિરુદ્ધ ગુનો નોંધી બેને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

મુંબઈ પોલીસની નૉર્થ રિજન ઑફિસમાંના પોલીસ ઈન્સ્પેક્ટરની ફરિયાદને આધારે સમતાનગર પોલીસે સરકારની છેતરપિંડી કરવી, પુરાવાનો નાશ કરવો, કાવતરું ઘડવું જેવી ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. એફઆઈઆરમાં આરોપી તરીકે તત્કાલીન એડ્મિનિસ્ટ્રેશન અધિકારી રામકિસન ગોસ્વામી, નાગેશ તળવડેકર, વિજયા ચવાણ, અજય રાઠોડ અને અમોલ મેશ્રામનો સમાવેશ થાય છે. સૂત્રોના

(જુઓ પાનું ૪) ▸▸

# ઓપરેશન ટાઇગર ૩.૦ શરૂ થશે?

## શ્રીકાંત શિંદે સહિત શિવસેનાના સંસદ સભ્યો અમિત શાહને મળ્યા

નવી દિલ્હીઃ ઉદ્ધવ ઠાકરે જૂથના છ સંસદ સભ્યોએ પક્ષ સાથે છેડો ફાડ્યા બાદ પક્ષના વિધાનસભ્યો પર શિંદેની શિવસેના નજર રાખી રહી છે એવી ચર્ચા ચાલી રહી છે. તેથી જ રાજ્યમાં ઓપરેશન ટાઇગરનો ત્રીજો તબક્કો શરૂ થઈ ગયો હોવાની ચર્ચા છાને ખૂણે ચાલી રહી છે. આ વાતને સમર્થન આપતા પુરાવા મળ્યા છે. સંસદ સભ્ય શ્રીકાંત શિંદે સહિત શિવસેનાના સંસદ સભ્યો કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા છે. છેલ્લા કેટલાક

(જુઓ પાનું ૪) ▸▸

# વેટ લીઝ બસના ડ્રાઈવરો માટે બેસ્ટ તરફથી સ્પેશ્યલ ટ્રેનિંગ આપવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં તાજેતરમાં બેસ્ટની બસના ઉપરાઉપરી થયેલા ઍક્સિડન્ટમાં મોટાભાગની બસ વેટ લીઝની હતી, તેમાં પણ માનખુર્દમાં બસના થયેલા ઍક્સિડન્ટમાં એકનું મોત અને ૧૦ જણ જખમી થયા બાદ ભાડા પર લીધેલી બસના મોટાભાગના ડ્રાઈવરોને ટ્રેનિંગ આપવાની આવશ્યકતા હોવાનું જણાઈ આવ્યું હતું. તેથી બેસ્ટ ઉપક્રમ દ્વારા લગભગ ૫,૨૦૦ વેટ લીઝ બસ ડ્રાઇવરો માટે વિશેષ સુરક્ષા જનજાગૃતિ અને તાલીમ ઝુંબેશ અમલમાં મૂકવામાં આવવાની છે. આ ઝુંબેશ ટૂંક સમયમાં શરૂ થશે અને આ તાલીમનો સમયગાળો ત્રણ અઠવાડિયાનો રહેશે.

માનખુર્દ ખાતે તાજેતરના અકસ્માતને ધ્યાનમાં રાખીને ૨૪ જુલાઈના રોજ તમામ વેટ લીઝ કૉન્ટ્રાક્ટરોની એક ખાસ બેઠક યોજાઈ હતી, જેમાં ડ્રાઈવરોને ટ્રેનિંગ આપવા પર ભાર આપવામાં આવ્યો હતો. આ

(જુઓ પાનું ૪) ▸▸

### બેસ્ટને આર્થિક રીતે સક્ષમ કરવા પ્રોપર્ટીનો વિકાસ કરીને ૨૮,૦૦૦ કરોડ ઊભા કરાશે

મુંબઈઃ મુંબઈગરાની બીજી લાઈફલાઈન ગણાતી બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઘણા વર્ષોથી આર્થિક કટોકટીનો સામનો કરી રહી છે. મુંબઈ મહાનગરપાલિકા પાસેથી ફંડ મેળવીને કામ ચલાવી રહેલી બેસ્ટ ઉપક્રમે આર્થિક રીતે સધ્ધર થવા માટે પોતાની માલિકીની મિલકતનો વિકાસ કરીને ૨૮,૦૦૦ કરોડ રૂપિયા ઊભા કરવાની યોજના બનાવી છે. બેસ્ટને નાણાકીય કટોકટીમાંથી બહાર લાવવા માટે શરૂઆત કરવી પડશે. માલિકીની મિલકતનો વિકાસ, નવી (જુઓ પાનું ૪) ▸▸

### મુંબઈગરાને જલદી મળશે ૧,૫૦૦ મિડી બસ

મુંબઈઃ મુંબઈમાં લાંબા સમયથી રસ્તા પર ઓછી દોડી રહેલી બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની બસોને કારણે નાગરિકો લાંબી લાઈનમાં બસની રાહ જોતા ઊભા રહીને કંટાળી ગયા છે ત્યારે બહુ જલદી રસ્તા પર નવી ઈલેક્ટ્રિક મિડી બસ દોડતી જોવા મળવાની છે. મંગળવારે બેસ્ટ કમિટીની બેઠકમાં ૧,૫૦૦ ઈલેક્ટ્રિક મિડી બસ લેવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.

બેસ્ટ ઉપક્રમે શહેરી પરિવહનમાં પરિવર્તન લાવવા માટે ૨૦૨૭ સુધીમાં તેના કાફલાને ૧૦,૦૦૦ બસો સુધી વધારવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે, જે હેઠળ ૧,૫૦૦ એર-કન્ડિશન્ડ ઇલેક્ટ્રિક મિડી બસો ખરીદવાને મંજૂરી આપી છે. આ તમામ ૧,૫૦૦ બસ નવ મીટર લાંબી મીડી બસો છે, જેમાં

(જુઓ પાનું ૪) ▸▸

# બુલેટ ટ્રેન માટે મેન્ગ્રોવ્ઝ કાપવાની મંજૂરી

મુંબઈ : બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ કોરિડોર માટે અત્યંત મહત્ત્વપૂર્ણ એવી ૧૩ કિમી લાંબી પાવર ટ્રાન્સમિશન લાઇનના નિર્માણ અર્થે મેન્ગ્રોવ્સ (ચેરનાં વૃક્ષો) કાપવાની મંજૂરી આપી હતી અને નોંધ્યું હતું કે આ પ્રોજેક્ટ ''રાષ્ટ્રીય મહત્વ'' ધરાવે છે.

કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંખડની ખંડપીઠે નોંધ્યું હતું કે દહાણુ અને અંબરસેરાઈ (પાલઘર જિલ્લો) વચ્ચેની ટ્રાન્સમિશન લાઈન માટે મેન્ગ્રોવ્સ (ચેરના જંગલો)ને અન્યત્ર ખસેડવા અને વૃક્ષો કાપવાના પ્રસ્તાવની સત્તાવાળાઓ દ્વારા ચકાસણી કરવામાં આવી છે અને તેને મંજૂરી આપવામાં આવી છે.

મેન્ગ્રોવ્સ (દરિયાકાંઠાના વૃક્ષો) કાપવાની મંજૂરી

(જુઓ પાનું ૪) ▸▸

# પાલિકાની ઑફિસ બહાર કોન્ટ્રાક્ટર પર ચાકુથી હુમલો

## કોન્ટ્રાક્ટરે પણ હુમલાખોર પર ચાકુ વીંઝ્યુંઃ વીડિયો વાઈરલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના કોન્ટ્રાક્ટને મુદ્દે થયેલા વિવાદમાં માટુંગામાં વૉર્ડ ઑફિસ બહાર જ ચાકુ ચાલ્યા હોવાની ઘટના સામે આવી હતી. ધમકી આપનારા શખસે કોન્ટ્રાક્ટર પર ચાકુથી હુમલો કર્યો તો કોન્ટ્રાક્ટરે પણ હુમલાખોર પર ચાકુથી ઘા કર્યો હતો. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હોઈ જખમી બન્નેને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

માટુંગા પોલીસના જણાવ્યા મુજબ સોમવારની બપોરે ત્રણ વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં કોન્ટ્રાક્ટર ભૈરુ સિંહ (૪૩)ની ફરિયાદને આધારે ચાર શખસ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી ગુનામાં વપરાયેલાં બન્ને ચાકુ જપ્ત કર્યાં હતાં. પાલિકાના કોન્ટ્રાક્ટને મુદ્દે

(જુઓ પાનું ૪) ▸▸

# નવી મુંબઈમાં હૅશ ઓઇલ સહિત ૪૧.૬૦ લાખનું ડ્રગ્સ પકડાયુંઃ પેડલરની ધરપકડ

## કોલેજિયનોને નાની બોટલોમાં હૅશ ઓઇલ ૩,૫૦૦થી ૪,૦૦૦ રૂપિયામાં વેચતો હતો આરોપી

નવી મુંબઈઃ નવી મુંબઇ પોલીસે 'ડ્રગ-ફ્રી એજ્યુકેશનલ કેમ્પસ' અભિયાન હેઠળ ઐરોલીથી ૩૬ વર્ષના ડ્રગ પેડલરની ધરપકડ કરી હતી, જે કોલેજિયનોને ટાર્ગેટ કરતો હતો. આરોપી પાસેથી હૅશ ઓઇલ સહિત ૪૧.૬૦ લાખ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હોઇ તે કોલેજિયનોને નાની બોટલોમાં હૅશ ઓઇલ ૩,૫૦૦થી ૪,૦૦૦ રૂપિયામાં વેચતો હતો.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧ની ટીમે ધરપકડ કરેલા ડ્રગ પેડલરની ઓળખ રોહિત પ્રદીપ મુથે તરીકે થઇ હતી. ઐરોલીના સેક્ટર-૨૦ ખાતેના શાંતિ મંદિર રોડ પર ક્રિકેટ ગ્રાઉન્ડ નજીક શનિવારે પેટ્રોલિંગ દરમિયાન પોલીસે શંકાને આધારે રોહિત મુથેને આંતર્યો હતો. તેની તલાશી લેવાતાં ૩૩.૮૦ લાખ રૂપિયાનું ૩૩૮ ગ્રામ હૅશ ઓઇલ તેમ જ ૭.૮૦ લાખનો ૭૮ ગ્રામ ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો મળી આવ્યો હતો. આરોપી વિરુદ્ધ રબાળે પોલીસ સ્ટેશનમાં નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટેન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. રોહિત મુથેને કોર્ટમાં હાજર કરાતાં તેને પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. તપાસ અધિકારીના જણાવ્યા અનુસાર આરોપી નાની બોટલોમાં હૅશ ઓઇલ કોલેજિયનોને વેચતો હતો અને ગૂગલ પે દ્વારા રૂપિયા સ્વીકારતો હતો. આ ડ્રગ્સનું સામાન્ય રીતે હુક્કા અથવા સિગારેટમાં તંબાકુ સાથે સેવન કરવામાં આવે છે.

તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે શુભમ પાટીલ અને યશ સોનાવણે નામના શખસે આરોપીને હૅશ ઓઇલ અને હાઇડ્રો ગાંજો સપ્લાય કર્યા હતાં. પોલીસ હવે બંને સપ્લાયરની શોધ ચલાવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યુ છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**